## સ્વ. શાહ ઘેલાભાઈ અમરચંદ-અમદાવાદ




જન્મ: સં. ૧૯૩૮
શ્રાવણ વદ ૧૦

સ્વર્ગવાસ સં. ૨૦૧૦
ચૈત્ર શુદ ૧૩
તા. ૧૫ એપ્રીલ

ગંગાસ્વરૂપ સ્વ. શ્રી મણીબેન-અમદાવાદ

( સ્વ. શેઠ વેલાભાઈ અમરચંદના ધર્મપત્ની )



જન્મ: સં. ૧૯૩૯

સ્વર્ગવાસ: સં. ૨૦૧૫
ચૈત્ર શુદ ૮
તા. ૧૫ એપ્રીલ

# શ્રી ઘેલાભાઇ અમરચંદની
# ટુંક જીવન રેખા

ગુજરાતના પાટનગર અમદાવાદમાં, પ્રતિષ્ઠિત શેઠ પાનાચંદ ઝવેરચંદના કુટુંબના શ્રી અમરચંદ ખેમચંદને ત્યાં સંવત ૧૯૩૮માં શેઠ ઘેલાભાઈનો જન્મ થયો હતો. તેમનું કુટુંબ ધનિક હતું, એટલું જ નહિ પણ ધર્મિષ્ઠ પણ હતું. તેઓ શ્રીમંતાઈમાં જન્મ્યા હતા એમ કહેવાની સાથે એમ પણ કહેવું પડે કે તેઓ ધર્મ લઈને જન્મ્યા હતા. જો કે જીવનના છેડા સુધી તેમની શ્રીમંતાઈ ટકી ન હતી પણ ધર્મ તો ટકી રહ્યો હતો; બલકે જીવનના છેડે ઝળકયો હતો.

તેઓ છ બહેનો વચ્ચે એક ભાઈ હતા. તેમના મોટા બહેન તે દરીયાપુરી સંપ્રદાયના મોટા વિજકોરબાઈ મહાસતી. તે જમાનામાં કેળવણી ઘણી ઓછી હતી. શ્રી ઘેલાભાઈ મેટ્રીક પાસ થયેલ, તેથી જ્ઞાતિ તરફથી તેમને માનપત્ર મળેલ. અમદાવાદ, મુંબઈ, સુરત, વઢવાણકેમ્પ વગેરે સ્થળે તેમની પેઢીઓ ચાલતી.

૧૮ વર્ષની ઉંમરે તેમના પિતાશ્રી ગુજરી જતાં પોતે ધંધામાં પડયા. સ્વભાવે સરળ, ઉદાર અને વિશ્વાસુ હોઈ, સમય જતાં ધંધામાં ખોટ ગઈ, તેથી તેઓ એડવર્ડ મીલમાં સેક્રેટરી તરીકે જોડાયા. બાદ ૨૦ વર્ષ નિવૃત્ત ધાર્મિક જીવન ગાળ્યું. તેઓશ્રી પાનાચંદ ઝવેરચંદ ટ્રસ્ટ ઉપાશ્રયના વહિવટદાર હતા.

તેમના પત્ની મણીબેન સાત ભાઈઓ વચ્ચે એકજ બહેન હતાં. પણ પતિને ધાર્મિક સામાજિક દરેક કાર્યમાં હિંમત આપનાર હતા. તેઓ ધ્રાંગધ્રા સ્ટેટના કારભારી શ્રી સુરચંદ હેમચંદ દફતરીને ત્યાં જન્મ્યાં હતા. ધાર્મિકવૃત્તિ, ઉદારતા, સરલપણું વગેરે ઉમદાગુણો ધરાવતા. તેમની અંત સમયની ધર્મભાવના બહુ ઉચ્ચ કોટિની હતી.

તેમને ત્રણ પુત્રો હતા. જે પૈકી હાલ શ્રી હિંમતભાઈ મીલ-સ્ટોરનું બીઝનેસ કરે છે. બે પુત્રીઓ તળીયાની પોળમાં સારા સ્થળે પરણાવેલ છે આ આખુંયે કુટુંબ ધર્મ સંસ્કારી હોઈ ધાર્મિક ક્ષેત્રે સુંદર ફાળો આપે છે. આવા ધર્મનિષ્ઠ સજ્જન અને સન્નારીનું નામ આ ધાર્મિક પુસ્તકમાં જોડવું એ એક ગૌરવવંત બીના છે.

જીવણલાલ સંઘવી

---

## માતૃદેવો ભવ! પિતૃદેવો ભવ!!

દેવોને પણ દુર્લભ એવો માનવ દેહ અર્પનાર, જન્મદાતા માતાપિતાને કેમ વિસરાય? સંતાનના વિકાસ માટે સતત્ ચિંતા કરનાર, જગતના ત્રિવિધ તાપ સામે છત્રછાયા રૂપ, મા બાપની લાગણીનું માપ કોઈ કાઢી શક્યું છે! જગતના ધર્મો કહે છે કે, મહાપાપી જીવ પણ જો માત્ર મા બાપની સેવા કરે તો તે, દેવતાનું ૬૦,૦૦૦ વર્ષનું આયુષ્ય બાંધે છે. એવા પરમ સ્વરૂપ મા બાપ પ્રત્યેનું સંપૂર્ણ ઋણ આ જીવથી કદી પણ અદા થઈ શકે તેમ નથી.

મારા સ્વ. પૂજ્ય માતાપિતાનું સ્મરણ પ્રગટ કરી કંઈક અંશે ઋણમુક્ત થવાની અભિલાષા હતી, તેવામાં ભાઈ જીવણલાલ સંઘવીની મુલાકાત થઈ. તેમને તેમના સ્થાનકવાસી જૈન પત્રની વાર્ષિક ભેટ પ્રગટ કરવાની તૈયારી ચાલતી હતી, તેથી મારી લાગણી પ્રગટ કરવાની મને તક મળી. શ્રી જીવણલાલ સંઘવીએ સંમતિ દર્શાવી અને એ રીતે જૈન સમાજમાં વાર્તા–સાહિત્ય દ્વારા જીવનનો વિકાસ કરવાની પ્રેરણારૂપ પ્રસિદ્ધ થતા આ પુસ્તકમાં હું મારા સ્વર્ગસ્થ માતાપિતાની સ્મૃતિ પ્રસિદ્ધ કરી કંઈક અંશે ઋણમુક્ત થઈશ એવો સંતોષ અનુભવું છું.

સારંગપુર, તળીયાની પોળ
અમદાવાદ
તા. ૩૦–૭–૫૯

ભવદીય
હિંમતલાલ ઘેલાભાઈ શાહ

# ૧—મહાસતી સીતા

પૂર્વે મિથિલા નામની નગરીમાં જનકરાજા રાજ્ય કરતો હતો. તેને વિદેહા નામે રાણી હતી. અદ્યાપિ રાણીને કંઈ સંતાન થયું ન હોવાથી રાજારાણી બંને બહુ ઉદાસ રહેતા. જેમ રાત્રિ પછી દિવસ અને દિવસ પછી રાત્રિ એ કુદરતનો નિયમ છે, તેમ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ પણ કાળનો મહિમા છે. એ અનુસાર વખત જતાં રાણીને ગર્ભ રહ્યો; અને ગર્ભ કાળના નવ માસ વ્યતિત થતાં વિદેહા રાણીએ એક પુત્ર અને એક પુત્રી એમ એકી સાથે બે બાળકોને જન્મ આપ્યો. રાજ્યમાં સર્વત્ર આનંદ છવાઈ રહ્યો. રાજા અને રાણીના આનંદની તો પરિસીમા જ ન રહી. પરંતુ રાજારાણીના આ આનંદની વિધિને જાણે અદેખાઈ આવી હોય તેમ એકાએક રાણીનો આનંદ અદ્રશ્ય થઇ ગયો. અને તેની જગ્યાએ ચિંતા અને શોકની છાયા છવાઈ ગઈ. આથી રાણી દુઃખિત મને આક્રંદ-વિલાપ કરવા લાગી. આમ થવાનું કારણ એ હતું કે રાણીએ પ્રસવેલો પુત્ર એકાએક ત્યાંથી ગુમ થઇ ગયો હતો. પૂર્વભવના કોઇ એક વૈરી દેવે રાણીની સમીપમાં રહેલા આ બાળપુત્રનું હરણ કર્યું અને તેને લઈ જઈને વૈતાઢ્ય પર્વત પર વસેલા ચંદ્રગતિ નામના વિદ્યાધરના બગીચામાં તેણે આ કુમારને મૂક્યો. ચંદ્રગતિ રાજાને પુત્ર ન હોવાથી તેણે આ બાળકુમારને પોતાની પાસે રાખ્યો અને તેનું પુત્રવત્ પાલન કરવા લાગ્યો.

કુમાર ગુમ થયાની વાત જ્યારે જનકરાજાએ જાણી ત્યારે તેના શોકનો પારજ ન રહ્યો. કુમારની શોધખોળ માટે તેણે ચોતરફ માણસો દોડાવ્યા; પણ કયાંય તેનો પત્તો ન લાગવાથી રાજા હતાશ બન્યો અને ભાગ્યદેવીને દોષ આપી માત્ર પુત્રી–સુખમાંજ આનંદ માની સમય વિતાવવા લાગ્યો.

આ પુત્રીનું નામ સીતા. સીતા એટલે સાક્ષાત ઉર્વશીનો જ અવતાર, રૂપરૂપનો અંબાર. સીતાનું સૌંદર્ય જોઈ સર્વ કોઈ કહેતા કે આ સ્ત્રીરત્નને ઘડવા માટે વિધાત્રાને કેટલો પરિશ્રમ વેઠવો પડયો હશે! ખરેખર, વિધાત્રા જો આવું રૂપ ફરી ઘડવા બેસે, તો આના જેવી સર્વાંગ સુંદર અને સુમનોહર આકૃતિ બનાવી શકે જ નહિ.

સીતા દિવસે ન વધે એટલી રાત્રીએ વધે, અને રાત્રીએ ન વધે તેટલી દિવસે વધે. થોડા સમયમાં સીતા બાલ્યાવસ્થા વીતાવી કૌમાર્યાવસ્થાને પામી; એટલે તેને વિદ્યાચાર્ય પાસે ધાર્મિક, નૈતિક, વ્યાવહારિક ઇત્યાદિ સર્વ પ્રકારની કેળવણી આપવામાં આવી. સીતા સુંદરતામાં જ શ્રેષ્ઠ હતી, એટલુંજ નહિ પણ ગુણમાં પણ તે સર્વોત્તમ હતી. સત્ય, દયા, ક્ષમા, પરોપકાર, શિયળ આદિ ઉચ્ચ ગુણો તેનામાં વિકાસ પામ્યા હતા. સીતા ઉમર લાયક થઈ હતી, એટલે જનકરાજાને તેના લગ્ન માટે ફીકર થવા લાગી. તેનો વિવાહ સંબંધ જોડવા માટે જનક રાજાએ ઘણી તપાસ કરવા માંડી; પણ હજુ સુધી તેને યોગ્ય કોઈ રાજકુમાર જોવામાં આવ્યો નહિ, તેથી તેની ચિંતામાં વૃદ્ધિ થવા લાગી.

તેવામાં બર્બર દેશના મ્લેચ્છ રાજાઓ જનકરાજાના

રાજ્ય પર ચડી આવ્યા અને ગરીબ પ્રજાને લુંટ, ચોરી વગેરેથી રંજાડવા લાગ્યા. જનકરાજા તે મ્લેચ્છોનો ત્રાસ અટકાવવા તેમની સામે થયો; પરંતુ તે ફાવી શકયો નહિ, તેથી તેણે પોતાની પાડોશના અયોધ્યા નગરીના રાજા દશરથને પોતાની મદદે આવવા દૂતદ્વારા કહેણ મોકલાવ્યું. જવાબમાં રાજા દશરથે દૂતને જણાવ્યું કે જનકરાજાને કહેજો, કે હમણાંજ હું લશ્કર લઇને તમારી મદદે આવી પહોંચું છું. દુષ્ટ જનોને દંડ દેવો તે અમારો ધર્મ છે. વળી જનકરાજા મ્હારા મિત્ર છે. તેમને મદદ કરવી તે શી મોટી વાત છે! જો અન્ય કોઇ હોય તોપણ સંકટ સમયે સહાય કરવી એ અમારી ફરજ છે. સંદેશો લઇ દૂત જનકરાજા પાસે આવ્યો અને સર્વ હકીકત કહી.

આ તરફ દશરથ રાજાના પુત્ર શ્રી રામચંદ્રજીને આ વાતની ખબર પડી, એટલે લશ્કર લઈ પોતે મિથિલા જવાનું પિતાને કહ્યું. રાજા દશરથે આનાકાની કરવા માંડી, પરંતુ રામચંદ્રજી અને લક્ષ્મણનો અતિશય આગ્રહ જોઇને તે બંનેને મોકલવાની દશરથ રાજાને ફરજ પડી. રામચંદ્રજી મિથિલા ગયા અને પોતાના અદ્ભુત બળથી મ્લેચ્છોનો પરાજય કરી તેમને નસાડી મૂકયા. શ્રી રામચંદ્રજીનું પરાક્રમ જોઈ જનકરાજા ખૂબ પ્રસન્ન થયા. થોડા દિવસના સહવાસથી રામચંદ્રજીના ગુણ, રૂપ, બુદ્ધિ વગેરેની જનકરાજાને ખાત્રી થઇ. તેથી સીતાદેવીનો વિવાહ–સંબંધ શ્રી રામચંદ્રજી સાથેજ કરવાનો તેણે નિશ્ચય કર્યો. સીતાદેવીએ પણ રામચંદ્રજીને સર્વગુણ-સંપન્ન ધારી પોતાનું હૃદય શ્રી રામને ચરણે સોંપી દીધું.

રામચંદ્રજી રજા લઈ અયોધ્યા નગરીમાં પાછા ફર્યા. રાજા જનક સુખપૂર્વક રાજ્ય ચલાવવા લાગ્યો.

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ સીતાજીનું યૌવન વધુ ને વધુ ખીલતું ગયું. તેમના એકેએક અવયવો વિકાસ પામ્યા અને સુંદરતાની પરાકાષ્ટાએ પહોંચ્યા. ઠેરઠેર સીતાજીના રૂપ ગુણના વખાણ થવા લાગ્યા. આ વાતની નારદજીને ખબર પડી એટલે તેઓ સીતાને જોવા માટે મિથિલા નગરીમાં આવ્યા અને સીધા સીતાજીના મહેલમાં પેઠા. આ વખતે સીતાજી એકલાજ હતા. નારદની પીળી આંખો, પીળા વાળ, પીળાં વસ્ત્રો, લટકતી ચોટલી અને લંગોટી જોઇને સીતા ગભરાયા અને ભયભીત બનીને બૂમ પાડી ઉઠયા. સીતાજીની કારમી બૂમ સાંભળી આસપાસથી દાસીઓ ત્યાં દોડી આવી. આ વિચિત્ર પુરૂષને જોઈ સઘળી દાસીઓ 'રોયા પીટયા' કહીને શોરબકોર કરવા લાગી. કોઇએ નારદનો કાન પકડયો, કોઇએ તેની ચોટલી ખેંચવા માંડી, કોઇએ તેનું ગળું પકડયું, કોઇએ મુક્કીઓ મારવા માંડી. આ દ્રશ્ય જોઇને નારદજીને ત્યાંથી નાસવું ભારે થઈ પડયું; પણ અંતે ખૂબ જોર કરીને નારદ ત્યાંથી છુટયા અને ઉડીને વૈતાઢય પર્વત પર આવી પહોંચ્યા.

પોતાની આવી દયાજનક દશા થઈ હોવાથી નારદને ખૂબ ક્રોધ ચડયો અને કોઇ રીતે સીતાનું વેર લેવાનો નિશ્ચય કર્યો. તેમણે સીતાજીનું એક આબેહુબ ચિત્ર બનાવ્યું. અને તે લઇને ચંદ્રગતિ રાજાના પુત્ર ભામંડળના મહેલમાં નારદે પ્રવેશ કર્યો. આ ભામંડળ તે જનક રાજાનો પુત્ર! જેને દેવે વિદેહા રાણીની ગોદમાંથી ઉપાડી ચંદ્રગતિ

વિદ્યાધરના બગીચામાં મૂકયો હતો. ભામંડળે નારદનો સત્કાર કર્યો એટલે નારદે તક જોઇને સીતાજીની ચિત્રેલી છબી ભામંડળને બતાવી. છબી જોતાંજ ભામંડળ મોહાંધ બન્યો અને મૂર્છાગત થઇને નીચે ઢળી પડયો. થોડીવારે સાવધ થતા તેણે નારદજીને 'આ છબી કોની છે' તે પૂછયું. નારદે જણાવ્યું:–ભામંડળ! મિથિલા નગરીના રાજા જનકની આ પુત્રી છે. અને તેનું નામ સીતા. આખી દુનિયાની સુંદરતા ભેગી કરવામાં આવે, તો પણ સીતાની સુંદરતાની હરિફાઇ થઇ શકે નહિ! આ છબી ઉતાવળમાં મેં જેમતેમ આલેખી છે, પણ સાક્ષાત તેનું સ્વરૂપ જોયું હોય તો ઘડી ભર ઉર્વશી કે રંભાને પણ લજ્જાયમાન થવું પડે! તું મ્હારો સ્નેહી છે, તેથીજ તને બતાવવા સારું હું આ છબી અહિં તારી પાસે લઇ આવ્યો છું. જેના પરમ ભાગ્ય હોય તે જ આ સ્ત્રીનો પતિ થઈ શકે. એટલું બોલી નારદ ત્યાંથી પલાયન થઈ ગયા. ભામંડળની મુખાકૃતિ એકદમ મ્લાન બની ગઇ. સીતાને મેળવવાના સ્વપ્ના સેવતો ભામંડળ શોક અને ચિંતામાં ગરકાવ થઇ ગયો. રાજા ચંદ્રગતિએ ભામંડળની શોકમુદ્રા જોઇને તેને ઉદાસીનતાનું કારણ પૂછયું. દીર્ઘકાળ મૌન રહીને આખરે સત્ય હકીકત કહેવાની ભામંડળને ફરજ પડી. પુત્ર–પ્રેમને વશ થઈ ચંદ્રગતિએ સીતાએ મેળવી આપવાનું વચન આપ્યું.

બીજે દિવસે ચંદ્રગતિએ પોતાના એક વિદ્યાધર મારફત રાતોરાત જનકરાજાને પલંગ સહીત ઉપડાવી પોતાના મ્હેલમાં મૂકાવ્યો. પ્રાતઃકાળ થતા જનકરાજા જાગૃત થયો.

આસપાસ નજર કરતાં આશ્ચર્ય સાથે તે બોલી ઉઠયો:–અહા! આ શું? સત્ય કે સ્વપ્ન! પાછળ ઉભેલા ચંદ્રગતિએ કહ્યું:–મહારાજા ગભરાશો નહિ. સ્વપ્ન નથી પણ સત્ય છે. એક અગત્યના કામ સારૂ મેં તમને મારા વિદ્યાધર મારફત અહિં ઉપડાવી મંગાવ્યા છે. હું વૈતાઢય પર્વતનો વિદ્યાધર રાજા છું. મારા પુત્ર ભામંડળ સાથે તમારી પુત્રી સીતાનો લગ્ન સંબંધ જોડી આપવા માટે જ મેં તમને અહિં બોલાવ્યા છે.

'એટલે? શું હું મારી ગુણીયલ પુત્રીને તમારા ભામંડળ સાથે પરણાવું? હરગીજ નહિ.' જનક રાજાએ ક્રોધપૂર્વક જણાવ્યું.

ચંદ્રગતિ બોલ્યો:–જનકરાજા, વિચારપૂર્વક બોલો. મારી માગણી સ્વીકારશો તો તમે સુખી થશો; નહિતો જેવી રીતે મેં તમને અહિં ઉપડાવી મંગાવ્યા, તેવીજ રીતે હું મ્હારી વિદ્યાના બળે તમારી પુત્રી સીતાને પણ લાવી શકું તેમ છું. માટે બળાત્કારે માનવું પડે તે કરતાં ખુશીથી માની જાવ તો વધારે સારૂં છે.

મહારાજા, ભલે તમે સીતાને બળાત્કારે અહિં લાવો; પણ સીતા એક વીર ક્ષત્રિયાણી છે. તમારી અયોગ્ય માગણીનો તે કદી સ્વીકાર કરેજ નહિ. કેમકે તેણે પોતાનું હૃદય દશરથ રાજાના પુત્ર શ્રી રામચંદ્રજીને સોંપ્યું છે, એટલે ગમે તેટલો જુલ્મ તમે તેના પર કરવા ધારશો, તથાપિ તે વીરપુત્રી તમારી ઇચ્છાને પ્રાણાંતે પણ તાબે નહિ થાય. તે પવિત્રતાની દેવીને સતાવીને તમે સાર નહિ કાઢો. સમજ્યા?

જનકરાજાના આ શબ્દોથી ચંદ્રગતિ વિચારમાં પડી ગયો. બીજો વિચાર તેને યાદ આવતાં તે બોલ્યો. જનકરાજા, હું એમ માનું છું કે વીર પિતાની વીર પુત્રીઓ તેનેજ પરણી શકે, કે જે પરાક્રમી અને બહાદુર હોય, તો હું કહું તેમ કરશો ?

ઘણી ખુશીથી. શો હુકમ છે ? જનકે જણાવ્યું. ચંદ્રગતિએ કહ્યું: જુઓ હું તમને આ ધનુષ્ય આપું છું. તેને બળદેવ અને વાસુદેવ જ ઉપાડી શકે. તમે સ્વયંવર રચો, અને દરેક દેશના રાજાને નોતરી જણાવી ઘો કે જે કોઈ આ ધનુષ્ય તોડશે તેને હું મારી પુત્રી સીતા પરણાવીશ. જનકરાજા કબુલ થયો.

× × × ×

સ્વયંવર મંડપ તૈયાર થઈ ગયો છે. હજારો દેશના રાજાઓ સીતાને પરણવા સ્વયવર મંડપમાં આવી પહોંચ્યા છે. રામચંદ્રજી અને લક્ષ્મણજી દશરથ રાજાની આજ્ઞા લઈને આવ્યા છે. સીતાના ઉદ્વેગનો પાર નથી. કેમકે તેને ડર છે કે રખેને અન્ય કોઈ રાજા ધનુષ્ય ઉપાડે.

સીતાજી હાથમાં પુષ્પનો હાર લઈ સ્વયંવર મંડપમાં સખીઓ સાથે આવી ઉભા છે. એક પછી એક રાજાઓ સમય થતાં ઉભા થઈ ધનુષ્ય ઉપાડવા જાય છે, પરંતુ કોઈ પણ રાજા તે ધનુષ્યને ઉંચકી શકવા સમર્થ થતો નથી. છેવટે રામચંદ્રજી તે ધનુષ્યને ઉપાડે છે અને સીતાજી હસતાં વદને રામચંદ્રજીના કંઠમાં પુષ્પહાર પહેરાવે છે. સભામંડપ જય જય શબ્દના ધ્વનિથી ગાજી ઉઠે છે. તમામ રાજાઓ

અને ભામંડળની ઈર્ષ્યામાં વધારો થાય છે. પરંતુ તરતજ એક જ્યોતિષીદ્વારા ભામંડળને કહેવામાં આવે છે કે ભામંડળ, સીતા એ ત્હારી સગી બ્હેન છે. ત્યારે ભામંડળ ખૂબ પસ્તાય છે, અને પોતાની બ્હેન પર કરેલ કુદૃષ્ટિ માટે તેની માફી માગે છે; અને તેને ખૂબ પહેરામણી આપે છે. સીતા રામચંદ્રજી સાથે લગ્નથી જોડાય છે. થોડાક દિવસ રહીને રામચંદ્રજી સીતા સાથે અયોધ્યા નગરીમાં આવી પહોંચે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે કરેલાં કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. રાજા દશરથને પણ એમજ થયું. આંધળાં માબાપના શ્રવણ નામના એકના એક પુત્રનું અજાણ્યે બાણ મારી મૃત્યુ નીપજાવી દશરથે તે વૃદ્ધ માબાપને પુત્રનો વિયોગ કરાવ્યો હતો. બદલામાં તે વૃદ્ધોએ દશરથને શ્રાપ આપેલો કે–તેં જેમ અમને અમારા પુત્રનો વિયોગ કરાવ્યો, તેવીજ રીતે તને પણ ત્હારા પુત્રનો વિયોગ થશે ! તે વિયોગ દશરથને બરાબર આ વખતે જ થવાનો હતો. દશરથ રાજા વૃદ્ધ થયા હતા, તેથી અયોધ્યા નગરીની રાજ્યગાદી પર શ્રી રામચંદ્રજીને બેસાડવાનું દશરથે નક્કી કર્યું. પરંતુ 'ન જાણે જાનકીનાથ સવારે શું થવાનું છે' એ મુજબ રામચંદ્રજીને પ્રાતઃકાળે ગાદીપર બેસાડવાના છે તે વાત દશરથ રાજાની રાણી કૈકેયીના જાણવામાં આવી, એટલે કૈકેયીને અદેખાઈ થઈ કે મ્હારા પુત્ર ભરતને રાજ્ય મળવું જોઈએ. રાજા દશરથે અગાઉ રણસંગ્રામ વખતે કૈકેયીએ રાજાનો રથ પોતાની આંગળી વતી ચલાવ્યો હતો અને રાજાને સંકટમાં સહાય કરી હતી, તેથી કૈકેયી પર પ્રસન્ન થઈ, તેને બે વચન માગવાનું કહ્યું હતું.

તે પ્રમાણે આજે બરાબર સમય જોઈને કૈકેયી દશરથ રાજા પાસે આવી અને બે હાથ જોડી નમ્રતાથી બોલી:-મહારાજા, આપે મને અગાઉ આપેલાં બે વચન મ્હારે અત્યારે માગવા છે. આપ કહો તો માગી લઉં.

રાજા દશરથે કહ્યું. ભલે, જેવી તમારી ઇચ્છા. માગી લ્યો. કૈકેયી બોલી:-પ્રાણનાથ! શ્રી રામચંદ્રજીને વનવાસ અને મ્હારા પુત્ર ભરતને રાજ્યગાદી. તે પ્રમાણે બે વચન પળાવાં જોઈએ. આ સાંભળતાંજ દશરથ રાજા, અન્ય રાણીઓ અને સૌ કોઈ આશ્ચર્યચકિત થયાં, અને કૈકેયીને ધિક્કારવા લાગ્યાં. ક્ષત્રિયોએ આપેલું વચન મિથ્યા ન થવું જોઇએ. પણ રામચંદ્રજીને વનવાસ કેમ અપાય, એ વિચારે દશરથ રાજા મુંઝવણમાં પડયા.

પિતાનું દુઃખ જોઇ શ્રી રામચંદ્રજીએ શરત મુજબ વચન પાળવાનું અને પોતે ખુશીથી વનવાસ સ્વીકારવાનું કબુલ કર્યું. પ્રજાજનોના આક્રંદ અને વિલાપની વચ્ચે શ્રી રામચંદ્રજીએ રાજ્ય વૈભવનો ત્યાગ કર્યો અને વનવાસ જવા તૈયાર થયા. લક્ષ્મણ પણ તેમની સાથે થયા.

પતિ વનવાસના દુઃખ સહન કરે અને સતી સ્ત્રી શું રાજ્ય મહાલયમાં સુખ માણે? એ વિચારે સીતાજીનું હૃદય ખૂબ મુંઝાવા લાગ્યું. તેઓ માતા કૌશલ્યા પાસે આવ્યા, અને પતિ સાથે વનમાં જવાની રજા માગી. સાસુ કૌશલ્યાએ સીતાને ઘણું સમજાવ્યા, પણ સીતાજી એકના બે ન થયા. રામચંદ્રજીએ પણ સીતાને રાજ્યમાં રહેવા આગ્રહ કર્યો. પણ સીતાએ તો જણાવી દીધું કે જ્યાં પતિ ત્યાં જ સતી.

પતિ વિયોગની એક ક્ષણ પણ મ્હારા માટે મૃત્યુ સમાન છે, માટે કૃપા કરી મ્હને સાથે લ્યો. અંતે સીતાજીની સ્નેહાળ મૂર્તિ, નમ્ર અને દીનતા ભર્યાં વચનોથી રામચંદ્રજીનું હૃદય પીગળ્યું, અને સીતાજીને સાથે લીધાં. ગામલોકો ભાગોળ સુધી વળાવી પાછા વળ્યા. રામચંદ્રજી, લક્ષ્મણ અને સીતા પ્રજાને શાંતિનો સંદેશ પાઠવી વનવાસને પંથે પડ્યા. તરત રાજા દશરથ મૂર્છાગત બની મૃત્યુને શરણ થઈ ગયા.

અનેક પહાડ પર્વતો વટાવતાં, કાંટા કાંકરા ખુંદતાં ત્રણે જણાં ચાલતાં ચાલતાં કેટલાક દિવસો બાદ દંડકારણ્યમાં આવી પહોંચ્યા. ત્યાં એક પર્ણકુટી બાંધી તેમાં વાસ કર્યો અને ફળફળાદિ ખાઈને ત્રણે જણાં પ્રભુ ભક્તિમાં સમય વ્યતીત કરવા લાગ્યા.

લંકા નગરીના રાજા રાવણની બ્હેન સુરપંખાને શંબુક નામે પુત્ર હતો. તે સૂર્યહાસ નામના ધનુષ્યની સાધના કરવા માટે તપ કરવા દંડકારણ્યમાં આવ્યો હતો. આ તપ બાર વંર્ષ અને સાત દિવસ કરવાથી વિદ્યા સાધ્ય થઈ શકે છે. શંબુકને તપ કરતાં બરાબર બાર વર્ષ અને છ દિવસ પસાર થયા હતા. માત્ર એકજ દિવસ બાકી હતો. બાર બાર વર્ષ સુધીની ઘોર તપશ્ચર્યાને લીધે શંબુકનું શરીર હાડકાંના માળા જેવું થઈ ગયું હતું. અને તેની આસપાસ ચોમેર ઝાડીની ઘટા પ્રસરી ગઈ હતી. તે સમયે લક્ષ્મણ ફરતો ફરતો તે ઝાડીથી થોડેક દૂર આવી ઉભો હતો, તેવામાંજ સૂર્યહાસ નામનું ધનુષ્ય લક્ષ્મણ પાસે આવીને પડ્યું. લક્ષ્મણે જોવા સારૂં તે ધનુષ્ય પોતાના હાથમાં લીધું.

અને તેની અજમાયશ કરવા પેલી ઝાડી તરફ છોડયું. સૂર્યહાસ ધનુષ્ય સામેની ઝાડીને વીંધી શંબૂકના માથામાં આરપાર ઉતરી ગયું. પરિણામે શંબુકનું માથું ધડથી જુદું થઇ ગયું. લક્ષ્મણે પાછળથી ત્યાં જઈ તપાસ કરી તો એક ધ્યાનસ્થ યોગીનું માથું 'કપાઇ ગયેલું જોયું. આથી પોતે કરેલ સાહસ માટે લક્ષ્મણને ઘણોજ પશ્ચાતાપ થયો. તે શ્રી રામચંદ્રજી પાસે પર્ણકુટિમાં આવ્યો અને સઘળી વાત નિવેદન કરી. રામચંદ્રજીને પણ ઘણું દુઃખ થયું અને એક નિરપરાધી મનુષ્યના મૃત્યુ માટે ખેદ પ્રદર્શિત કર્યો.

આ તરફ રાવણની બહેન સુરપંખા પોતાના પુત્રના તપની મુદત પૂરી થતી હોવાથી હાથમાં ભોજનનો થાળ લઇ દંડકારણ્યમાં શંબુક પાસે આવી પહોંચી. શંબુકને મૃત્યુ પામેલો જોતાં જ તેના ક્રોધનો પાર રહ્યો નહિ. ખૂનીની તપાસ કરવા ફરતીફરતી તે રામચંદ્રજીની પર્ણકુટીમાં આવી પહોંચી. ત્યાં તેને ખાત્રી થઇ કે મ્હારા પુત્રનું ખૂન કરનાર આ બે જણાઓ જ છે, પણ જેવી જ તે રામચંદ્રજી અને લક્ષ્મણના મુખારવિંદ સામે દૃષ્ટિ કરે છે ત્યાંજ સુરપંખા આ બન્નેના રૂપ પર મોહ પામી. તેનો ક્રોધ ક્ષણભરમાં નાશ થઇ ગયો. અને પોતે નવયુવાન યુવતિ છે, સુસ્વરૂપા છે એમ કહી શ્રી રામચંદ્રજી અને લક્ષ્મણને પોતાનો પ્રેમ સ્વીકારવા માગણી કરી. લક્ષ્મણ અને રામે તેનો તિરસ્કાર કર્યો અને હડધૂત કરી કાઢી મૂકી. આથી સુરપંખા વધારે ક્રોધિષ્ટ બની, ત્યાંથી પોતાના ભાઇ રાવણ પાસે ચાલી ગઈ.

સુરપંખા રાવણ પાસે આવીને બોલીઃ હે ભાઇ, ત્હારો રાજ્યાધિકાર ત્રણ ખંડ ધરતી ઉપર પ્રવર્તે છે, છતાં ત્હારા ભાણેજ શંબુકનું ખૂન થાય એ શું તું સાંખી શકશે? માટે અત્યારે જ તું દંડકારણ્યમાં જા, અને ત્હારા ભાણેજનું ખૂન કરનાર રામ અને લક્ષ્મણને યોગ્ય દંડ આપી વેરનો બદલો લે. વળી વધુમાં તેમની પાસે સીતા નામની એક સુસ્વરૂપવાન સ્ત્રી છે. તેના જેવી સ્ત્રી ત્હારા અંતઃપુરમાં તો શું પણ છખંડ ધરતીમાં પણ મેં જોઇ નથી. તે સ્ત્રી બરાબર ત્હારૂં અંતઃપુર શોભાવે તેવી છે. માટે તેને તું અહીં લાવી ત્હારી પટરાણી બનાવ.

સુરપંખાના આ શબ્દોથી રાવણ ઉત્તેજિત બન્યો અને તરતજ પોતાના પુષ્પ નામના વિમાનમાં બેસી દંડકારણ્યમાં આવી પહોંચ્યો. દૂરથી નજર કરતાં લક્ષ્મણ પર્ણકુટીમાં ન હતો. શ્રી રામચંદ્રજી સીતાજીના ખોળામાં મસ્તક મૂકી સુતેલા હતા, એટલે પોતાની વિદ્યાના બળે જોઇને તેણે એક યુક્તિ શોધી કાઢી.

રાવણે ઘણે દૂર ઉભા રહીને લક્ષ્મણના જેવો સિંહનાદ કર્યો. સિંહનાદનો ઘોર અવાજ સીતા અને રામચંદ્રજીના કાને પડયો. રામચંદ્રજી સફાળે જાગી ઉઠયા. સીતાજીએ શ્રી રામને કહ્યુંઃ–સ્વામીનાથ, લક્ષ્મણજી સંકટમાં આવી પડયા લાગે છે, માટે જલ્દી તેમની મદદે જાવ. મ્હારી લેશમાત્ર પણ ચિંતા ન કરતા. સીતાજીના કહેવાથી જે દિશામાંથી અવાજ આવ્યો હતો તે દિશામાં રામચંદ્રજી દોડી ગયા. તેટલામાં તો રાવણે પુષ્પવિમાન ઉપાડી મૂકયું અને પર્ણકુટીમાં સીતાજી પાસે આવી

પહોંચ્યો. સીતાની સુંદર પ્રતિમા જોતાંજ તે મોહાંધ બની ગયો. વધુવાર ત્યાં રોકાવાનું રાવણે ઉચિત ધાર્યું નહિ, એટલે તરતજ તેણે સીતાજીને પર્ણકુટીમાંથી ઉંચકયા અને પોતાના વિમાનમાં નાખ્યાં. વિમાન આકાશ માર્ગે ઉડયું. સીતાજી દગો થયો માની કલ્પાંત કરવા લાગ્યા. વિમાનમાં રાવણે શાંત રહેવા અને પોતાની સાથે પ્રેમ કરવા સીતાજીને કહ્યું. સતી સીતાએ કઠોર શબ્દોથી રાવણનો તિરસ્કાર કર્યો. વિમાન લંકાનગરીમાં આવી પહોંચ્યું. રાવણે સીતાજીને અશોક વાટિકામાં મૂકયા. અને તેમને સમજાવવા માટે કેટલીક રાક્ષસણીઓને મૂકી. સીતાજી શ્રી રામચંદ્રજીનું સ્મરણ કરતાં અને રામચંદ્રજીની સંભાળ ન મળે ત્યાંસુધી અન્ન નહિ લેવાનો નિશ્ચય કરી દિવસો નિર્ગમન કરવા લાગ્યા.

રાવણ થોડા થોડા દિવસોને અંતરે સીતાજી પાસે આવવા લાગ્યો. પરંતુ રાવણની અયોગ્ય માગણીનો સતીએ એવો તો સજ્જડ જવાબ વાળ્યો કે ફરી રાવણ સીતાજીની પાસે આવવાનું ભૂલી ગયો. રાવણની દમદાટી સામે સીતાજીએ જીભ કચરી મરી જવાનું કહ્યું. પરંતુ વીર ક્ષત્રિયાણીઓ પ્રાણાંતે પણ શિયળને છોડી શકશે નહિ એવા નિશ્ચયાત્મક શબ્દોથી રાવણ ઠંડોગાર થઈ ગયો. રાવણે સીતાને મનાવવા અનેક સ્ત્રીઓને મોકલવા માંડી, પણ તે સર્વ કુટણીઓનો સીતાજીએ તિરસ્કાર કર્યો. રાવણની સ્ત્રી મંદોદરીએ રાવણને 'સીતા એક પરમ પવિત્ર દેવી છે' માટે તેને નહિ સતાવવાનો બોધ કર્યો, પરંતુ 'કામાંધો નૈવ પશ્યતિ' એ સૂત્રાનુસાર રાવણે ગણકાર્યું નહિ.

× × × ×

આ તરફ રામ અને લક્ષ્મણ બંને ભાઈઓ મળ્યા ત્યારે તેમણે જાણ્યું કે સિંહનાદ લક્ષ્મણે ન્હોતો કર્યો, પરંતુ કોઈ દુષ્ટે દગો કર્યો હોય તેમ જણાય છે. બંને ભાઈ પર્ણકુટિમાં પાછા આવ્યા. ત્યાં તેમણે સીતાજીને જોયા નહિ એટલે શ્રીરામને ધ્રાસકો પડયો. બંનેને ખાત્રી થઈ કે ખરેખર દગોજ થયો છે. અને સીતાજીને કોઇ દુષ્ટ ઉપાડી ગયો છે. બંને ભાઈ ખૂબ રડયા. અને હવે સીતાજીની શોધ કેવી રીતે કરવી તેની ફીકરમાં પડયા.

આખરે સુગ્રીવની મદદથી હનુમાનને સીતાજીની શોધમાં મોકલ્યા. હનુમાને લંકામાં સીતાજીનો પત્તો મેળવ્યો. ખાત્રી માટે શ્રી રામચંદ્રજીની સુવર્ણ મુદ્રિકા તેણે બતાવી એટલે સીતાજીને ખાત્રી થઈ અને તેમણે ૨૧ દિવસે આહાર પાણી લીધાં. સીતાજીએ પોતાનો ચુડામણિ નિશાની તરીકે હનુમાનને આપ્યો. હનુમાન સીતાજીને સાન્ત્વન આપી થોડા દિવસમાં લશ્કર લઈ આવી પહોંચવાનું કહીને શ્રી રામચંદ્રજી પાસે આવ્યો અને સઘળી હકીકત કહી.

* * * *

રામ અને રાવણ યુદ્ધે ચડયા. રાવણના ભાઈ વિભિષણે લડાઇ નહિ કરવા અને સીતાજીને પાછી સોંપવા રાવણને ઘણું સમજાવ્યો, છતાં તે માન્યો નહિ. તેથી વિભિષણ રામને શરણે ગયો. બંને વચ્ચે રણસંગ્રામ મંડાયો. લક્ષ્મણના એકજ બાણે રાવણ ઘવાયો અને મૃત્યુ પામ્યો. રામચંદ્રજીના લશ્કરે દુશ્મનના લશ્કરને હરાવી શહેરમાં પ્રવેશ કર્યો. રામ-

ચંદ્રજી સીતાજીને મળ્યા. સીતાજી શ્રીરામને ચરણે પડયા અને સુખદુઃખના આંસુ સાર્યાં. શ્રી રામચંદ્રજીએ લંકાની ગાદી પર વિભિષણને બેસાડયો, અને વનવાસની મુદત પૂરી થઈ હોવાથી સીતાજી સાથે અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો. પ્રજાજનોમાં આનંદના પૂર રેડાયાં. રામચંદ્રજી અયોધ્યા નગરીના રાજ્યાસને બીરાજ્યા.

રામચંદ્રજી પ્રજા પાલક અને ન્યાયી રાજા તરીકે પંકાયા. પ્રજાના સુખદુઃખ સાંભળવા તેઓ રોજ રાત્રે નગર ચર્ચા જોવા નીકળતા. એક રાત્રે તેઓ ધોબીના ઘર પાસે ઉભા રહી નગર ચર્ચા સાંભળતા હતા. તે વખતે ધોબણ પાડોશીને ત્યાં બેસવા ગઈ હતી. અને જ્યારે તે ઘેર આવી ત્યારે ધોબી તેના પર ખૂબ ગુસ્સે થયો અને ધોબણને બહાર ગયા બદલ માર મારવા લાગ્યો. ત્યારે ધોબણ ગુસ્સામાં ને ગુસ્સામાં બોલીઃ–રાજા રામચંદ્રજીની રાણી સીતા રાવણને ત્યાં છ મહીના રહ્યાં, છતાં રામ કંઈ બોલ્યા નહિ, અને હું તો થોડીવાર પાડોશીને ત્યાં બેસવા ગઈ તેમાં તમે મને કાઢી મુકવાની ધમકી આપો છો, એ કયાંનો ન્યાય! જવાબમાં ધોબી બોલ્યોઃ રામચંદ્રજી તો સ્ત્રીના ગુલામ છે. હું તેવો નથી. સંમજી? બસ, એકજ લોકાપવાદ રામચંદ્રજીના હ્રદયમાં આરપાર ઉતરી ગયો. બીજે દિવસે પણ એવો જ બનાવ બન્યો. રામચંદ્રજીએ નગરજનોને મોઢે સાંભળ્યું. 'સીતાજી છ મહિના રાવણને ત્યાં રહ્યાં તો તે કદાપિ શુદ્ધ હોઈ શકેજ નહિ.' ખરેખર રામચંદ્રજી પ્રજાપાલક કહેવાય છે; પણ તેમને ત્યાં જ અંધેર! રામચંદ્રજીની શંકાને પુષ્ટિ મળી. સીતાજીનું પૂર્વકર્મ ઉદય

આવવાનું હતું, એટલે રામચંદ્રજીએ બીજેજ દિવસે સીતાજીને કાઢી મુકવાનો નિશ્ચય કર્યો.

એક રથ મંગાવવામાં આવ્યો. તેમાં સીતાજીને બેસાડયા અને યાત્રાને બ્હાને તેમને જંગલમાં મૂકી આવવાનું શ્રી રામચંદ્રજીએ રથસારથીને સૂચન કર્યું. રથ પૂર વેગે ઉપડયો. સીતાજી સગર્ભા હતા. તે સમજ્યા કે મ્હને યાત્રા કરાવવા લઈ જાય છે, પણ સંકેત તો કોઈ જુદો જ હતો. મધ્ય જંગલમાં રથ આવી પહોંચ્યો. સારથીએ રથ થોભાવ્યો અને કહ્યું:–મહાસતી, અહિંયા ઉતરો. જવાબમાં સીતાજી બોલ્યા. કેમ ભાઇ! સારથીએ કહ્યું. મહારાજા રામચંદ્રજીએ કહ્યું છે કે સીતાજીને જંગલમાં મુકી પાછો ચાલ્યો આવજે. બ્હેન, મને આપને અહિં મુકતાં ઘણું જ દુ:ખ થાય છે, પણ હજુરનો હુકમ ન માનીએ તો અમારા બૂરા હાલ થાય. સીતાજી સમજ્યા કે, ખરેખર મ્હારૂં પૂર્વ કર્મ ઉદય આવ્યું લાગે છે! નહિતો જે રામચંદ્રજી મ્હારા પર અથાગ પ્રેમ રાખતા, તે જ અત્યારે મ્હારો વિના વાંકે તિરસ્કાર કરે છે. મ્હને લાગે છે કે પ્રજા જનોના ભરમાવ્યાથી કદાચ મ્હારા પતિવ્રત પર તેઓને શંકા થઈ હશે, પણ ખેર, આવેલું સંકટ મ્હારે સમભાવે સહન કરી લેવું જોઇએ, એમ વિચારી સીતાદેવી બોલ્યા:–ભાઈ સારથી, આમાં ત્હારો શો વાંક! ભાઈ, તું તો ચીઠીનો ચાકર છે. જા ભાઈ, તું ખુશીથી જા. પણ મહારાજાને કહેજે કે સીતાજી આપનું અહર્નિશ ધ્યાન ધરી આપનું શુભ ઇચ્છે છે. જવાબ લઈ સારથી પાછો ફર્યો અને અયોધ્યામાં આવી શ્રી રામચંદ્રજીને સર્વ સમાચાર કહ્યા.

સીતાજી ભયાનક વનમાં અહિં તહિં ભટકવા લાગ્યા અને કર્મને દોષ દેતાં કયાં જવું તેનો વિચાર કરવા લાગ્યા. તેવામાં પુંડરિકપુરનો રાજા વજ્રસંઘ ત્યાં આગળ નીકળ્યો; સગર્ભા અને દુ:ખી સ્ત્રીને જોઈ તેને દયા આવી, તેથી સીતાને મિષ્ટ અને નમ્ર વચનથી તેણે દિલાસો આપ્યો અને બ્હેન તરીકે ગણી રક્ષણ આપવાનું કહી તે સીતાજીને પોતાના રાજ્યમાં લઈ ગયો.

કાળાન્તરે સીતાજીએ બે મહાન તેજસ્વી પુત્રોને જન્મ આપ્યો. એકનું નામ **અનંગ લવણ** અને બીજાનું નામ **મદન અંકુશ.** બંને પુત્રો બાલ્યાવસ્થા વિતાવી સિદ્ધાર્થ નામના આચાર્ય પાસે શસ્ત્રાસ્ત્ર વગેરે બહોંતેર પ્રકારની કળાઓ ભણી પ્રવીણ અને પરાક્રમી બન્યા. યુવાવસ્થાને પામતાં વજ્રસંઘે પોતાની કન્યા અનંગલવણને પરણાવી અને મદન અંકુશ માટે પૃથ્વીપુરના રાજા પૃથુરાજાની કનકમાળા નામની કન્યાની માગણી કરી, પણ પૃથુરાજાએ કૂળ જાણ્યા વગર પોતાની કન્યા આપવાની ના કહી. તેથી બન્ને વચ્ચે યુદ્ધ થયું. તેમાં મદન અંકુશે ખૂબ બહાદુરી બતાવી. તેના પરાક્રમથી પ્રસન્ન થઈ પૃથુરાજાએ પોતાની કન્યા મદનાંકુશને પરણાવી.

હવે લવ અને કુશ કોના પુત્ર છે એ બાબત માતાદ્વારા જ્યારે તેમના જાણવામાં આવ્યું ત્યારે તેઓ બંને પોતાની માતાને વગર વાંકે કાઢી મૂકયા બદલ રામ અને લક્ષ્મણ પર ખૂબ ગુસ્સે થયા અને તેમના સામે લડાઈ કરવાનું તેમણે નક્કી કર્યું. સીતાજીએ તેમ નહિં કરવા બંને પુત્રોને ખૂબ સમજાવ્યાં; પરંતુ તેઓ એકના બે ન થયા. આખરે તેઓ લશ્કર

લઈ અયોધ્યા પર ચડી આવ્યા. રામ લક્ષ્મણને ખબર પડી કે, એ ન્હાના છોકરાંઓ અમને જીતવા માટે આવ્યા છે, ત્યારે તેઓ મનમાં ખૂબ હસ્યા. પરંતુ બંનેએ રણશીંગુ વગાડી યુદ્ધ જાહેર કર્યું એટલે રામ અને લક્ષ્મણ યુદ્ધ મેદાનમાં આવી પહોંચ્યા. બંને વચ્ચે રણસંગ્રામ મંડાયો. લક્ષ્મણે લવ અને કુશ પર પોતાનું સુદર્શન ચક્ર છોડયું. પણ તે ચક્ર આ બંને ભાઈઓની આસપાસ ચકર ચકર ફરીને લક્ષ્મણની પાસે પાછું આવ્યું. લક્ષ્મણ આશ્ચર્ય પામ્યો. લવ અને કુશ બહુ બહાદુરીથી લડયા. તેમાં રામચંદ્રજીના સૈન્યનો પરાજય થયો. આથી રામચંદ્રજી બહુ શોક પામ્યા. તેવામાં નારદજી આવ્યા. રામચંદ્રજીને શોકાતુર બનેલા જોઈને નારદે કહ્યું : મહારાજ! આનંદ પામવાને બદલે વૃથા શોક શા માટે કરો છો ? તમે હાર્યા નથી પણ જીત્યા છો; કેમકે તમે જેની સાથે યુદ્ધ ખેલો છો તે તમારાજ લવ અને કુશ નામે સીતાદેવીથી ઉત્પન્ન થયેલા પુત્રો છે. આ વાત સાંભળતાંજ રામચંદ્રજી આનંદથી પ્રફુલ્લિત થયા. તરતજ તેઓ રથમાંથી નીચે ઉતરી પોતાના પુત્રોને મળવા ગયા. લવ અને કુશ પણ રથમાંથી ઉતરી પોતાના પિતા પાસે આવી પહોંચ્યા અને પ્રેમથી તેમના ચરણમાં સાષ્ટાંગદંડવત્ પ્રણામ કર્યા. રામ, સીતા, લવ, કુશ, લક્ષ્મણ એ સઘળાં એકત્ર મળ્યાં અને સુખ–દુઃખના આંસુ સાર્યાં.

રામચંદ્રજીએ સીતાજીને અયોધ્યા નગરીમાં પ્રવેશ કરવાનું કહ્યું ત્યારે સતી સીતાએ જવાબ આપ્યો:–' સ્વામીનાથ, જે પ્રજાના મ્હોંએ મ્હારા કલંકિતપણાની વાત થઈ છે, તે જ પ્રજા

જ્યાં સુધી મને નિષ્કલંકી અને વિશુદ્ધ ન કહે ત્યાંસુધી હું નગરપ્રવેશ નહિ કરૂં. મ્હારી પવિત્રતાની પરીક્ષા કરવા ખાતર ત્હમે એક ચિતા ખડકાવવાનો પ્રબંધ કરો. અને તે જ્વલંત ધગધગતા અંગારામાંથી હું પસાર થઈ બહાર નીકળીશ, ત્યારેજ હું નગરમાં પગ મૂકીશ. આ સાંભળી રામચંદ્રજી બોલ્યાઃસીતાદેવી! ત્હમે નિષ્કલંક અને વિશુદ્ધ છો, મને ત્હેની સંપૂર્ણ ખાત્રી છે, માટે કૃપા કરી એવું સાહસ કરવું છોડી દ્યો. સીતાજી એકના બે ન થયા.

આખરે એક ઉંડી ખાઈ ખોદવામાં આવી. અને તે ખાઈ ધગધગતા અંગારાથી ભરપૂર ભરવામાં આવી. ઉપર કેટલાક કાષ્ટ નાખી અગ્નિ પ્રગટાવી. અગ્નિની પ્રચંડ જ્વાળાઓ આકાશમાર્ગે ઉડવા લાગી. ચારે બાજુ અયોધ્યાના પ્રજાજનો ઉભા રહી આ કરૂણ દૃશ્ય જોવા લાગ્યા. સીતાજી હાથ જોડી અગ્નિકુંડ પાસે આવી ઉભા રહ્યા અને પ્રભુની સ્તુતિ કરી બોલ્યાઃ—“હે અગ્નિદેવ, જો મેં આજસુધી તન મન અને વચનથી મ્હારા પતિ દેવની શુદ્ધ ભાવે ભક્તિ કરી હોય, સ્વપ્નામાં પણ મેં પરપુરૂષનું ચિંતવન કર્યું ન હોય અને હું નિષ્કલંક અને પવિત્ર હોઉં તો મ્હારા પતિવ્રતના પ્રભાવે આ અગ્નિ શિતળ થઈ જજો; નહિતો મ્હારા અપવિત્ર દેહને બાળીને ભસ્મીભૂત કરજો.” એટલું બોલી ‘શ્રી રામ’ શબ્દનો ઉચ્ચાર કરી, સીતાજીએ ચિતામાં ઝંપલાવ્યું; પાછળ રામચંદ્રજી સીતાજીને બહાર કાઢવા દોડી ગયા, તે આગમચ તો સીતાજીની વિશુદ્ધ પતિભક્તિને લઈ જાજ્વલ્યમાન અગ્નિ એકદમ શાંત

થઇ ગયો અને તેની જગ્યાએ ખાઈ બે કાંઠે ઠંડા પાણીથી છલોછલ ભરપુર બની ગઈ અને વચ્ચે કમલના ફુલપર સીતાજી આનંદપૂર્વક બેઠેલા જોવામાં આવ્યા. પ્રજાજનો એકી અવાજે પોકારી ઉઠયા; 'જય થાઓ ! મહાસતી સીતાનો જય થાઓ !' પ્રજાજનોએ મહાસતી સીતાદેવીને વંદન કર્યું. શ્રી રામચંદ્રજી પણ ચકિત બની વિશુદ્ધ સીતાના ચરણમાં પડયા, અને પોતે આપેલ દુઃખ માટે સીતાદેવીની માફી માગી. સીતાજી બોલ્યાઃ દેવ, આ સર્વ ઘટના કર્માધીન છે. મનુષ્યે કરેલાં કર્તવ્યો સારા યા નરસા અવશ્ય ભોગવવાંજ પડે છે.

× × × ×

સીતાદેવીને સંસાર નિઃસાર જણાયો. તેઓ દીક્ષા લેવા માટે તૈયાર થયા. શ્રી રામચંદ્રજીએ હાલ તેમને તેમ નહિ કરવા સમજાવ્યા. બદલામાં સતીએ ધર્મબોધ આપ્યો અને ન્યાયથી પ્રજાપાલન કરી સમય આવતાં સંસારથી છુટવાનો આગ્રહ કર્યો. સીતાદેવીએ સ્વયંમેવ પંચમુષ્ટિ લોચ કર્યો અને દીક્ષિત થયા. સખ્ત તપ જપ સંવર ક્રિયાઓ કરીને અને અંતિમ સમયે અનશન કરીને સીતાદેવી બારમા દેવલોકમાં દેવ થયા. ત્યાંથી નીકળી તેઓ મનુષ્ય જન્મ ધારણ કરી દીક્ષા લઈ, શાશ્વત એવી સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

ધન્ય છે મહાસતી સીતાને! સૌ બ્હેનો સતી સીતા જેવા થવાનો પ્રયત્ન કરે અને આલોક પરલોકમાં યશકીર્તિને પ્રાપ્ત કરી આત્મ કલ્યાણ સાધે એજ અભ્યર્થના !

# ૨ નળ—દમયંતી

અયોધ્યા નગરીની રાજગાદીપર અનેક પ્રતાપી રાજાઓ થઈ ગયા છે. તેમાં નિષધરાજા પણ એકવાર અયોધ્યાના રાજ્યાસન પર હતા. તેમને બે પુત્રો હતા. ૧ નળ. ૨ કુબેર. નળનું રૂપ સાક્ષાત કામદેવના જેવું હતું. ગુણમાં પણ નળ સર્વોત્તમ હતા. એક વખત રાજા પોતાના મંત્રીઓ અને પ્રજાજનો સાથે કચેરી ભરીને બેઠા છે, તેવામાં કુંડનપુર નગરથી આવેલા એક દૂતે રાજસભામાં પ્રવેશ કર્યો અને મહારાજા નિષધને પ્રણામ કર્યા.

મહારાજાએ દૂતને જોઈ પ્રશ્ન કર્યો:—દૂત ! કયાંથી આવો છો ? અને શા કારણે આગમન થયું છે ? દૂત બોલ્યો:— મહારાજા, હું વિદર્ભદેશના કુંડનપુર નગરના રાજાનો દૂત છું. અમારા મહારાજા ભીમકને એક અતિ સૌંદર્યવાન દમયંતી નામે પુત્રી છે. તે યોગ્ય ઉંમરે પહોંચી હોવાથી તેના લગ્ન માટે ભીમક રાજાએ સ્વયંવર રચ્યો છે. તેમાં પધારવા માટે સર્વ દેશના રાજાઓને આમંત્રણ અપાયેલ છે તે મુજબ આપને પણ આમંત્રણ આપવા માટે હું આવ્યો છું. કૃપા કરી અમારૂં આમંત્રણ સ્વીકારશો અને વેળાસર સ્વયંવર મંડપમાં પધારશો.

બહુ સારૂં, દૂત. મહારાજા ભીમકના આમંત્રણનો હું સ્વીકાર કરૂં છું. થોડાજ વખતમાં નિમેલી તીથીએ બરાબર

હું મારા પુત્રો સાથે સ્વયંવર મંડપમાં આવી પહોંચીશ. એમ કહી નિષધ રાજાએ આવેલ દૂતને કિંમતી વસ્ત્રો અને કેટલુંક દ્રવ્ય ઈનામમાં આપવા પ્રધાનને આજ્ઞા કરી. ઈનામ લઈ દૂત કુંડનપુરને માર્ગે રવાના થયો.

મહારાજા નિષધે સભા બરખાસ્ત કરી અને રાજમહાલયમાં આવી કુંડનપુર જવાની સર્વ તૈયારીઓ કરવા માંડી મહારાજા નિષધ થોડાજ દિવસમાં પોતાના બે પુત્રો-નળ અને કુબેરને સાથે લઈ કુંડનપુરમાં આવી પહોંચ્યા. ભીમક રાજાએ તેમનો સત્કાર કર્યો અને યોગ્ય ઉતારો આપી દીધો.

× × × ×

આજે સ્વયંવરનો દિવસ છે. રાજમહાલય અને આખું નગર ધ્વજા પતાકાઓ અને તોરણોથી શણગારવામાં આવ્યું છે. મંગળ પ્રભાતથી જ રાજમહેલમાં નોબતો વાગી રહી છે. સર્વ સ્થળે આનંદ-આનંદ પ્રસરી રહ્યો છે. રાજમંદિરના એક ભવ્ય અને વિશાળ ચોકમાં સ્વયંવર મંડપ ઉભો કરવામાં આવ્યો છે. આજુ બાજુ સુંદર બેઠકો ગોઠવી દેવામાં આવી છે. મગધદેશ, અંગદેશ, બંગદેશ, કલિંગદેશ, કોંકણદેશ, કંબોજદેશ, લાટદેશ, સિંધદેશ વગેરે દેશના રાજાઓ દમયંતીના રૂપગુણની પ્રશંસા સાંભળી તેને વરવા માટે આવેલા છે. કોશલ દેશના મહારાજા નિષધ પણ પોતાના બે પુત્રો સાથે આવી સ્વયંવર મંડપમાં યથાસ્થાને બેસી ગયા છે. સમય થતા દમયંતી હાથમાં પુષ્પહાર ગ્રહણ કરી પોતાની સખી ચિત્રલેખા સાથે સ્વયંવર મંડપમાં

આવી ઉભી રહી. તમામ રાજાઓની નજર દમયંતી પર પડતાંજ તેઓ આશ્ચર્યમુગ્ધ બની વિચાર કરવા લાગ્યા. અહો ! શું દમયંતીનું રૂપ ! આપણે દૂર દૂરથી તેના રૂપની જે પ્રશંસા સાંભળી હતી, તેના કરતાં અનેકગણું સુંદર અને સુશોભિત તેનું રૂપ છે! ખરેખર, પૂર્ણિમાનો સોળે કળાએ ખીલેલો ચંદ્રમા પણ દમયંતીના મુખવદન સામે ઝાંખો જણાય છે. જાણે સ્વયંવર મંડપમાં નાગમણિ ન મૂકવામાં આવ્યો હોય! તેવું તેનું અત્યુત્તમ દિવ્ય સ્વરૂપ છે. અહા ! અમને જો આ સ્ત્રી રત્ન મળે તો કેવું મહદ્‌ભાગ્ય ! એમ સૌ રાજાઓ પોત પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા. યથા સમયે પુરોહિતે કામની શરૂઆત કરી. પુરોહિત દરેક રાજા પાસે જઈ તેની ઓળખાણ આપી કીર્તિ અને રૂપગુણની પ્રશંસા કરતો કરતો આગળ ચાલવા લાગ્યો. એમ એક પછી એક અનેક રાજાઓને વટાવ્યા; પરંતુ અદ્યાપિ દમયંતીએ કોઈના ગળામાં પુષ્પહાર પહેરાવ્યો નહિ તેથી રાજાઓ ખેદ પામ્યા. આગળ જતાં તેઓ મહારાજા નિષધ પાસે આવી પહોંચ્યા. પુરોહિતે નળના રૂપગુણના વખાણ કર્યાં. નળના સામે દષ્ટિ કરતાંજ જાણે નળ-દમયંતી પૂર્વના સ્નેહી ન હોય ! તેમ કુદરતી રીતેજ નળ પ્રત્યે દમયંતીનું આકર્ષણ થયું. વધુમાં દમયંતીએ રાજહંસ મારફત નળના સ્વરૂપના જે વખાણ સાંભળ્યા હતા, તેના કરતાં પણ વિશેષ તેજસ્વી અને દેદિપ્યમાન સ્વરૂપ જોઈ દમયંતીનો સ્નેહ નળ તરફ ઢળ્યો. તરતજ દમયંતીએ નળના ગળામાં પુષ્પહાર પહેરાવ્યો. આખો સભામંડપ ‘નળરાજાનો જય’ એ શબ્દ ધ્વનિથી ગાજી ઉઠયો. અન્ય રાજાઓ હતાશ બન્યા.

અને તે સ્થાન છોડી એકદમ ત્યાંથી ચાલી નીકળ્યા.

નળ અને દમયંતી લગ્નથી જોડાયાં. ભીમક રાજા નળને પોતાના મહેલમાં લઈ ગયા અને સત્કાર સન્માનથી પોતાને ત્યાં રાખ્યા. થોડા દિવસ બાદ નળ, ભીમક રાજાની રજા લઈ દમયંતી સાથે અયોધ્યા નગરીમાં આવી પહોંચ્યા અને આનંદ સુખ ભોગવવા લાગ્યા. કેટલોક સમય વીત્યા બાદ નિષધરાજા રાજ્ય કાર્યમાંથી નિવૃત્ત થયા. નળને રાજ્યાસને અને કુબેરને યુવરાજપદે સ્થાપી તેઓ દીક્ષા લઈ ચાલી નીકળ્યા અને આત્મસાધના કરવા લાગ્યા.

કાળની ગતિ ગહન છે! જેમ દિવસને અંતે રાત્રિ અને રાત્રિને અંતે દિવસ ઉગે છે, તેમ સુખને અંતે દુઃખ અને દુઃખને અંતે સુખ એ પણ સમયનો પ્રવાહ છે. નળરાજા અત્યારે સુખની સર્વોચ્ચ શ્રેણિપર હતા. પરંતુ નળનું આ અનુપમ સુખ દૈવને રૂચ્યું નહિ હોય, અથવા કહો કે નળ રાજાની ભાગ્યદશા પલટાવાની હતી. કહેવાય છે કે જ્યારે પડતી દશા આવવાની હોય, ત્યારે માણસની સર્વ સદ્બુદ્ધિ નાશ પામે છે અને તેની જગ્યાએ દુર્બુદ્ધિ વાસ કરે છે. મહારાજા નળને પણ એમજ થયું. નળ સત્યવાન હતા, ગુણવાન હતા, ધર્મિષ્ઠ અને પરોપકારી હતા. પરંતુ તેમનામાં એકજ દુષણ માત્ર એવું હતું કે જેનાથી તેમને સર્વસ્વનો ત્યાગ કરવો પડયો. તે દુષણ જુગાર. નળના સુખની તેના ભાઇ કુબેરને ઈર્ષા થઈ એટલે નળને જુગાર રમાડી તેની પાસેથી રાજ્ય પડાવી લેવાની કુબેરે યુક્તિ રચી. એકવાર નળરાજા આનંદમાં હતા. તે વખતે કુબેરે નળ પાસે આવીને કહ્યું. ભાઈ,

આપણે કેટલાયે દિવસથી જુગાર રમ્યા નથી. માટે ચાલો, આપણે આજે જુગાર રમીયે. નળરાજાએ તે કબુલ કર્યું. બંને ભાઈ જુગાર રમવા લાગ્યા. પહેલા દાવમાં નળ હાર્યો. બીજો દાવ મંડાયો. તેમાં અમુક ગામો મૂકવાની શરત કરી. બીજો દાવ પણ કુબેરની તરફેણમાં પડયો, એટલે ત્રીજા દાવમાં નળે વધુ ગામો મૂકયા. ત્રીજો દાવ પણ નળ હારી ગયા. એટલે અયોધ્યા નગરીનું આખું રાજ્ય તેમણે છેલ્લા દાવમાં મૂકી દીધું. નળના પાસા છેલ્લા દાવમાં પણ અવળા પડયા! સર્વ રાજ્યનો માલિક કુબેર બન્યો. કુબેરે નળને કહ્યું:-બસ ભાઈ, હવે તમે સઘળું હારી ગયા છો. અને આખાયે રાજ્ય પર મ્હારો અધિકાર વર્તે છે. ત્યારે નળે કહ્યું:-મહેરબાની કરી હજુ એક વધુ રમત રમી લે. કુબેરે જણાવ્યું:-હવે ત્હારી પાસે એવી કઇ ચીજ શરતમાં મૂકી શકાય એવી છે કે હું તારી સાથે દાવ ખેલું! ત્યારે નળ બોલ્યો, દમયંતીને હું શરતમાં મૂકું છું. જો હું હારૂં તો દમયંતી ત્હારા અધિકારમાં રહે. અને હું શહેર છોડી વનમાં ચાલ્યો જઉં. અને હું જીતું તો હારેલું સર્વ મને પાછું મળે. અહા, શું જુગારનું વ્યસન! ખરેખર હાર્યો જુગારી બમણું રમે! તે ન્યાયે નળની બુદ્ધિ અત્યારે ભ્રમિત થઈ ગઇ હતી. સતી સ્ત્રીને જુગારમાં મૂકતાં સત્યનિષ્ઠ નળ ન અચકાયો. કુબેરે નળની માગણી સ્વીકારી અને પાસા ફેંકયા. છેલ્લા પાસા પણ કુબેરને અનુકુળ થયા. એટલે નળ મૂર્છા પામી જમીન પર ઢળી પડયા. તેવામાં દમયંતી ત્યાં આવી પહોંચી. પવન આદિ ઉપચારથી નળ સાવધ થયા. દમયંતીએ જ્યારે જાણ્યું કે નળરાજા કુબેરની સાથે જુગાર રમી રાજપાટ, સ્ત્રી, સર્વ હારી બેઠા છે, ત્યારે

તેના દુઃખનો પાર ન રહ્યો. કુબેર દુષ્ટ હતો, નિર્દય હતો, એટલે તરતજ તેણે નળને કહ્યું:–નળ, હું હુકમ કરૂં છું કે ત્હારે મ્હારા રાજ્યની હદ છોડી માત્ર એકજ પ્હેરેલાં વસ્ત્રે ચાલ્યા જવું. નળ કુબેરના હુકમને તાબે થયો અને ચાલવા લાગ્યો. પાછળ દમયંતી ગાભરી બનીને કલ્પાંત કરતી નળ પાસે દોડી ગઇ અને પોતાને સાથે વનમાં લઇ જવાની નળને પ્રાર્થના કરી. નળે દમયંતીને કુબેરના આશ્રયમાં રહેવાનું અગર પિયરમાં જઈ વસવાનું કહ્યું. જવાબમાં દમયંતીએ કહ્યું, પતિને દુઃખમાં મૂકી પિયરમાં વસવું એ સતી સ્ત્રીને નર્ક સમાન છે, તેમજ કુબેરના આશ્રયમાં રહેવું એ મને તેથીયે ભયંકર લાગે છે, કેમકે કુબેર કદાચ મ્હારૂં સતીત્વ ભંગ કરવાનો પ્રયત્ન કરે. જંગલના ગમે તેવાં સંકટો હું આનંદથી સહન કરીશ, માટે નાથ મને સાથે લ્યો.

દમયંતીના દીન વચનોથી નળનું હૃદય પીગળ્યું. પણ દુષ્ટ કુબેરની ઇચ્છા વિરૂદ્ધ કંઇ કરી શકાય તેવું ન હતું. તેવામાં કુબેર નળ પાસે આવ્યો અને બોલ્યો. નળ, કેમ વાર લગાડે છે ? દમયંતીને આહંજ મૂકી જા. આ સાંભળતાંજ દમયંતીનું હૃદય દુઃખથી ઉભરાઈ આવ્યું. તે આજીજીપૂર્વક કુબેરને વિનવવા લાગી. પણ કુબેરે તેના શબ્દ પર ધ્યાન ન આપ્યું. આથી ઉભેલાં પ્રજાજનો કુબેર પર ગુસ્સે થયાં; તેમાંના કેટલાકે કુબેરને કઠોરતાથી કહ્યું. મહારાજા, હવે તો હદ થાય છે. નળરાજાને જુગાર રમાડી તેનું સર્વ રાજ્ય લઇ લીધું, છતાં તમને સંતોષ નથી થતો ? દમયંતી જેવી સતી સ્ત્રીને સતાવીને તમે સાર નહિ કાઢો. માટે સમજો અને દમયંતીને નળરાજા સાથે માનભેર જવા દો.

આથી કુબેર કંઇ બોલી શક્યો નહિ. નળ અને દમયંતી પ્રજાજનોના વિલાપ વચ્ચે એકેક વસ્ત્ર પહેરી અયોધ્યા છોડી ચાલી નીકળ્યાં અને વનવાસને પંથે પડયાં.

નળ દમયંતીને વનમાં જતાં જોઈને સૂર્યનારાયણ પણ ક્ષિતિજમાં સંતાઈ ગયા. વૃક્ષના ઉગેલાં અંકૂરો પણ નળ દમયંતીના વનવાસથી જાણે ભયભીત થયા હોય તેમ બહાર ડોકીયાં કાઢી વિલાપ કરવા લાગ્યાં. ટુંકમાં નળ દમયંતીના આ કારમા વનવાસનું દૃશ્ય ખરેખર ભયંકર હતું.

રાત્રિના પહેલા પ્રહરનો સમય હતો. નળ અને દમયંતી ખાડા, ટેકરા, પહાડ, પર્વતો, નદી, નાળાં ઓળંગતા ચાલ્યા જતા હતા. દમયંતીના સુકોમળ પગમાં તિક્ષ્ણ કાંટા ભોંકાતા હતા. કાંકરાની અણીયો દમયંતીના પગની પાનીઓમાં ઘોંચાઈને માંહેથી લોહીની ધારા વહેતી હતી. છતાં પતિપરાયણ સતી દમયંતી આ સર્વ દુઃખને તુચ્છ ગણી પતિના સહવાસમાં સુખ માનતી હતી. નળરાજા પણ કર્મને દોષ આપી સર્વ દુઃખ સમભાવે સહન કરી ચાલ્યો જતો હતો.

મધ્ય રાત્રિનો ઘોર અંધકાર છવાઈ રહ્યો હતો. આખું જગત શાંત નિદ્રા અનુભવતું હતું. તેવે વખતે નળદમયંતી વનમાં માર્ગ કાપી રહ્યા હતા. થાકથી તેઓ ખૂબ શ્રમિત થએલા હોવાથી એક ઘટાદાર વૃક્ષની નીચે વિશ્રાંતિ લેવા માટે બેઠા. પતિની શિતળ છાયામાં શાંતિ માની દમયંતી નિદ્રા-

ધીન થઈ. નળરાજા પણ સૂતો; પરંતુ વિચારવિવશ બનેલા નળને ઉંઘ આવી નહિ. ઘડી ઘડીમાં તે દમયંતીની શાંત અને નિર્દોષ પ્રતિમા તરફ જોતો અને વિચાર કરતો: અહો ! કેવી પવિત્રતાની દેવી ! જંગલના ભયાનક કષ્ટો સહન કરવા તૈયાર થઈ છે ! પણ ખરેખર ! જંગલના કષ્ટો તેનાથી સહન થઈ શકશે નહિ. જેણે ટાઢ તડકો અદ્યાપિ વેઠયો નથી, જેનું સુકોમળ શરીર વનવાસના દુઃખો સહન કરવા તદ્દન અશક્ત છે, જે નિરંતર સુખમય સામગ્રીમાં ઉછરી છે, તે પવિત્ર સ્ત્રી આ સર્વ દુઃખો કેવી રીતે સહન કરી શકશે ? માટે તે કોઈ સુરક્ષિત સ્થળે જાય એવો મારે ઉપાય કરવો જોઈએ. જો હું તેને છોડીને ચાલ્યો જાઉં, તો જ દમયંતી પોતાના પિયરમાં થાકીને જશે. આ પ્રમાણે દમયંતીને છોડીને ચાલ્યા જવાનો નળરાજાએ વિચાર કર્યો. નળરાજા સાવધ થયો અને ધીરેથી દમયંતીથી દૂર ખસી ઉભો થયો અને જવા લાગ્યો. પણ દમયંતીની પવિત્ર અને નિર્દોષ પ્રતિમા નિહાળી ઘડીભર તે સ્થંભી ગયો અને વિચારવા લાગ્યો, અહા ! હું કેવો નિષ્ઠૂર કે ભયંકર જંગલમાં સ્ત્રીને એકલી મૂકી ચાલ્યા જવાનો વિચાર કરૂં છું. ખરેખર, મ્હારી બુદ્ધિનો વિનાશ થયો છે. પણ ના, તેમ નથી, કેમકે મારા માર્ગમાં આ સ્રી જરૂર અડચણ કર્તા છે. માટે મેં કરેલો નિશ્ચય જ બરાબર છે.

એમ વિચારી નળરાજા આસપાસથી કેસુડાંનાં પાન લાવ્યો. અને તેને પલાળી તેનાં રસથી દમયંતીના વસ્ત્રના એક છેડે આ પ્રમાણે લખ્યું: હે સતી, ત્હને સાથે લઈ જવાથી તું મહાદુઃખને પામીશ, તેથી હું ત્હને છોડીને એકલો ચાલ્યો

જાઉં છું. તું મ્હારો જરાપણ શોક ન કરીશ. અને જ્યારે સ્થિતિ પલટાશે, ત્યારેજ હું ત્હને દર્શન આપીશ. અહિંથી જમણી તરફનો રસ્તો કુંડનપુર જાય છે અને ડાબી તરફનો રસ્તો અયોધ્યાનો છે. માટે તારે એ બે સ્થળમાંથી જ્યાં જવું હોય ત્યાં સુખેથી જજે. અને પંચ પરમેષ્ટિનું સ્મરણ કરી આનંદપૂર્વક દિવસો નિર્ગમન કરજે.

ઉપર પ્રમાણે લખી નળરાજા દમયંતીને છોડી એકદમ ત્યાંથી પલાયન થઈ ગયો અને હિંમતભેર માર્ગ કાપવા લાગ્યો. તેવામાં નળરાજાએ દૂર મ્હોટો દવ બળતો જોયો. નળ ત્યાં જઇ પહોંચ્યો. ત્યાં તેણે નીચે પ્રમાણે શબ્દો સાંભળ્યાં. 'હે નળરાજા, તું પરોપકારી અને પવિત્ર પુરૂષ છે. હું અગ્નિમાં બળું છું, માટે સત્વર મ્હને બચાવ. હું તારૂં કલ્યાણ કરીશ.' આ સાંભળી નળ ચમકયો. તેણે વિચાર કર્યોઃ-અહો! આટલામાં કોઈ મનુષ્ય નજરે પડતું નથી, છતાં આવો અવાજ કયાંથી સંભળાયો ? પુનઃ અવાજ આવ્યોઃ-નળરાજા, હું બળી મરૂં છું. મ્હને બચાવ. નળરાજાએ બળતા દવ તરફ દ્રષ્ટિ કરી તો નાગદેવને બળતાં જોયાં. તરતજ નળ બોલ્યોઃ-નાગદેવ, હું તમને બચાવું છું. એમ કહી તેણે પોતાનું વસ્ત્ર યુકિતપૂર્વક દવની બાજુમાં ઝાડ પાસે નાખ્યું. નાગદેવ એકદમ કુદીને તે વસ્ત્ર પર પડયા, એટલે નળે તે વસ્ત્ર ખેંચી લીધું, અને નાગને બચાવ્યો. પણ તે નાગે તરતજ નળરાજાને ડંખ માર્યો. ડંખના પ્રભાવે નળ આખા શરીરે કદરૂપો અને કુબડો બની ગયો. આ જોઇને નળ બોલી ઉઠયોઃ શાબાશ! નાગદેવ, શાબાશ! ઉપકારનો બદલો તો તમે મને સારો આપ્યો!

જવાબમાં નાગ બોલ્યો: બેટા, ખેદ ન કર. મેં જે કર્યું છે તે તારા હિતને માટેજ. જો સાંભળ. હું ત્હને મારી ઓળખાણુ આપું છું. હું તારો પિતા નિષધ છું અને ચારિત્ર લેવાથી પાંચમા દેવલોકમાં દેવ થયો છું. તું જુગાર રમ્યો, હાર્યો અને કુબેરને રાજ્ય સોંપી જંગલમાં ચાલી નીકળ્યો. તે વાત મેં અવધિ જ્ઞાનથી જાણી, તેથી હું તારી પાસે આવ્યો અને આ યુક્તિ રચી. વળી મેં તને ડંશ વડે કદરૂપો બનાવ્યો, તેનું કારણુ એજ કે તારે હજુ છુપાવેશે રહેવાનું છે. જો, હું તને એક શ્રીફળ અને કરંડીયો આપું છું, તો જ્યારે તારે અસલ રૂપ કરવું હોય ત્યારે આ શ્રીફળ ફોડજે અને કરંડીયો ઉઘાડી તેમાંનાં વસ્ત્રાલંકાર પહેરજે. હવે તારે અહિંથી સુસુમાર ગામમાં જવું. ત્યા દધિપર્ણ રાજા છે. તેમને ત્યાં રહેજે. ત્યારે નળ બોલ્યો: નાગદેવ, તે અહિંથી બહુ દૂર હશે, માટે તમે મને ત્યાં પહોંચતો કરો. એટલે નાગદેવે, નળને વિમાનમાં બેસાડ્યો અને સુસુમાર નગરના દરવાજા પાસે તેને મૂકીને તે અદૃશ્ય થઈ ગયો.

નળરાજા ત્યાંથી નગરમાં પેઠો. તેવામાં રાજાનો એક હાથી મદોન્મત્ત અને ગાંડો બનીને નાઠો અને વસ્તીમાં હાહાકાર વર્તાવવા લાગ્યો. તેણે અનેક માણસોને માર્યા. પણ કોઈ આ હાથીને વશ કરી શક્યું નહિ. એટલે નળે તે હાથીને વશ કરી પ્રજાનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો. નળ હાથીની સામે થયો. હાથીને હંફાવી કાબુમાં લીધો અને તેની પીઠપર સવાર થઈ ગયો. પ્રજાજનો આ કુબડા-કદરૂપા પણ બાહોશ પુરૂષને દેખી તેને ધન્યવાદ આપવા લાગ્યા. તેની બહાદુરી

સાંભળી દધિપર્ણ રાજાએ નળને આદરપૂર્વક પોતાના દરબારમાં બોલાવ્યો અને પૂછ્યું. હે વીરનર, ત્હમે કોણ છો? જવાબમાં નળે જણાવ્યું. મહારાજા, હું કોશલદેશની અયોધ્યા નગરીનો વતની છું. અને ત્યાંના મહારાજા નળનો રસોઇયો છું. નળ રાજા દમયંતી સાથે જંગલમાં ચાલ્યા ગયા છે અને તેમનો ભાઇ કુબેર રાજ્યાસને આવ્યો છે; પણ તે દુષ્ટ બુદ્ધિનો હોવાથી હું તેની પાસે નહિ રહેતા અહિં આવ્યો છું. હું સૂરજપાક રસોઈ બનાવવામાં પ્રવિણ છું તો મને કંઇ કામ સોંપશો. દધિપર્ણ રાજા નળની થયેલી સ્થિતિ સાંભળી ખેદ પામ્યો અને આ કુબડા પુરૂષને પોતાને ત્યાં રાખ્યો.

આ તરફ દમયંતી સ્વપ્નથી ભયભ્રાંત બનીને જાગી, અને નળ તરફ નજર કરતાં તે જોવામાં ન આવ્યો તેથી તે કલ્પાંત કરવા લાગી. નળને શોધવા નદી ઝાડ વૃક્ષ તમામ સ્થળો દમયંતી જોઈ આવી, પણ કયાંય નળનો પત્તો ન લાગવાથી ખૂબ શોક કરવા લાગી. તેવામાં તેની નજર વસ્ત્રના છેડાપર પડતાં તે આશ્વાસન પામી અને અક્ષરો વાંચવા લાગી. પતિએ લખેલી હકીકત વાંચતાજ તે ચોધાર આંસુએ રડી અને બોલી:–હા દૈવ, હવે શું કરવું? હે નમેરા નાથ, મ્હને જંગલમાં એકલી છોડીને જતાં આપને લેશપણ દયા ન આવી! ખેર, કર્માધીન સર્વ વસ્તુ બને છે. માટે હવે શોકને છોડી કર્મ જે તરફ ઘસડી જાય તે તરફ મ્હારે જવું જોઇએ. એમ વિચાર કરી દમયંતી ત્યાંથી ઉઠી આગળ ચાલવા લાગી. પ્રભાત થયું હતું. સતીની આંખમાં બાળ સૂર્યના કોમળ કિરણો પણ સ્પર્શ કરી પીડા ઉપજાવતા હતા. દમયંતી આગળ ચાલતી હતી, તેવામાં એક

ભયંકર અજગર તેની સામે ધસી આવ્યો અને સતીને મ્હોંમાં લીધી. રે પ્રભુ! એવા કરૂણ ઉચ્ચાર સાથે સતી અજગરના મ્હોંમાં દાખલ થઈ પંચપરમેષ્ટિનું સ્મરણ કરવા લાગી. તેવામાં એક પારધી ત્યાં થઈને જતો હતો. તેણે સ્વરૂપવાન સ્રીને અજગરના મુખમાં પડેલી જોઈ. જોતાંજ તેણે તે અજગર તરફ બાણ છોડયું અને અજગરને મારી નાખ્યો. સતી નીચે મૂર્છાગત સ્થિતિમાં પડી. પારધી તેની પાસે ગયો. અને શિતળ જળ તથા પવનના ઉપચાર વડે તેને સાવધ કરી, પણ દમયંતીના અથાગ રૂપ પર તે પારધી મોહ પામ્યો અને દમયંતીને પોતાને ઘેર આવવા અને પોતાની સ્રી તરીકે રહેવા તેણે કહ્યું. આ સાંભળી સતીએ ત્હેને ઉપદેશ આપતા કહ્યું. ભાઇ, મહાન પાપ કર્મ વડે તું પારધીનો અવતાર પામ્યો, તેમાંય તું હિંસાદિ કર્મ કરી પાપ ઉપાર્જન કરે છે છતાં સતી સ્રીઓના શિયળ લુંટી શા માટે નર્કાધિકારી બનતા તત્પર થાય છે? ભાઈ સમજ. હું એક સતી સ્રી છું. તું નહિ સમજે તો પણ તું મને મ્હારા ધર્મથી ડગાવવા જરાપણ સફળ થઈ શકીશ નહિ, કેમકે હું એક વીર ક્ષત્રીયાણી છું. માટે સમજ. અને પ્રભુનું ધ્યાન ધરી તારો જન્મ સફળ કર, કે જેથી તું આવતા ભવમાં સુખ પામે. પવિત્ર સતીના પવિત્ર શબ્દોથી પારધી બોધ પામ્યો. તેણે પોતાની દુર્બુદ્ધિ માટે સતીની ક્ષમા માગી અને દમયંતીને રસ્તો બતાવી તે પોતાને ઘેર ચાલ્યો ગયો. આગળ ચાલતાં વણઝારાનું ટોળું આવ્યું તેમના સાથમાં દમયંતી ભળી ગઈ. વણઝારા પણ દમયંતીના લલાટની ભવ્યતા અને ગુણાલંકૃત આકૃતિ દેખી આનંદ પામ્યા અને સતીનું બ્હેન તરીકે રક્ષણ કરવા

લાગ્યા. માર્ગમાં સતીને મુનિમહારાજનો યોગ થયો. સતીએ ત્હેમને ભાવયુક્ત વંદન કર્યું. મુનિએ ધર્મદેશના આપી અને કહ્યું. સતી, થોડા દિવસમાં ત્હારા દુઃખનો અંત આવશે, એમ કહી તેને આશ્વાસન આપ્યું. સતી સાર્થવાહ સાથે ચાલતી અચળપુર નામના ગામ આગળ આવી પહોંચી. ત્યાં તે સાર્થવાહથી છૂટી પડી અને નજીકના એક કુવાના કાંઠાપર બેઠી.

કેટલીક પનિહારીઓ ત્યાં પાણી ભરવા આવી. કુવાને કાંઠે એકલી બેઠેલી અનુપમ સુંદરતાવાળી સ્ત્રીને જોઈ તેઓ તેના રૂપથી ચકિત થઈ ગઈ અને ત્યાંના રાજાની રાણી ચંદ્રયશા પાસે જઈને તેમણે કહ્યું: હે મહારાણી, કુવાના કાંઠા પર એક દુઃખી મુસાફર સ્ત્રી બેઠેલી છે, તે એટલી બધી સુંદર અને ગુણવાન જણાય છે કે જો આપ તેને આપને ત્યાં રાખો તો આપની પુત્રી ચંદ્રકળાને તે નવું નવું શીખવશે અને પ્રેમથી રાખશે.

આ ચંદ્રયશા તે ઋતુપર્ણ રાજાની રાણી અને દમયંતીની સગી માસી. તેણે મુસાફર સ્ત્રીને પોતાના મહેલમાં તેડી લાવવા માટે એક દાસી મોકલી. દમયંતી દાસી સાથે ચંદ્રયશાના મહેલમાં આવી. ચંદ્રયશા દમયંતીને કૌમાર્યાવસ્થામાં જોયેલ હોવાથી અને દમયંતીની સ્થિતિમાં દુઃખને લીધે ફેરફાર થવાથી તેને ઓળખી શકી નહિ. ચંદ્રયશાએ દમયંતીને પૂછ્યું: બ્હેન, તું કોણ છે? દમયંતીએ કહ્યું. હું વણિકની પુત્રી છું અને દુઃખની મારી અહિં આવી છું. દમયંતીની બોલવાની મીઠાશ, તેનો દયાર્દ્ર ચહેરો, એ

વગેરે જોઈ ચંદ્રયશાએ દમયંતીને પોતાની પાસે રાખી અને પોતાની પુત્રી ચંદ્રકળાના સહવાસમાં રહેવાનું અને સર્વ પ્રકારનું શિક્ષણ આપવાનું કામ તેણે દમયંતીને સોંપ્યું. દમયંતી પોતાના માયાળુ સ્વભાવથી ચંદ્રકળાનું પ્રેમપાત્ર બની અને દરેક કામમાં સલાહ આપવા લાગી.

એકવાર ચંદ્રકળા ન્હાવા બેઠી હતી. ન્હાતી વખતે ચંદ્રકળાએ પોતાની ડોકમાં પહેરેલો મણિરત્નનો હાર મહેલના ટોલ્લા પર મૂકયો. નજીકમાં દમયંતી ચંદ્રકળાના વસ્ત્રો હાથમાં રાખી ઊભી હતી. ચંદ્રકળા નહાઈને ઊઠી. દમયંતીએ વસ્ત્રો આપ્યા, તે પહેરી ચંદ્રકળા ટોલ્લા પાસે આવી મૂકેલો હાર લેવા ગઈ. તેવામાં હાર ત્યાં ન મળે. હાર એકાએક દેવની માયાથી ગૂમ થઈ ગયો હતો. ચંદ્રકળાએ દમયંતીને પૂછ્યું: હાર અહિંથી કોણ લઈ ગયું ? દમયંતીએ જવાબ આપ્યો. બહેન, મને ખબર નથી. બસ. ચંદ્રકળાનો મિજાજ ગયો અને બોલી. લુચ્ચી, તેંજ હાર કયાંક સંતાડયો છે. દમયંતી પર આળ આવ્યું. ચંદ્રકળાએ તેની મા ચંદ્રયશાને આ વાત કહી. ચંદ્રયશાએ પણ દમયંતીને કઠોર શબ્દમાં સંભળાવી દીધું કે ધુતારી, દ્રવ્યની ઈચ્છાએ તેંજ હાર ચોર્યો છે, કાઢી આપે છે કે નહિ ? દમયંતી પોતાના પર ખોટું કલંક આવ્યું જાણી દુ:ખથી શોક કરવા લાગી. ચંદ્રયશા અને ચંદ્રકળા બંને જણીઓ દમયંતીને માર મારવા લાગી.

દમયંતી આંખમાં આંસુ લાવી બોલી. “માતાજી, મેં હાર લીધો નથી. કહો તો હું સોગન ખાઉં.”

“હું ઓળખું છું, ત્હને મીઠું મીઠું બોલતાં સારૂં

આવડે છે. બોલ, હાર આપે છે કે નહિ ?" એમ કહી ફરીને તે દમયંતીને માર મારવા લાગી.

સતી વિચારમાં પડી. હા દૈવ ! શી ત્હારી ગતિ! હજુ એક દુઃખ તો ઉભું જ છે. તેમાં વળી આ બીજું દુઃખ આવી પડયું. મ્હારે આમને શો જવાબ આપવો! એટલું કહી તે બોલી ઉઠીઃ—" હે પરમાત્મા દેવ, જો હું ખરેખર નિર્દોષ હોઉં, તેમજ પતિવ્રતનો મેં મન વચન કાયાથી જરા-પણ ભંગ ન કર્યો હોયતો મ્હારા સતીત્વના પ્રભાવે આ હારનો લેનારો ફાટી પડજો."

સતીના મ્હોંમાંથી ઉપરનાં રોષયુક્ત વચનો નીકળતાંજ ટોલ્લાના ભડુડુભૂસ કરતાં બે કકડા થઇ ગયા. તરતજ તેમાંથી હાર નીચે સરી પડયો. તે જોતાંજ ચંદ્રયશા અને ચંદ્રકળા એકદમ ગભરાઈ ગઇ, અને સતી દમયંતીના પગમાં પડીને, તેની માફી માગવા લાગી. સતીએ ત્યાં પ્રકટ થઈને કહ્યું. માસીબા, ત્હમે મ્હને ભૂલી ગયા હશો, પણ હું તમને નથી ભૂલી. મ્હારૂં નામ દમયંતી. દમયંતીની ઓળખાણ પડવાથી ચંદ્રયશાએ રાજાને બોલાવ્યા અને સર્વ વાત કહી. સર્વેએ સતીને સતાવ્યા બદલ પશ્ચાતાપ કર્યો અને પ્રેમ પૂર્વક દમયંતીને ત્યાં રાખી. થોડો વખત રહીને દમયંતીએ પોતાના પિતાને ત્યાં જવાની ઈચ્છા જણાવી. એટલે દમ યંતીને ભીમકરાજાને ત્યાં પહોંચતી કરી. નળ દમયંતીના વનવાસની વાત ભીમકના જાણવામાં આવી હતી, તેથી તે બહુ ઉદાસ હતો, પરંતુ દમયંતીના અચાનક મેળાપથી તેને પારાવાર આનંદ થયો.

એકવાર દધિપર્ણ રાજાનો દૂત ભીમકના દરબારમાં આવ્યો અને કહ્યું. રાજન્! અમારા દરબારમાં નળરાજાનો રસોઈયો આવ્યો છે તે સૂરજપાક રસોઈ બનાવી જાણે છે. દમયંતીએ આ સાંભળ્યું. એટલે તેણે વિચાર્યું કે જરૂર તે નળરાજા જ હશે. કેમકે તેમના વિના બીજું કોઈ સૂરજપાક રસોઈ બનાવી જાણતું નથી. વળી દમયંતીએ વિચાર્યું કે નળરાજા અશ્વ વિદ્યામાં પારંગત છે. એટલે તેણે ભીમકને કહ્યું. પિતાજી, તેમની ખાત્રી કરવી હોય તો હું કહું તેમ કરો. તે એ કે તેઓને અશ્વવિદ્યા આવડે છે. ત્હમે સ્વયંવર મંડપ રચો અને માત્ર ત્રણ દિવસ બાકી રહે ત્યારે દધિપર્ણ રાજાને ખબર પહોંચાડો કે દમયંતીનો ફરી સ્વયંવર થવાનો છે. આ વખતે જો તેઓ હશે તો જરૂર અશ્વ-મંત્રના યોગથી ૫૦૦ યોજન દૂર આપણા કુંડનપુરમાં તેઓ આવી પહોંચશે. ભીમકને નળની ખાત્રી માટેની આ યુક્તિ ઠીક લાગી, એટલે દમયંતીના કહેવા મુજબ દધિપર્ણ રાજાને ત્યાં દૂત મારફત કહેવડાવ્યું કે દમયંતીનો ફરી સ્વયંવર થવાનો છે. આ વાત સાંભળતાં જ દધિપર્ણ રાજા ખૂબ આનંદ પામ્યો અને દમયંતી જેવી અનુપમ સૌન્દર્યવાળી સ્રી મેળવવાનાં સ્વપ્નાં સેવવા લાગ્યો. પણ બીજી જ પળે તેને યાદ આવ્યું કે મુદત તો માત્ર ત્રણજ દિવસની છે. અને કુંદનપુર અહીંથી ૫૦૦ યોજન દૂર છે! તો એટલી ટુંકી મુદતમાં ત્યાં કેમ પહોંચી શકાશે? એ વિચારે તે મુંઝાવા લાગ્યો. એવામાં હુંડિક (નળ) ત્યાં આવી પહોંચ્યો અને દધિપર્ણ રાજાને ઉદાસીન થવાનું કારણ પૂછયું. દધિપર્ણે

જણાવ્યું:-હે હુંડિક, નળરાજાનો પત્તો ન લાગવાથી મહારાજા ભીમકે દમયંતીના ફરી લગ્ન માટે સ્વયંવર રચ્યો છે અને તેની લગ્નપત્રિકા મને હમણાં જ મળી છે. રસ્તો એક મહિનાનો છે, તો એટલા ટુંક વખતમાં ત્યાં કેમ પહોંચાશે! એ વિચારે હું મુંઝાઉં છું. અરેરે! મને ખેદ થાય છે કે દમયંતી જેવી સ્વરૂપવાન સુંદરી મ્હારા હાથથી જશે!

આ સાંભળી હુંડિક બોલ્યો-મહારાજા, ફીકર ન કરો. મને અશ્વવિદ્યા આવડે છે. ચાલો, અશ્વરથ તૈયાર કરાવો. આપણે જરૂર વખતસર ત્યાં પહોંચી જઇશું. દધિપર્ણ આ સાંભળી ખુશખુશ થઈ ગયો. રાજાએ અશ્વપાળ મારફત બે પાણીદાર ઘોડાઓ મંગાવ્યા અને હુંડિકને રથ જોડવાનું કહ્યું. પણ હુંડિકે કહ્યું:-આ ઘોડા ચાલશે નહિ. એમ કહી અશ્વશાળામાં જઈ માખીઓ બણબણતા, મડદા જેવા રોગિષ્ટ દેખાતા ઘોડાઓ તે લઈ આવ્યો અને રથને જોડયાં. આ જોતાંજ દધિપર્ણ બોલ્યો:—હુંડિક, મારી ચિંતામાં શા માટે વધારો કરે છે? આવા મડદા જેવા ઘોડા તે વળી ચાલતા હશે?

"તમારે ઘોડાનું કામ છે કે દમયંતીને પરણવાનું?" હુંડિકે મિજાજથી જવાબ આપ્યો. ગરજવાળો રાજા દધિપર્ણ મૌન રહ્યો અને શું થાય છે તે જોવા લાગ્યો. નળરાજાએ રથપર ચઢી ઘોડાના કાનમાં ફૂંક મારી, એટલે ઘોડાઓ આકાશ માર્ગે પૂર વેગે દોડવા લાગ્યા. અને જોતજોતામાં હજારો ગાઉ કાપી કુંડનપુરના દરવાજે આવી પહોંચ્યા. દધિપર્ણ હુંડિકની બહાદુરી જોઈ બોલી ઉઠયો, શાબાશ-હુંડિક, શાબાશ. હવે જરૂર મ્હને દમયંતી મળશે. હા. હા. ખરી

વાત છે. એમ બોલી હુંડિકે તેની મીઠી મશ્કરી કરી. અનુક્રમે દધિપર્ણ રાજા ભીમકના દરબારમાં હાજર થયો. ભીમકે તેનો સત્કાર કર્યો અને યોગ્ય ઉતારો આપ્યો. દમયંતીએ હુંડિકને છુપી રીતે પોતાની પાસે બોલાવ્યો અને પોતાના હાથનો સ્પર્શ કરવાનું તેને કહ્યું. હાથનો સ્પર્શ થતાંજ દમયંતીના હૃદયમાંથી અસ્ખલિત પ્રેમ પ્રવાહ છૂટી નીકળ્યો. તેથી દમયંતીએ જાણ્યું કે જરૂર આ વિરૂપ સ્વરૂપવાળા નળદેવ જ છે. એટલે તે નમ્ર વચનોથી બોલીઃ—કૃપા કરી તમારૂં રૂપ છુપાવો નહિ. તમે નળરાજા જ છો તો જાહેર થાવ.

નળ બોલ્યોઃ—હે સતી, કોઈ બીજા પુરૂષ પર નાહક આવું ખોટું આળ ન મૂકો. હું નળ નથી. દમયંતીએ કહ્યુંઃ— પણ નળરાજા સિવાય ત્રણ દિવસમાં હજારો ગાઉનું અંતર કોઈથી કાપી શકાય નહિ. અને હું જાણું છું કે નળરાજા અશ્વવિદ્યામાં પ્રવિણ છે. તેથીજ મેં ફરી સ્વયંવરની યુક્તિ કરી હતી. નાથ! હવે આપનું રૂપ વધુવાર ન છુપાવો અને સત્વર પ્રગટ થાવ. હવે નળરાજાએ પ્રગટ થવાનું ઈચ્છયું, એટલે તેણે પોતાની પાસેનું શ્રીફળ ફોડયું. પરિણામે નળનું બેડોળ રૂપ અસલ સ્વરૂપમાં આવી ગયું અને કરંડીયો ઉઘાડી તેમાંથી વસ્ત્રાલંકારો કાઢી શરીરપર ધારણ કર્યાં. નળરાજાને પ્રત્યક્ષ સામે ઉભેલા જોઈ સતી દમયંતીએ તેમને પ્રેમપૂર્વક પ્રણામ કર્યાં. અહા! આ વખતે વિશુદ્ધ સ્નેહિ, વિયોગી જનોને અરસપરસના મીલનથી કેટલો આનંદ થયો હશે! નળ અને દમયંતી મળ્યાં અને દુઃખ સુખના આંસુ સાર્યાં. રાજા ભીમક ત્યાં આવ્યા અને નળને જોઈ આનંદ પામ્યા.

દધિપર્ણ પણ ત્યાં આવ્યા. નળ જેવા પુણ્યશાળી જીવને દુઃખ વખતે પોતે આશ્રય આપ્યો એ અભિમાનથી તેના આનંદનો પણ પાર ન રહ્યો.

નળરાજા સૈન્ય લઈ અયોધ્યા આવ્યા અને કુબેરને હરાવી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. ઉપકારી જનો અપકારના બદલામાં પણ ઉપકાર જ કરે છે એ ન્યાયે કુબેરને યુવરાજપદે સ્થાપી કેટલાક ગામો તેની હકુમતમાં મૂક્યાં. ન્યાય અને નીતિથી કેટલાંક વર્ષો સુધી રાજ્યાસને રહી નળ રાજા રાજ્યકાર્યમાંથી નિવૃત્ત થયા. પોતાના પુત્ર પુષ્કરને રાજ્ય કારભાર સોંપી નળ અને દમયંતી દીક્ષા લઈ ચાલી નીકળ્યાં અને આત્મ સાધના કરવા લાગ્યાં. સખ્ત તપ જપ ક્રિયાઓ કરી, અંતિમ સમયે અનશન આદરી તેઓ સર્વ કર્મથી મૂક્ત બન્યાં અને નિર્વાણ પદને પામ્યાં.

ધન્ય છે! નળ દમયંતી જેવાં સત્યવાદી યુગલને! ત્હેમને આપણા અનેક વંદન હોજો.

# ૩ હરિશ્ચંદ્ર તારામતી

સોળમા શ્રી શાંતિનાથ ભગવાનના સમયમાં અયોધ્યાની રાજગાદીપર એક મહાન પ્રતાપી અને સત્યવાન રાજા થઇ ગયા. ચંદ્રવંશી કુળના આ પુણ્યશાળી રાજાનું નામ હરિશ્ચંદ્ર. તેમની રાણીનું નામ તારામતી. તારામતી પણ શીલપ્રધાન અને ધર્મિષ્ઠ હતી. પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી, પતિ આજ્ઞા પ્રમાણે સર્વદા ચાલનારી અને પતિવ્રત-ધર્મને પાળનાર હતી. ઉભય રાજા રાણીએ, ધર્મના અવતાર રૂપે જ અને જગત જીવોને અહિંસા અને સત્યનો બોધ-પાઠ શીખવવા આ અવનિ પર જન્મ ન ધર્યો હોય! તેવું તેમનું ચારિત્ર હતું. જેમ રામ અને સીતા, પાંડવ અને દ્રૌપદી, નળ અને દમયંતી આદિ મહાન સ્ત્રી-પુરૂષ વિભૂતિ-ઓએ સુખ દુઃખના પ્રસંગો સમભાવ અને ગંભીરતાથી પસાર કર્યા, તેમ હરિશ્ચંદ્ર અને તારામતીએ પણ સુખમાં નિરભિમાનપણું અને દુઃખમાં અપૂર્વ સહનશીલતા દાખવી પોતાનું જીવન જગતને આદર્શ રૂપ કરી બતાવ્યું. તે આપણે તેઓનાં આ ઉજ્જવળ ચરિત્રથી જાણીશું.

રાજા હરિશ્ચંદ્ર અયોધ્યાની ગાદી પર આવ્યા બાદ પોતાની પ્રજાનું પુત્રસમ પાલન કરતા. તેમના રાજ્યમાં કર, વેઠ, જુલ્મ ઇત્યાદિનું નામ ન હતું. ચોર લુંટારાનો ભય પણ ન હતો. જ્યાં રાજા સત્યવાન અને ન્યાયી હોય,

જેના રાજ્યમાં પ્રજાને કોઇ જાતનો અસંતોષ ન હોય, ત્યાં ચોર લુંટારાનો ભય પણ ક્યાં હોય? એકંદર રાજા-પ્રજાને અરસ્પરસ પિતા પુત્ર જેવો સંબંધ હતો, એટલે પ્રજા પણ સુખી અને પૈસે ટકે સમૃદ્ધ હતી.

એકદા પ્રસંગે કોઈ એક સ્થવીર મહાત્મા અયોધ્યા નગરીના ઉદ્યાનમાં પધાર્યા. પ્રજાગણના પૂર રાજમાર્ગ પર થઇને ઉદ્યાન તરફ તે મહાત્માના દર્શનાર્થે જવા લાગ્યાં. રાજા હરિશ્ચંદ્રે જાણ્યું કે પંચ મહાવ્રતના પાળનાર, દયાના સાગર, ગુણના ભંડાર, આત્માર્થી જૈનમુનિ મહારાજ પધાર્યા છે, ત્યારે તેમને ખૂબ આનંદ થયો અને પોતે ચતુરંગી સેના લઈને તે મહાત્માને વંદન કરવા ઉદ્યાનમાં આવ્યા. મુનિને ભાવયુક્ત વંદન કરી રાજા હરિશ્ચંદ્ર નીચે બેઠા. આસપાસ સૈન્ય બેઠું. મુનિએ ધર્મદેશના શરૂ કરીઃ–હે ભવ્ય જીવો, આ સંસાર આધિ, વ્યાધિ અને ઉપાધિથી ભરપુર છે. જગત જીવો આજીવિકા અને જીંદગીના મોહ વૈભવમાં મશગુલ બનીને પોતાનું જીવન વેડફી નાખે છે અને કંઈ સત્કર્મ કરતા નથી. ધર્મ એજ માત્ર જીવને શરણ રૂપ છે. લાંબી મુસાફરીએ જનાર યાત્રિકને જેમ ખાન પાન માટે ભાથાની જરૂર છે, તેમ મોક્ષ રૂપી મોટી મજલ કરવા માટે પુણ્ય સામગ્રી રૂપ ભાથાની જરૂર છે. જીવ ખાલી હાથે આવે છે, અને ખાલી હાથે ચાલ્યો જાય છે. ધન, વૈભવ, વાડી, વજીફા, પુત્ર, કલત્ર, સગાં, કુટુંબીજનો એ સર્વ અહિંજ પડયા રહે છે, કોઈ સાથે આવતું નથી;

માત્ર જીવે કરેલાં શુભાશુભ કર્મો જ સાથે આવે છે. પુણ્ય વડે સદ્‌ગતિ મેળવાય છે. પાપ વડે દુર્ગતિ પમાય છે. માટે સદ્‌ગતિની ઈચ્છા હોય, અને ભવ ભ્રમણના અનંત દુઃખોથી મુક્ત થવું હોય તો સત્ય બોલો, સર્વ જીવો પર દયા કરો, મનથી પણ કોઈ પ્રાણીનું અહિત ન ઈચ્છો, શિયળ (બ્રહ્મચર્ય)નું સેવન કરો અને પરમાર્થે દાન આપી આત્માનું કલ્યાણ કરો. તે માટે સાધુ અને શ્રાવક એ બે પ્રકારના ધર્મો છે, તેમાંથી તમને રૂચે તે ધર્મ અંગીકાર કરો.

મુનિનું આ વ્યાખ્યાન શ્રોતાજનોના હૃદયમાં સોંસરૂં ઉતરી ગયું. કેટલાકોએ ત્યાં ત્યાગ દશા સ્વીકારી, કેટલાકોએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો, પછી પ્રજા પોતપોતાનાં સ્થાને ગઇ. મહારાજા હરિશ્ચંદ્રને પણ મુનિનો આ ઉપદેશ રગેરગમાં પ્રસરી ગયો. તેમણે ઉભા થઈ મુનિને નમસ્કાર કર્યા અને કહ્યું:–' હે પ્રભુ! મ્હને આપનો ધર્મ રૂચ્યો છે. જો કે હું ત્યાગ દશા સ્વીકારી શકતો નથી, પરંતુ મને શ્રાવક ધર્મ અંગીકાર કરાવો. હું તેનું બરાબર પાલન કરીશ. મુનિએ મહારાજા હરિશ્ચંદ્રને શ્રાવકધર્મ અંગીકાર કરાવ્યો. રાજા હરિશ્ચંદ્ર ત્યાંથી મુનિને વંદન કરી સ્વસ્થાનકે આવ્યા અને ન્યાયપુરઃસર પ્રજાપાલન કરવા લાગ્યા.

સત્યવાદી રાજા હરિશ્ચંદ્રના સત્યની અને તેમની અડગ ધર્મશ્રદ્ધાની આખા જગતપર ઠેર ઠેર પ્રશંસા થવા લાગી. એકવાર ઇંદ્ર મહારાજા સભા ભરીને બેઠા છે તેવામાં ઈંદ્ર મહારાજે હરિશ્ચંદ્રની ટેકના સભામાં વખાણ કર્યા.

મહાન પુરૂષોની વધતી જતી કીર્તિ જગતના એવા કેટલાક ક્ષુલ્લક મનુષ્યોથી સહન થતી નથી, એટલુંજ નહિ પરંતુ દેવલોકમાંના કેટલાક મિથ્યાત્વી દેવોથી પણ તે કીર્તિ સહન થતી નથી. રાજા હરિશ્ચંદ્રની બાબતમાં પણ એમજ થયું. દેવલોકમાંના એક મિથ્યાત્વી દેવને હરિશ્ચંદ્રની પ્રશંસાની અદેખાઈ થઈ આવી, અને તેણે કોઈરીતે હરિશ્ચંદ્રને તેના સત્યથી ડગાવવાનો નિરધાર કર્યો.

મિથ્યાત્વી દેવે એક માયાવી તાપસનું રૂપ બનાવ્યું. અને તે હરિશ્ચંદ્ર રાજાની સભામાં આવી ઉભો રહ્યો. તાપસને જોઈને હરિશ્ચંદ્રે કહ્યું:–મહારાજ, આપનું શા કારણે અહિં આગમન થયું છે, તે કૃપા કરીને જણાવશો?

તાપસ બોલ્યો—મહારાજા હરિશ્ચંદ્ર, ત્હમે પ્રજાપાલક કહેવાઓ છો, સત્યવાન, ધર્મિષ્ઠ અને પરોપકારી છો. તો કૃપા કરી અમારૂં દુઃખ દૂર કરશો એવી નમ્ર પ્રાર્થના છે.

હરિશ્ચંદ્ર—કહો મહારાજ, આપને એવું શું દુઃખ છે?

તાપસ—હે રાજન્. અમે ઘણા તાપસો અને તાપસણીઓ અયોધ્યા નગરની બહાર આશ્રમ બાંધી તપ કરીયે છીએ. ત્યાં રોજ એક વરાહ (ડુક્કર) આવે છે અને અમને હેરાન કરે છે. આજ સુધીમાં તેણે અમારામાંના નવ તાપસ અને એક તાપસણીને મારી નાખ્યા છે; તો કૃપા કરી આપ અમને તેના ત્રાસમાંથી મુક્ત કરો તો ઘણોજ ઉપકાર થશે.

હરિશ્ચંદ્ર—ઓહો, યોગિરાજ, એમાં તે શી મોટી

વાત છે. ચાલો! બતાવો મ્હને તે ડુક્કર. હું હમણાજ તેને મારી આપને ભયરહિત કરૂં છું, એમ કહી રાજા પોતાના હાથમાં ધનુષ્ય બાણ લઈ તાપસની સાથે ચાલ્યો અને અયોધ્યા નગરીની બહાર આશ્રમ પાસે આવ્યો. દેવમાયાથી ડુક્કર ત્યાં રાજાના જોવામાં આવ્યું. તાપસે કહ્યું. રાજન્, આ જાય છે તે જ ડુક્કર. રાજાએ તાકીને તે ડુક્કર તરફ પોતાનું બાણ છોડયું. પરંતુ દેવની માયાથી વચમાં એક હરણુ આવી ગયું. રાજાનું બાણુ તે હરણુના કપાળમાં વાગ્યું. હરણુ વિંધાયું અને ભયંકર ચીસ પાડી મૃત્યુને શરણુ થઈ ગયું. રાજાએ જાણ્યું કે ડુક્કરને મારવા જતાં અચાનક વચ્ચે એક હરણ આવીને વિંધાઈ ગયું. ત્યારે રાજા બહુ ખેદ પામ્યો. હરણુ જીવે છે કે મૃત્યુ પામ્યું છે તેની ખાત્રી કરવા રાજા હરણુની પાસે ગયો. તો તે હરિણી હતી અને સગર્ભા હતી. એટલે રાજાની ચિંતાનો પાર ન રહ્યો. બે નિરપરાધી જીવોની વગર વાંકે હત્યા કર્યા બદલ રાજાને ઘણો પસ્તાવો થયો. તે વિચારવા લાગ્યો. અહો! હું આ ભયંકર પાપમાંથી હવે કેમ છૂટી શકીશ! તેવામાં દેવમાયાથી એક બીજો તાપસ, પોતાના એક શિષ્ય સાથે ત્યાં આવી પહોંચ્યો, અને રાજાને કહ્યું, રાજન્, આ મારી હરિણી કોણે મારી?

હરિશ્ચંદ્ર બોલ્યોઃ-દેવ, અજાણુતા મ્હારા હાથથી તેનું મૃત્યુ થયું છે. મ્હને ક્ષમા કરો.

'તે નહિ બને! મારી હરિણી જીવતી કરો, અને મ્હને પાછી સોંપો.' તાપસે ક્રોધપૂર્વક જણાવ્યું.

'મહારાજ, તે હવે જીવતી કેમ થાય?' હરિશ્ચંદ્રે કહ્યું.

'ગમે તેમ કર. શું તું આમ અન્યાયથી રાજ્ય ચલાવે છે!'

'નહિ મહારાજ, મ્હને તે બાબત ઘણો પશ્ચાત્તાપ થાય છે. હું આપને મૃત્યુ પામેલી હરિણી પાછી આપી શકું તેમ નથી. બદલામાં આપ જે માગો તે સર્વ આપવા હું આ ક્ષણે તૈયાર છું.' રાજા હરિશ્ચંદ્રે ગદ્‌ગદિત કંઠે કહ્યું.

તાપસ બોલ્યો. ત્હારૂં આખું રાજ્ય જોઈએ, બોલ સત્યવાદી રાજા. તું વચન પ્રમાણે આપવા તૈયાર છું?

'કબુલ છે, મહારાજ. મ્હારૂં વચન મિથ્યા નહિ થાય.' હરિશ્ચંદ્રે નિશ્ચયાત્મક ભાવથી જણાવ્યું.

'તો ચાલ. સોંપીદે મ્હને ત્હારૂં આખું રાજ્ય, અને થઈ જા તું પદભ્રષ્ટ!'

હરિશ્ચંદ્રે કહ્યું. ચાલો મહારાજ રાજ્યમંદિરે, હું આપનો રાજ્યાભિષેક કરાવું.

અહા! એક નિરપરાધી પશુના પ્રાણહરણ બદલ હરિશ્ચંદ્ર રાજા પોતાનું આખું રાજ્ય તાપસને સોંપવા તૈયાર થયો. બંને જણ ચાલવા લાગ્યા. તેવામાં તેનો શિષ્ય એકદમ બોલી ઉઠયો: ઉભા રહો, ગુરૂમહારાજ, ત્હમે તો હરિણીની હત્યા બદલ તેનું રાજ્ય માગ્યું, પણ તેના બચ્ચાંનું શું? હું તો તે બચ્ચું લીધા વગર રાજાને છોડનાર નથી.

હરિશ્ચંદ્ર વિચારમાં પડયો: ખરેખર મેં પાપીએ બે જીવોની ઘાત કરી છે. જ્યાં સુધી હું અને મ્હારી સ્ત્રી તારામતી બે જીવના બદલામાં બે જીવો ન આપીએ, ત્યાં સુધી

**તેની કિંમત વસુલ થઈ શકતી નથી.** તો પણ હરિશ્ચંદ્ર વિચાર કરી બોલ્યો: મહારાજ, હું તમને તેના બદલે એક લાખ સોના મ્હોરો આપું તો?

'તો મ્હારે તે કબુલ છે.' શિષ્ય બોલ્યો.

તાપસનો રાજ્યાભિષેક થયો અને તે અયોધ્યાની રાજ-ગાદી પર બેઠો, એટલે પેલા શિષ્યે એક લાખ સોના મ્હોરો માગી. હરિશ્ચંદ્રે વિચાર કર્યો કે મેં મ્હારૂં આખું રાજ્ય યોગીને આધીન કર્યું છે, તો તેના ભંડારમાંની એક રાતી પાઈ પણ મ્હારે ખપે નહિ. એટલે રાજા હરિશ્ચંદ્ર નગરના ધનાઢ્ય ગૃહસ્થો પાસે ગયો અને એક લાખ સોનામ્હોરોની માગણી કરી. પરંતુ તે પહેલાં તો તાપસે આખા નગરમાં ઢંઢેરો પીટાવી દીધો હતો કે મ્હારી રજા વગર કોઈ પણ હરિશ્ચંદ્રને આશ્રય ન આપે, તેમજ કંઇ પણ રકમ આપશે તો હું તેને દેહાંત દંડની શિક્ષા કરીશ. આથી નગર જનો-માંના કોઈ હરિશ્ચંદ્રને કંઈપણ આપી શકયા નહિ. હરિશ્ચંદ્ર હતાશ થયો અને મન સાથે બોલી ઉઠયો. હા દૈવ! ત્હારી ગતિ ગહન છે! ભલે ગમે તે સંકટ પડે, હું તાપસ-રાજના દેવામાંથી મુક્ત તો થઈશ. એમ વિચાર કરી તે તાપસ પાસે આવ્યો અને કહ્યું. મહારાજ, હું આપની રકમ એક મહિનામાં આપને આપીશ. કૃપા કરી એટલી મુદતની મ્હને રાહત આપો. તાપસે તે કબુલ કર્યું.

રાજા હરિશ્ચંદ્ર રાજ્ય છોડી વનમાં જવા તૈયાર થયો. એટલે સતી તારામતી પોતાના બાળપુત્રને સાથે લઈ હરિશ્ચંદ્ર

પાસે આવી અને બોલી:—નાથ, મ્હને સાથે લેતા જાવ. જવાબમાં હરિશ્ચંદ્ર બોલ્યો: દેવી, વનનાં દુ:ખો તમારાથી સહન નહિ થાય. તમે સુકોમળ છો, માટે આ રાજ્યમાં રહી તમારા શિયળનું રક્ષણ કરો. તાપસદેવ તમારૂં પાલન કરશે.

નહિ નાથ, હું આપના વગર એક ઘડી પણ જીવી શકીશ નહિ. ગમે તેટલાં સંકટો પડશે છતાં હું આપની છાયામાં રહી તે સહન કરીશ; પણ કૃપા કરી મ્હને તરછોડીને ન જશો. સતીના નમ્ર અને સ્નેહાળ વચનોથી રાજા હરિશ્ચંદ્ર પીગળ્યો અને સતીને સાથે લઈ જવા કબુલ થયો. તેવામાં તાપસ હરિશ્ચંદ્ર પાસે આવી ઉભો રહ્યો અને બોલ્યો:—શું હજુ તું નગરની બ્હાર નથી નીકળ્યો ? જા, મ્હારો હુકમ છે કે હમણાંજ તું આ નગર છોડી ચાલ્યો જા.

હરિશ્ચંદ્ર—મહારાજ, સતી તારામતી સાથે આવવા ઇચ્છે છે. આપની રજા હોય તો તેને તથા પુત્ર રોહિતને હું સાથે લઈ જાઉં.

તાપસ—નહિ રાજા, મ્હારો સખ્ત હુકમ છે કે ત્હારે એકલાને જ આ નગર છોડી ચાલ્યા જવું.

આ સાંભળી હરિશ્ચંદ્ર બોલ્યો: તાપસરાજ! આપની આજ્ઞા હું શીર ચડાવું છું. આપ બુદ્ધિમાન છો, દયાના અવતાર છો, તો સતી તારામતીને આપ સુખપૂર્વક રાખજો, ત્હેના શિયળનું સંરક્ષણ કરજો અને તેને કોઇ રીતે ઓછું આવવા ન દેશો. પુત્ર રોહિતને ભણાવજો, એટલી મ્હારી આપને નમ્ર વિનંતિ છે. પતિની આજ્ઞા માથે ચડાવનારી સતી તારામતી આ પ્રસંગે કંઈપણ બોલી નહિ અને સ્તબ્ધ થઇ મૌન

ઉભી રહી. તેવામાં હરિશ્ચંદ્ર રાજાનો એક વફાદાર સેવક ત્યાં આવી પહોંચ્યો. તેને ખૂબ લાગી આવવાથી તાપસ પ્રત્યે તે બોલ્યો. મહારાજ! કંઈક તો દયા રાખો. અમારા રાજાનું આખું રાજ્ય તો લઈ લીધું, પણ સતી તારામતી અને બાળપુત્ર રોહિતને તો તેમની સાથે જવા દ્યો.

આ સાંભળી તાપસને ક્રોધ ચડયો. એટલે તાપસે આ બોલનાર સેવકને પોતાની માયાથી શિયાળ બનાવી દીધું. અને તે દોડતું દોડતું જંગલમાં ચાલી ગયું. આ દૃશ્ય જોઈ હરિ-શ્ચંદ્ર બોલી ઉઠયો:–મહારાજ, આપ ક્રોધ ન કરો. હું આ ક્ષણેજ આપની ઇચ્છા મુજબ તારામતીને અહિં મૂકી ચાલ્યો જાઉં છું. એમ કહી હરિશ્ચંદ્ર સત્વર ત્યાંથી ચાલતો થયો. કેટલેક દૂર ગયા બાદ તાપસે હરિશ્ચંદ્રને પાછો બોલાવવા બૂમ પાડી. હરિશ્ચંદ્ર પાછો ફર્યો અને બોલ્યો:–શો હુકમ છે મહારાજ! તાપસ બોલ્યો: જા લઈજા તારામતી અને રોહિ-તને તારી સાથે. મારી આજ્ઞા છે.

હરિશ્ચંદ્ર—ભલે કૃપાળુ દેવ, આપની આજ્ઞા મ્હારે શિરસાવંદ્ય છે.

ત્રણે જણાં જંગલ માર્ગે ચાલવા લાગ્યાં. કાંટા કાંકરા ખુંદતાં, પહાડ પર્વતો વટાવતાં તેઓ જંગલમાં આવી પહોંચ્યાં. રાજા હરિશ્ચંદ્ર સત્યને ખાતર જંગલમાં વસ્યો અને જંગલને મંગલ કરી માનવા લાગ્યો. સતી તારામતી કે જેણે અદ્યાપિ ટાઢ તડકો વેઠયો ન હતો, તે પણ જંગલનાં સર્વ કષ્ટો પ્રેમપૂર્વક સહન કરવા લાગી. કુમાર રોહિત સદ્ગુણી પિતાનો સદ્ગુણી પુત્ર હતો. તે પણ સમયને માન આપી જે

કાંઈ ખાવા મળે તેમાંજ સંતોષ માનતો. મેવા-મીઠાઈ ને બદલે આજ તેને ફળફળાદિ ખાઈ ને પોતાની ક્ષુધા સમાવવી પડતી, છતાં તે કોઈ દહાડો મેવા-મીઠાઈ કે સારી ચીજ ખાવાની માગણી કરી કલેશ કરતો નહિ. અહા, પુણ્યશાળી જીવોને પુત્રો પણ કેવા સુખકર્તા નીવડે છે!

મધ્ય રાત્રિનો સમય થવા આવ્યો હતો. આખું જગત અત્યારે શાંત નિદ્રા લેતું હતું તે વખતે હરિશ્ચંદ્ર, તારામતી અને પુત્ર રોહિત જંગલમાં એક ઝુંપડામાં સૂતા હતા. પરંતુ હરિશ્ચંદ્રને ઉંઘ આવતી ન હતી. તેનું હૃદય અત્યારે બેચેન હતું. તે ક્ષણેક્ષણે અંતરમાંથી નિરાશાના ઉદ્દગારો કાઢતો હતો અને દુઃખ અનુભવતો હતો. અચાનક તારામતી જાગૃત થઈ. હરિશ્ચંદ્ર સામે દૃષ્ટિ કરી તો હરિશ્ચંદ્રનું સુખ-વદન નિસ્તેજ જણાયું. નિરાશાના ચિન્હો નજરે પડતાં, સતીએ હરિશ્ચંદ્રને ચિંતા કરવાનું કારણ પૂછતાં કહ્યું: નાથ, અત્યારે આપ શાની ચિંતા કરો છો? સત્યને ખાતર રાજ્ય ગયું, તો શું થઈ ગયું? નાથ, પ્રાણ કેમ જતો નથી? માટે આપ હિંમત રાખી ચિંતા છોડી દો.

હરિશ્ચંદ્રે જવાબ આપ્યો: દેવી, રાજ્ય ગયું તેની મને કશી ફીકર નથી. પરંતુ ફીકર માત્ર મ્હારા વચનની છે. તાપસને આપણે એક લાખ સોનામહોરો એક માસમાં આપવાની કહી છે. તેને આજે પચીસ દિવસ તો થઈ ગયા. છતાં પણ તેની સગવડ અદ્યાપિ થઇ નથી. આપણે હવે હરકોઇ રીતે તે દેવું આપી ઋણ મુક્ત થવું જોઇએ. તે દેવું કઈ રીતે આપવું તેનીજ મ્હને અત્યારે ફીકર થઈ રહી છે.

આ સાંભળી તારામતી બોલીઃ નાથ, આપ ચિંતા ન કરો. આપની દાસી તારામતી આપની ચિંતા નાશ કરવા તૈયાર છે. આપ મ્હને શહેરમાં લઈ જઈને વેચો અને બદલાની એક લાખ સોના મ્હોરો લઈ આપનું વચન યથાર્થ અદા કરો. નાથ, હું ગમે ત્યાં જઈશ, હલકામાં હલકું દાસત્વનું કામ કરીશ; પરંતુ પ્રાણ જતાં પણ મ્હારો શિયળધર્મ હું ચુકીશ નહિ, તેની આપ ખાત્રી રાખશો. નાથ, આપ આપના વચનનું આનંદપૂર્વક પાલન કરો.

ઉપર્યુક્ત શબ્દો સતીના મ્હોડામાંથી સાંભળતાંજ હરિશ્ચંદ્ર આશ્ચર્યચકિત થઈ બોલી ઉઠયોઃ–સતી, ત્હારા આ શબ્દો સાંભળતાં મ્હારૂં હૃદય ચુર્ણ વિચુર્ણ થઈ જાય છે. જેમ છાતીમાં કટાર ભોંકાય, તેવી મ્હારી સ્થિતિ થઈ પડી છે. એક તરફથી વચનનો સવાલ છે. બીજી તરફ વ્હાલી પ્રિયતમાને વેચી નિષ્ઠૂરતા બતાવવાની છે. સતી, મ્હારૂં હૃદય મુંઝાય છે, તેથી હવે શું કરવું તે મ્હને કાંઇ સૂઝતું નથી.

નાથ, અનેક તર્ક કરવાથી આપના હૃદયને આઘાત લાગશે અને કદાચ શરીર પર તેની અસર થશે. માટે આપ મ્હારા કહ્યા પ્રમાણે વ્યવસ્થા અવશ્ય કરો. પ્રભુ હમેશાં સત્યનો સહાયક છે.

‘ભલે, આપણે પ્રભાત થતાં તેમજ કરીશું અને આપણું સત્ય હરકોઈ રીતે સાચવશું.’ એવો અન્યોન્ય નિશ્ચય કરી તેઓ શાંત નિદ્રાને સ્વાધીન થયાં.

પ્રભાત થયું. સતી તારામતી અને હરિશ્ચંદ્ર જાગૃત થયા. નવકારમંત્રનું સ્મરણ કર્યું. રાજા હરિશ્ચંદ્રે સતી તારામતીને

વેચવા કાશી નગર તરફ પ્રયાણ કર્યું. આગળ ચાલતાં ગંગા નદીના કિનારા પર એક વૃદ્ધ ડોશી હાથમાં મીઠાઈનો થાળ લઈ તેમના સામે આવી ઉભી રહી અને બોલી: અહોહો! રાજા હરિશ્ચંદ્ર, ત્હારી આ દશા!

હરિશ્ચંદ્રે જવાબ આપ્યો: હા, ડોસીમા. જેવી કર્મની ગતિ, ત્હેમાં અફસોસ કરવા જેવું કંઈજ નથી. પણ ડોશીમા ત્હમે અહિં કયાંથી?

ડોશી બોલી: મહારાજ, હું કાશીનગરમાં કામ સારૂં ગઈ હતી. હવે મારે અયોધ્યા જવું છે, તો કૃપા કરી રસ્તો બતાવશો?

હા. ડોસીમા. જુઓ. અહિંથી ડાબા હાથે અયોધ્યા નગરી આવે છે હરિશ્ચંદ્રે ત્હેને રસ્તો બતાવ્યો. ડોસીએ ત્હેનો ઉપકાર માન્યો અને મિઠાઈનો થાળ આપતાં કહ્યું. લ્યો મહારાજા આ થાળ; બાળકુમારને તેમાંથી ખાવાનું આપજો. જંગલના દુઃખો સમભાવે સહન કરજો. થોડાજ વખતમાં તમારાં દુઃખનો અંત આવશે. એટલું બોલી ડોશી અયોધ્યાના માર્ગે ચાલી. અને થોડુંક ચાલતામાં તો તે અદ્રશ્ય થઈ ગઈ. ( આ ડોશી તે માયા સ્વરૂપી દેવ. )

ત્યાંથી રાજા હરિશ્ચંદ્ર આગળ ચાલ્યો. કેટલેક દૂર ગયા બાદ કાશી નગરીની ગગનચુંબી હવેલીઓ દેખાવા લાગી; એટલે હરિશ્ચંદ્ર તારામતી આનંદ પામ્યાં. ત્યાંથી તેઓ કાશીનગરીના દરવાજામાં પેઠા અને મધ્ય બજારના ચોકમાં આવી ઉભા રહ્યા. રાજા હરિશ્ચંદ્ર જતાં આવતાં મનુષ્યોને સંબોધીને કહેવા લાગ્યો:-અહો! કોઈ સજ્જન પુરૂષ આ

મ્હારી સ્ત્રીને ખરીદ કરશે? તેવામાં એક બ્રાહ્મણ ત્યાંથી નીકળ્યો. તારામતીનું રૂપ દેખતાંજ તે મોહ પામ્યો. તે સુખી હતો. તેણે હરિશ્ચંદ્ર પ્રત્યે કહ્યું: મ્હારે તમારી સ્ત્રી ખરીદવી છે. બોલો, શી કિંમત લેશો?

'એક લાખ સોના મ્હોર.' હરિશ્ચંદ્રે કહ્યું.

બ્રાહ્મણ કબુલ થયો. તેણે હરિશ્ચંદ્રને એક લાખ સોના-મ્હોરો ગણી આપી અને તારામતીને લઈ ચાલવા લાગ્યો. તારામતીને જતાં જોઈ પુત્ર રોહિત તેની પાછળ પડયો. તેણે સાથે આવવાનું કહ્યું. ત્યારે તારામતી બોલી: બેટા રોહિત! તું તારા પિતા પાસે રહે, કેમકે હું વેચાણી છું. તેથી મ્હારી સાથે આવીશ તો તને દુઃખ પડશે. આ સાંભળી કિશોર વયનો રોહિત બોલી ઉઠયો: બા, હું તો મ્હારા પિતા પાસે ઘડીવાર પણ નહિ રહું. હું તો તારી સાથે જ આવીશ. પુત્ર વાત્સલ્યથી માતાનું હૃદય રડી ઉઠયું! પેલા બ્રાહ્મણને તેની દયા આવી એટલે પુત્રને સાથે લઈ લેવાનું તેણે તારામતીને કહ્યું. તારામતી રોહિતને સાથે લઈ બ્રાહ્મણની સાથે તેને ઘેર ગઈ. સતી તારામતીને જતી જોઈ રાજા હરિશ્ચંદ્ર મૂર્છા પામી નીચે જમીનપર ઢળી પડયો. આ વખતનું દૃશ્ય કેટલું કરૂણાજનક હશે, તેનો ખ્યાલ વાંચકો સ્વતઃ કરી લેશે. થોડીવારે શુદ્ધિ આવતાં હરિશ્ચંદ્ર ઉભો થયો અને આગળ ચાલવા લાગ્યો. તો એક થાંભલા સાથે તે અથડાયો. હરિશ્ચંદ્રના કપાળમાંથી લોહીની ધારા વહેવા લાગી. આ તરફ હરિશ્ચં-દ્રને છોડીને જતી તારામતી પણ એક ભીંત સાથે અથડાઈ અને અચેત થઈને ધરણીપર ઢળી પડી. અહા કર્મ! ત્હારી

પણ કળા ન્યારી છે. એક સત્યને ખાતર રાજ્ય છોડયું અને વચન સાચવવાને માટે મહાન રાજાને સતી સ્ત્રીને વેચવાની ફરજ પડી. ખરેખર કર્મની બલિહારી છે. કર્મ કોઈનેય છોડતું નથી. સતી સીતા અને દમયંતી, ચંદનબાળા અને કલાવતી, સતી દ્રૌપદી અને અંજના કર્મ પ્રભાવે મહાદુઃખને પામ્યાં. મહાન મહાવીરને પણ પૂર્વ કર્મના પ્રાબલ્યથી કાનમાં ખીલા ઠોકાયા. પાર્શ્વનાથ પ્રભુને પણ કમઠ તાપસે મહા પરિતાપ આપ્યો. ખરેખર એ સર્વ કર્મના ચમત્કાર છે. સૌને કર્મની વેદિ પર નાચવું પડે છે.

તારામતી કર્મના પ્રભાવે બ્રાહ્મણને ત્યાં વેચાણી અને દાસીનું કામ કરવા લાગી. સોાણું, ઝાટકવું, વાસીદું વાળવું, પાણી ભરવું, કપડાં ધોવાં ઈત્યાદિ કામકાજ કરવા લાગી. થોડાક દિવસો પસાર થયા બાદ એકવાર બ્રાહ્મણ તારામતી પાસે આવ્યો અને મીઠા શબ્દોથી તેને કહેવા લાગ્યોઃ દેવી, તમારા જેવી સુંદર સ્ત્રીને આવું દાસત્વનું કામ કરવું છાજે નહિ. માટે ત્હમે તે કામ છોડી દો. આ ઘર તમારૂં જ છે, એમ માનો. મ્હારી સર્વ સંપત્તિના તમે માલિક બનો. અને મ્હારી સાથે પ્રેમ સુખ ભોગવો. નાહક શા સારૂં દુઃખી થાવ છો ! કામાંધ બ્રાહ્મણના આ શબ્દો તારામતીને કારમા ઘા સમાન લાગ્યા. તે સમજી કે ખરેખર આ બ્રાહ્મણની દાનત ભ્રષ્ટ થઈ છે. માટે તેને સમજાવીને ઠેકાણે આણવો જોઇએ. એમ વિચારી તારામતીએ જવાબ આપ્યોઃ ભૂદેવ, મ્હારી સામે અયોગ્ય શબ્દો ઉચ્ચારતાં જરા વિચાર કરજો. હું હલકા કુળની સ્ત્રી નથી. ત્હમે મ્હને હજુ ઓળખી શકયા નથી. હું

એક ક્ષત્રી રાજાની પુત્રી છું. સત્ય–ટેકને ખાતર રાજ્ય લક્ષ્મી, અનુચરો, ધન વૈભવ, સુંદર મ્હેલાતો એ સઘળાંનો મેં ત્યાગ કર્યો છે. એટલે કદાપિ આખી દુનિયાનું રાજ્ય મ્હારે સ્વાધીન કરવા કોઈ ચક્રવર્તી કે દેવ આવે, અને પોતાની દુષ્ટ વાસના મારી પાસે જાહેર કરે તોપણ હું મ્હારૂં શિયળ ખંડિત ન કરૂં. તો ત્હમે તો કોણ માત્ર! વળી કોઈ ભયંકર જુલ્મી મ્હારા પર બળાત્કાર કરે, તો હું પ્રાણનો ભોગ આપીને પણ મ્હારા સતીધર્મનું રક્ષણ કરવા સમર્થ છું. માટે ભાઇ, થોડામાં સમજી જા અને ત્હારા દુષ્ટ વિચારોને છોડી આશ્રયે આવેલા દુઃખી જનોનું રક્ષણ કર.

સતીના આ શબ્દો બ્રાહ્મણના હૃદયમાં ચમત્કારિક અસર કરનારા નિવડયા. પોતે કરેલ અયોગ્ય માગણીનો પશ્ચાત્તાપ કરી બ્રાહ્મણે સતીની માફી માગી. અને પોતાની સગી બ્હેન તરીકે ગણી રક્ષણ કરવાનું તારામતીને વચન આપ્યું.

\+ \+ \+

આ તરફ હરિશ્ચંદ્ર એક લાખ સોના મહોર લઈ કાશી નગરીના દરવાજાની બહાર નીકળ્યો કે તરતજ પેલો માયા સ્વરૂપી તાપસ ત્હેને સામે મળ્યો અને કહ્યું: હરિશ્ચંદ્ર, તમે વચન આપ્યા પ્રમાણે હવે લાવો લાખ સોના મ્હોર. રાજા હરિશ્ચંદ્રે તરતજ તે રકમ તાપસના ચરણોમાં નમ્રતાપૂર્વક ધરી દીધી અને પોતાનું વચન બરાબર પળાયું એથી ખુશ થઈ પોતાના જીવનનું અહોભાગ્ય માનવા લાગ્યો. ત્યાંથી તે જંગલ માર્ગે જવા નીકળ્યો. રસ્તામાં હરિશ્ચંદ્રે વિચાર કર્યો, કે વચન તો બરાબર પ્રભુયોગે સિદ્ધ થયું. પણ હવે મારે મારા

ઉદર નિર્વાહનું કંઈક સાધન કરવું જોઈએ. એવો વિચાર કરતો, ચિંતામગ્ન સ્થિતિમાં તે ચાલ્યો જાય છે. તેવામાં એક અતિ દુર્ગંધવાળો અને લોહી ખરડાયલાં વસ્ત્રોવાળો વૃદ્ધ ચંડાળ તેને મળ્યો. તેણે હરિશ્ચંદ્રને કહ્યું. અલ્યા છોકરા, ત્હારે નોકરીમાં રહેવું છે?

સમય વિચારી હરિશ્ચંદ્રે હા કહી. એટલે ચંડાળે કહ્યું. ત્યારે ચાલ મ્હારી સાથે, હું તને કામ સોંપું. હરિશ્ચંદ્ર ચંડાળની સાથે તેને ઘેર ગયો. ચંડાળે કહ્યું. જો, ત્હારે રાત અને દિવસ આ સ્મશાનમાં ચોકી કરવી. કોઈ મુડદું અહિંયાં બાળવા માટે લાવવામાં આવે, તો તારે તેનું કફન લઈ લેવું અને કરની એક સોનામ્હોર લેવી. હરિશ્ચંદ્રે આ શરત સ્વીકારી અને ચંડાળને ત્યાં નોકરી રહ્યો.

હવે પેલા બ્રાહ્મણને ત્યાંથી એકવાર તારામતી સરોવર પર પાણી ભરવા આવી. સાથે પુત્ર રોહિત છે, તારામતી પાણી ભરે છે, રોહિત રમતો રમતો બગીચામાં જાય છે અને રંગબેરંગી ફૂલો ચૂંટે છે. તેવામાં પુષ્પલતાઓમાંથી એક ભયંકર ફુંફાડા મારતો વિષધર સર્પ બહાર નીકળી આવ્યો અને તેણે રોહિતના પગપર કાતિલ ડંખ દીધો. કારમી ચીસ પાડી રોહિત મૂર્છાગત થઈ જમીનપર ઢળી પડયો. સર્પનું ઝેર થોડાજ વખતમાં તેના આખા શરીરમાં વ્યાપી ગયું. પરિણામે તે ત્યાંજ મરણને શરણ થઈ ગયો. પાણી ભરી રહ્યા બાદ તારામતી પુત્રને ખોળતી બગીચામાં ગઈ. તો રોહિતને તેણે મૃતવત્ અવસ્થામાં ભોંય પર પડેલો જોયો. જોતાં જ તારામતી 'અરે! હાય!' શબ્દ બોલીને મૂર્છિત બની જમીનપર પટકાઈ

પડી. થોડીવારે સાવધ થતાં તે બોલીઃ–પુત્ર રોહિત, ઉઠ ઉઠ, ભાઇ, ત્હને શું થયું ? પણ બોલેજ કોણ ? પુત્રની ફાટેલી આંખો તરફ દૃષ્ટિ પડતાં સતી તારામતી બેફાટ ચીસ પાડી રૂદન કરવા લાગી. ગમે તેવા કઠણ કલેજાંના માણસને પણ પીગળાવે તેવું આ વખતનું દ્રશ્ય હતું. આમતેમ નજર કરતાં તારામતીએ એક ભયંકર સર્પને પુષ્પલતામાં પ્રવેશ કરતો જોયો. તે મનોગત બોલી ઉઠીઃ– હાય, આ સર્પેજ મ્હારા વ્હાલા પુત્રનો પ્રાણ લીધો ! આટલી વિષમ દશા, છતાં હું મારા બાળપુત્રને દેખી આનંદ માનતી. પણ રે વિધિ, આટલું પણ ત્હારાથી સહન ન થયું ? હે પ્રભુ, મેં પૂર્વે કેવાં કૃત્યો કર્યાં હશે ! સરોવરની પાળો તોડી હશે કે અનેક જનોના પ્રાણ હરણ કર્યા હશે. તેથીજ મ્હારે અત્યારે આ યાતના ભોગવવી પડે છે. પ્રભુ ! મ્હારા પુત્રને લેતા પહેલાં ત્હારે પ્રથમ મને જ પ્રાણરહિત કરવી હતી કે જેથી આ પરિતાપ પામવાનો મારે પ્રસંગ ન આવત. ખેર ! દોષ કોને દેવો ? મારાં કર્મનોજ દોષ છે. હવે તો મન કઠણ કર્યા વગર છૂટકોજ નથી. એમ વિચારી તારામતીએ પોતાની પાસેનું ચીર ફાડ્યું. તેના એક કકડાથી રોહિતના શબને વીંટ્યું અને તેને અગ્નિ દાહ દેવા માટે તે સ્મશાનમાં આવી પહોંચી.

પ્રથમ શબને નીચે મૂક્યું. પછી તારામતી કરૂણ સ્વરે વિલાપ કરવા લાગી. સ્ત્રીનો પરિચિત અવાજ હરિશ્ચંદ્રે સાંભળ્યો; એટલે તે તારામતી પાસે આવી પહોંચ્યો. તારામતીને દેખતાંજ તે આશ્ચર્યચકિત થઈ બોલી ઉઠયો. સતી ! ત્હમે અહિં ક્યાંથી ? અને આ રૂદન શા માટે ?

તારામતી પણ આશ્ચર્ય પામી બોલી ઉઠીઃ નાથ! ત્હમે અહિં ક્યાંથી? હરિશ્ચંદ્રે કહ્યું:–હું જીવન નિર્વાહ માટે ચંડાળને ત્યાં નોકરી રહ્યો છું, શ્મશાન રક્ષકનું કામ કરૂં છું અને દરેક મુડદાં પરનો કર લઉં છું. વારૂ, ત્હમે આ કોના પુત્રને અહિં લઇ આવ્યા છો? તારામતીએ વીંટેલું વસ્ત્ર શબ પરથી લઈ લીધું અને બોલીઃ–પ્રાણનાથ, આ આપણો જ પુત્ર રોહિત! બગીચામાંથી ફૂલ વીણતાં તેને સર્પ કરડયો અને મરણ પામ્યો! 'હા દૈવ! શી ત્હારી ગતિ!' એટલું બોલતાં જ હરિશ્ચંદ્ર બેભાન થઈ જમીનપર ઢળી પડયો. સતી પણ પુત્રના મૃત્યુ પર આંસુ સારવા લાગી. તેવામાં માયા સ્વરૂપી ચંડાળ ત્યાં આવી પહોંચ્યો અને હરિશ્ચંદ્ર પ્રત્યે બોલ્યોઃ–શું આ ત્હારો પુત્ર છે? હા. મહારાજ. ખેદ યુક્ત શબ્દે હરિશ્ચંદ્રે કહ્યું. 'ગમે તે હોય, તેથી શું થયું! તેનો કર તેં હજુ સુધી કેમ નથી લીધો? ઉતારી લે તેનું કફન અને વસુલ કર કરની એક સોના મ્હોર!' ચંડાળે કહ્યું. હરિશ્ચંદ્ર ગભરાયો. સતી બોલીઃ નાથ, મુંઝાઓ છો શા માટે? હું ઉતાવળથી અહિં આવી, એટલે કર લાવવા ભૂલી ગઇ. આ બાળકને થોડીવાર સાચવો; હમણાંજ હું કરની એક સોના મ્હોર મારા શેઠને ત્યાંથી લઈ આવી આપને સોંપું છું.

હરિશ્ચંદ્ર તારામતીના સત્યની પૂરેપૂરી કસોટી થઈ ગઈ. જેમ સોનાને અગ્નિમાં તપાવવાથી વધારે શુદ્ધ થાય છે, તેમ હરિશ્ચંદ્ર અને તારામતીનું સત્ય છેવટ સુધી પણ કસોટીમાંથી નિષ્કલંક રીતે પસાર થયું. તરત જ ત્યાં દેવ મૂળ સ્વરૂપે પ્રગટ થયો અને હરિશ્ચંદ્ર–તારામતીના ચરણમાં મસ્તક નમાવી

બોલ્યો: ધન્ય છે રાજન્ ત્હમારી ટેકને, ત્હમારા સત્યની દેવ-સભામાં થયેલી પ્રશંસા મ્હારાથી સહન ન થઇ, એટલે મેં તમને તાવવા માટે, તમારી કસોટી કરવા માટે આ સઘળી માયા રચી હતી. પણ ખરેખર! ત્હમે તે સર્વમાંથી વિશુદ્ધપણે પસાર થયાં છો. કૃપા કરી તમોને મેં જે દુઃખ આપ્યું તે માટે ક્ષમા કરશો.

હરિશ્ચંદ્ર તારામતી બોલ્યા—દેવ, અમારૂં સત્ય જળવાઈ રહ્યું એટલે અમને લેશમાત્ર શોક નથી. દેવ ખૂબ પ્રસન્ન થયો. તરતજ તેણે અમૃતથી એક અંજલી ભરીને રોહિતના મૃતક (શબ) પર છાંટી, એટલે રોહિત સજીવન થયો અને ઉભો થઈ પિતા માતાને દેખી તેમની તરફ હર્ષપૂર્વક દોડી ગયો. નિર્દોષ પુત્રને માતાપિતાએ પ્રેમથી ચુંબન કર્યું. દેવે એક વિમાન હાજર કર્યું. તેમાં હરિશ્ચંદ્ર, તારામતી, રોહિત એ ત્રણેને બેસાડી અયોધ્યા નગરી લઈ ગયો. આખી નગરીમાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રની જય ઘોષણા બોલાવી, અને તેમને રાજગાદી પર સ્થાપ્યા. પેલા વફાદાર સેવકને પણ શિયાળમાંથી અસલ સ્વરૂપમાં લાવી મૂકયો. રાજા હરિશ્ચંદ્ર અસલ માફક પ્રજાપાલન કરવા લાગ્યા. એકવાર શ્રી શાંતિનાથ પ્રભુ ફરતા ફરતા અયોધ્યામાં પધાર્યા અને ઉદ્યાનમાં ઉતર્યા. રાજા હરિશ્ચંદ્ર તારામતી સાથે પ્રભુને વંદન કરવા ગયા. પ્રભુએ દેશના આપી. હરિશ્ચંદ્રે પ્રભુને પોતાનો પૂર્વભવ પૂછયો. શ્રી પ્રભુએ કહ્યું. રાજન્! સાંભળો:—

પૂર્વ દિશામાં **અમરાપુરી** નામે નગરી છે. ત્યાં અમરસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને અમરા-

વતી નામે રાણી હતી. એકવાર બે મુનિવરો તે નગરીમાં પધાર્યા. તેમને છ માસી તપનું પારણું હતું. એટલે તે દિવસે તેઓ બંને ગૌચરી અર્થે નગરમાં ફરવા લાગ્યા. તેવામાં વરસાદ થયો, એટલે તેઓ તમારા અંતઃપુરના મહેલની પછીતે વિશ્રાંતિ લેવા માટે ઉભા રહ્યા, તેવામાં અમરાવતી રાણીએ આ બંને મુનિવરોને જોયાં. જોતાંજ તે રાણી મુનિવરોના રૂપ પર મોહ પામી અને કામબાણથી પીડાવા લાગી. તરત તેણે દાસીને મોકલી મુનિઓને મહેલમાં તેડાવ્યા. આહાર નિમિત્તે મુનિઓએ અંતઃપુરમાં પ્રવેશ કર્યો. રાણી વસ્ત્રાલંકારોથી સુસજ્જિત થઈ મુનિ પાસે આવી અને કહ્યું: મહારાજ, હું આપના સુશોભિત શરીર પર મોહ પામી છું અને કામજ્વરથી પીડાઉં છું. માટે કૃપા કરી મ્હારા પ્રેમને સ્વીકારી મને શાંતિ આપો. ઉક્ત શબ્દો સાંભળી મુનિએ ધર્મસંકટ આવ્યું એમ સમજી તરત ત્યાંથી ચાલવા માંડયું. એટલે રાણીએ દોડી જઇને અંતઃપુરના દ્વાર બંધ કરી દીધાં. પુનઃ તે મુનિ પાસે આવીને બોલી. મહારાજ, ત્હમે બેજણ નહિ તો એકજણ પણ જરૂર મારી માગણી સ્વીકારો. આ વાત હું તદ્દન ગુપ્ત રાખીશ. આપ ઓછામાં ઓછા બાર માસ સુધી મારા સહવાસમાં રહો.

ત્યારે મુનિ બોલ્યાઃ—હે દેવી. અમે બ્રહ્મચારી અને તપસ્વી ત્યાગીઓ છીએ. કંચન અને કામિનીનો સ્પર્શ અમે પ્રાણાંતે ન કરી શકીયે. ત્હમે અમારી માતા છો અને અમે તમારા પુત્રો છીએ. માટે કૃપા કરી અમને ન સતાવો અને જવા દો.

મુનિના આદર રહિત શબ્દોથી રાણી ખેદ પામી અને ગુસ્સાપૂર્વક બોલીઃ મહારાજ, તમે ગમે તેટલું કહેશો તોપણ આજ હું તમને છોડીશ નહિ.

મુનિએ રાણીનું કથન લક્ષમાં લીધું નહિ. તેઓ મૌન ધરીને ઉભા રહ્યા. રાણી સમજી કે મુનિ કોઈ રીતે માને તેમ નથી. માટે મારા થયેલાં અપમાનનો બદલો મારે અવશ્ય લેવો. એવો વિચાર કરી રાણી એકદમ બુમેબુમ પાડવા લાગી અને બોલી ઉઠીઃ–બચાવો, બચાવો. આ મુનિવેશમાં રહેલા દુષ્ટ પુરૂષો મારા પર બળાત્કાર કરે છે. બુમ સાંભળી આસ-પાસથી દાસદાસીઓ રાણીના અંતઃપુરમાં દોડી આવ્યા. રાજાને પણ ખબર પડી, એટલે તે પણ ત્યાં આવ્યો અને શી હકીકત હતી તે રાણીને પૂછ્યું. રાણીએ કૃત્રિમ શોક પ્રદર્શિત કરતાં કહ્યું. નાથ, મુનિવેશમાં રહેલા આ દુષ્ટોએ મારી લાજ લેવા પ્રયત્ન કર્યો, પરંતુ મેં બુમ પાડી, તેથી મારૂં શિયળ સુરક્ષિત રહ્યું. આ સાંભળી રાજા બંને મુનિઓ પર રોષે ભરાયો. બંનેને માર મારી રાજાએ તેમને કેદખાનામાં નંખાવ્યા.

એકવાર આ બંને મુનિવરો કેદખાનામાં સજ્ઝાયધ્યાન કરતા હતા. અચાનક રાજા ત્યાં જઈ ચડયો. પવિત્ર શબ્દોચ્ચાર સાંભળી, રાજાને એમજ થયું કે જરૂર આ બંને પવિત્ર આત્માઓ છે. તેઓ નિર્દોષ છે. અને વગર વાંકે મેં તેમને કેદખાનામાં પૂર્યા છે. માટે તેમને મારે તરત બંધનમુક્ત કરવા જોઇએ, નહિ તો પવિત્ર આત્માના શ્રાપનું મ્હારે ભયંકર ફળ ભોગવવું પડશે ,એમ ધારી રાજાએ

તે બંને મુનિવરોને જેલમાંથી મુક્ત કર્યાં. અને પોતે રાણીની પ્રપંચ જાળથી ફસાઇને તેમને દુઃખ આપ્યું તે બદલ તેમની માફી માગી, પશ્ચાત્તાપ કર્યો. મુનિવરો બરાબર જેલમાં એક માસ રહી છૂટા થયા અને જગતપર ઉપકાર કરતાં ફરવા લાગ્યા. અનુક્રમે તે બંને મુનિવરો કાળધર્મને પામી દેવ-લોકમાં દેવ થયા. પાછળથી રાજાએ અમરાવતી રાણીને માફી આપી અને બંનેએ પશ્ચાત્તાપ કર્યો.

હે રાજન્ , પ્રભુ બોલ્યા. અમરાપુરીનો રાજા અમરસેન તે તું આ ભવમાં હરિશ્ચંદ્ર થયો અને રાણી અમરાવતી તે અત્યારની ત્હારી સ્ત્રી **તારામતી** અને પેલા બે સાધુ તે બે **તાપસ** કે જેમણે તમને આ ભવમાં કષ્ટ આપી પૂર્વનું વૈર વાળ્યું. માટે દુષ્ટકર્મ કરતાં પહેલાં દરેક જીવે વિચાર કરવો જોઇએ.

પ્રભુના મુખે વર્ણન સાંભળી હરિશ્ચંદ્ર તારામતી આશ્ચર્ય પામ્યાં અને પૂર્વકર્મનો પશ્ચાત્તાપ કર્યો. તરત તેમણે રાજ્યનો સઘળો કાર્યભાર પુત્ર રોહિતને સોંપ્યો અને હરિશ્ચંદ્ર તારામતી દીક્ષા લઇ ચાલી નીકળ્યા. સંયમ, ઉત્કૃષ્ટ ભાવના અને ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવે તેમનાં પૂર્વનાં સર્વ કર્મો ક્ષય થયાં અને કૈવલ્યજ્ઞાન, કૈવલ્યદર્શન પામી તેઓ મોક્ષગતિને પામ્યાં.

ધન્ય છે, સત્યવાદી રાજા હરિશ્ચંદ્રને અને પવિત્ર સતી તારામતીને. ત્હમને આપણા વંદન હો!

# ૪—અકળશા શેઠ.

ઘોઘાપાટણ નામનું એક ભવ્ય અને વિશાળ શહેર હતું. મોટા મોટા ધનિકો ત્યાં વસે. વેપારમાં બહુજ પ્રખ્યાત. પૈસેટકે સમૃદ્ધ. દરિયાઇ વેપાર પણ ખૂબ ચાલે. દેશ પરદેશથી અનેક માણસો શહેર જોવા અને વેપાર કરવા આવે. શ્રીમંત કે ગરીબ સૌ કોઇને પોતપોતાનો ધંધો સારી રીતે ચાલે અને સુખશાંતિ ભોગવે.

ત્યાં ભૂપતસિંહ નામે રાજા રાજ્ય કરે. તેને બે રાણીયો, દરેક રાણીને એકેક પુત્ર થયો. મોટાનું નામ માનસિંહ, ન્હાનાનું નામ હમીરસિંહ. એકવાર હમીરસિંહની માતાએ વિચાર કર્યો કે માનસિંહ યુવરાજ છે અને ગાદીનો વારસ છે. માટે તે રાજ્યાસન પર આવે તો હમીરની સાથે કદાચ કલેશ કરે અને રાજ્યનો ભાગ આપે નહિ. તેથી તે માટે અત્યારથી જ બંદોબસ્ત થાય તો સારૂં. એમ ધારી મહારાજા ભૂપતસિંહ જયારે તેની પાસે આવ્યા, ત્યારે તેણે પોતાના પુત્રનો ભાગ વહેંચી આપવાનું કહ્યું. મહારાજા ભૂપતસિંહે બંને ભાઇનો ભાગ વહેંચી આપ્યો. વખત જતાં રાજા મરણ પામ્યો અને માનસિંહ રાજ્યાસને બેઠો. થોડાજ અરસામાં બંને રાણીયો પણ મરણ પામી.

માનસિંહને હમીર પર પ્રીતિ હતી; તેથી રાજ્યનાં દરેક કાર્યમાં તે હમીરસિંહની સલાહ લેતો. હમીર પણ રાજકારોબાર ન્યાય અને નીતિપૂર્વક ચલાવતો; તેથી પ્રજા

હમીરસિંહના ભારે વખાણ કરતી. હમીર ગુણમાં શ્રેષ્ઠ હતો, એટલુંજ નહિ પણ રૂપમાં પણ તે સર્વોત્તમ હતો. તેનું રૂપ સાક્ષાત્ કામદેવ સરખું હતું. એનાં એકેએક અવયવો સુંદર અને આકર્ષક હતાં.

માનસિંહને કામલતા નામે સ્ત્રી હતી. નામ તેવાજ તેનામાં ગુણો હતા. તે કામ વિકારનોજ અવતાર હતી. જે કોઈ સુંદર પુરૂષને દેખે કે તરત તેને કામેચ્છા ઉત્પન્ન થતી. અને હરકોઈ પ્રયત્ને તે પોતાની મનોવેદના સમાવી શાંતિ પામતી. એકવાર સંધ્યાકાળે હમીરસિંહ ઘોડા પર બેસીને બહાર ફરવા જતો હતો. તેવામાં મહેલના ઝરૂખામાં બેઠેલી કામલતાની દૃષ્ટિ હમીરસિંહ પર પડી. તેનું સુંદર અને તેજસ્વી મુખારવિંદ જોતાંજ કામલતા તેના પર મોહાંધ બની અને હરકોઈ રીતે હમીરસિંહ સાથે પ્રેમ સમાગમ કરી પોતાની દુષ્ટ ઇચ્છા પાર પાડવાની ઝંખના કરવા લાગી. કામલતાએ કપટકળા નામની દાસીને પોતાની પાસે બોલાવી અને કહ્યું. દાસી, જા. પેલા ઘોડાપર બેસીને જનાર હમીરસિંહને જલ્દી મારા મહેલમાં બોલાવી લાવ.

દાસી નીચે ઉતરી અને હમીરસિંહ પાસે આવીને બોલીઃ-સ્વામિન્! આપને મારી બાઈ બોલાવે છે, માટે કૃપા કરી જલ્દી અંતઃપુરમાં પધારો.

'અત્યારે સંધ્યાકાળે શું કામ છે?' હમીરે પ્રશ્ન કર્યો.

'હું કશું જાણુતી નથી, પણ મને કહ્યું છે કે તેમનું જરૂરી કામ છે માટે જલ્દી મારી પાસે બોલાવી લાવ.' દાસીએ જવાબ આપ્યો.

હમીરે વિચાર કર્યો કે તેનો અનાદર કરવો ઉચિત નથી. જાણું તો ખરો કે તે અત્યારે મને શા કામે બોલાવતી હશે. એમ ધારી હમીર દાસીની સાથે કામલતાના મ્હેલમાં દાખલ થયો. દાસી સત્વર ત્યાંથી પલાયન થઈ ગઈ. હમીરને જોઈ કામલતા બોલી:-પધારો હમીરસિંહ, બિરાજો આ આસન પર. આસન પર બેસતાંજ હમીરે પ્રશ્ન કર્યો:-ભાભી, અત્યારે મને શા કામે બોલાવ્યો છે! જે હોય તે જલ્દી કહો, કેમકે રાત્રિનો સમય થવા આવ્યો છે. એટલે આપના અંતઃપુરમાં મ્હારાથી અત્યારે આવી શકાય નહિ.

ફિકર ન કરો હમીરસિંહ. તમારો વાંકો વાળ થવાનો નથી; પરંતુ એટલુંજ કે તમારે મ્હારી ઇચ્છા મુજબ વર્તવું પડશે! કામલતાએ કહ્યું.

એવી શી ઇચ્છા છે તમારી? હમીરે ગંભીરતાથી પ્રશ્ન કર્યો.

કામલતા બોલી:-વહાલા હમીરસિંહ, આપનું તેજસ્વી મુખાર્વિંદ જોઈ હું આપના પર મોહ પામી છું. આપને દેખતાંજ મ્હારા અંગે અંગમાં અત્યારે અનંગ જવાળા વ્યાપી રહી છે. આપને અત્યારે અહિં બોલાવવાનો હેતુ એટલોજ છે કે આપ મ્હારી સાથે પ્રેમસમાગમ કરો. અને મ્હારી મનોવેદના સમાવો એજ મારી પ્રબળ ઇચ્છા છે.

આ સાંભળી હમીર બોલી ઉઠ્યો: ભાભી, ત્હમે શું બોલો છો? એક રાજરાણી થઇને આવા શબ્દો આપના મ્હોમાં શોભતા નથી!

'શોભે કે ન શોભે, પણ તમારે આ વખતે મારી માગણી અવશ્ય સ્વીકારવીજ પડશે, હું બધી વાત ખાનગી રાખીશ. માટે મારી મનઃકામના પૂર્ણ કરી આપ સુખેથી પધારો.

"ભાભી, બસ કરો. વધુ ન બોલો. ત્હમે હજુ હમીરને બરાબર ઓળખી શકયા નથી. દુનિયાની ગમે તેવી ખુબ-સુરત અને નવયૌવના સ્ત્રી હોય, પણ મ્હારે તે સઘળી માતા અને બ્હેન સમાન છે. તેમાંય વળી ત્હમે મારા ભોજાઈ રહ્યા, એટલે જનેતા (માતા)ને ઠેકાણે છો; એટલે મ્હારી મારફત તમે તમારો દુષ્ટ હેતુ પાર પાડવા ઈચ્છતા હો તો તે વ્યર્થ સમજજો. હમીર ત્રિકાળે પણ ધર્મ અને નીતિ ચૂકનાર નથી સમજ્યા? એટલું કહી હમીર તેનો મ્હેલ છોડી જવા લાગ્યો.

કામલતાની ઈચ્છા પાર ન પડવાથી, તેમજ હમીરે તેનો તિરસ્કાર કરવાથી તે હમીર પર ખૂબ ગુસ્સે થઈ. વધુમાં પોતાની દુષ્ટ ઇચ્છા હમીરના જાણવામાં આવ્યાથી, કદાચ તે માનસિંહને વાત કરે, તો પોતાના શા હાલ થાય એ વિચારે કામલતા ખૂબ મુંઝાણી અને હરકોઈ યુક્તિથી હમીર-સિંહનું વેર લેવાનો તેણે નિશ્ચય કર્યો. કામલતા દુષ્ટ હતી, વ્યભિચારી હતી અને સ્ત્રી ચરિત્રના પાઠ ભજવવામાં પ્રવિણ હતી; તેથી જેવો હમીરસિંહ તેના મ્હેલમાંથી નીચે ઉતરવા જતો હતો કે તરતજ કામલતા તેને સજ્જડ પકડી રાખીને બુમેબુમ પાડતી બોલી ઉઠીઃ–આવો, આવો, આ દુષ્ટ હમીર મ્હારી લાજ લુંટે છે! કામલતાની ભયંકર બુમ

સાંભળી આસપાસથી પુષ્કળ દાસીઓ ત્યાં દોડી આવી. હમીર સ્ત્રી–ચરિત્રના આવા પ્રયોગ પર આશ્ચર્ય પામી મન સાથે બોલી ઉઠયો: વાહ વિધિ, ત્હારી પણ ઘટના અજબ છે! હમીરસિંહ શાંત મને રાજદરબારમાં ચાલ્યો ગયો.

હમીર પોતાના મ્હેલમાં બેઠો બેઠો નારી જાતિની અધમતા પર વિચાર કરતો હતો તેવામાં એક નોકર તેના મ્હેલમાં દાખલ થયો અને તેના હાથમાં ચીઠી આપી ચાલ્યો ગયો. આ ચીઠીમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

દુષ્ટ હમીર.......હું ત્હને આજસુધી સુશીલ અને શાણો સમજતો હતો; પરંતુ તું દુષ્ટ અને નિમકહરામ નીવડયો છું. તારૂં ભયંકર નીચકૃત્ય મારા જાણવામાં આવતાં મારા અંગે અંગમાં અત્યારે ક્રોધની જવાળા ભભૂકી ઉઠી છે. દુષ્ટ હમીર, મ્હારા અંતઃપુરમાં ચોરની માફક પ્રવેશ કરી ત્હારી ભાભી પર અત્યાચાર ગુજારતાં તને લેશ પણ શરમ ન આવી ? શયતાન હમીર, તું મ્હારો ભાઇ નથી, પણ ખરેખર કસાઈ છે. હું તને ફરમાવું છું કે હવે તારે મને તારૂં કાળું મુખ બતાવવું નહિ. અને સવાર થતા સુધીમાં તારે મારા રાજ્યની હદ છોડીને ચાલ્યા જવું. જો મારા હુકમનો બરાબર અમલ નહિ થાય, અને ફરી તું મને તારૂં મોઢું બતાવવા આવીશ તો મારી ભયંકર સમશેરનો ભોગ બની જઈશ. બસ એટલું જ. લી૦ માનસિંહ.

હમિરસિંહે ઉપરની ચીઠી વાંચી. ભયંકર સ્ત્રીની કપટ-જાળ પર વિશ્વાસ મૂકનાર, અને તેના મોહમાં અંધ બની સત્યાસત્યની કંઈ પણ તપાસ કર્યા વિના પોતાને દેશવટાનો

હુકમ ફરમાવનાર માનસિંહની નિર્બળ મનોદશા પર તેણે વિચાર કર્યો. પોતાની મિલ્કતની યોગ્ય વ્યવસ્થા કરી ભાર્યાના હુકમનો અમલ કરવાની હમીરસિંહ તૈયારી કરવા લાગ્યો.

× × × ×

હવે તેજ નગરમાં અકળશા નામે એક શેઠ રહેતો હતો. તેની પાસે એક લાખ રૂપીઆની પુંજી હતી. અકળશા શેઠને ધર્મપર ઘણીજ પ્રીતિ હતી. સામાયક, પ્રતિક્રમણ, પ્રભુસ્તવન આદિ નિત્ય ક્રિયાઓ તે કદી ચૂકતોજ નહિ. દયા, પરોપકાર, નીતિ, સત્ય આદિ સદ્ગુણો તેનામાં હસ્તિ ધરાવતા હતા. પોતે ધર્મના રહસ્યને બરાબર સમજતો હોવાથી પ્રપંચી વ્યાપારની પ્રવૃત્તિથી તે દૂર હતો. અને સદાય સ્વમિલ્કતથી સંતોષ માની ધર્મધ્યાનમાં દિવસો નિર્ગમન કરતો હતો. અકળશા શેઠને મકાનના ભાડાની અને વ્યાજ વટાવની આવક હતી, તેમાંથી તે પોતાનો જીવનવ્યવહાર ચલાવતો અને સુખી જીવન ગાળતો.

તેને ભદ્રા નામે સ્ત્રી હતી. તેનામાં નામ પ્રમાણેજ ગુણો હતા. ભદ્રા તદન સરળ સ્વભાવની અને ભદ્રિક હતી. પરંતુ બીજી સ્ત્રીઓને સારાં સારાં કપડાં અને અલંકારો પહેરેલી જોઈને ભદ્રાનું મન તેના તરફ આકર્ષાતું, અને પોતાના પતિ પાસે તેવા વસ્ત્રાલંકારો લાવી આપવાની વિનંતિ કરતી, પરંતુ બીજાનું ખોટું અનુકરણ નહિ કરવાની અકળશા શેઠની શીખામણથી ભદ્રા શાંત થઈ જતી.

એકવાર ભદ્રા પડોશમાંના એક શ્રીમંતને ઘેર બેસવા ગઈ. આ શ્રીમંત શેઠનું નામ હિરાચંદ શેઠ. તેની દેશ પરદેશમાં

અનેક પેઢીઓ ચાલતી, ઘેર નોકર–ચાકરનો પાર ન હતો. હિરાચંદ શેઠની સ્ત્રી લક્ષ્મીદેવીની સાથે જ્યારે ભદ્રા વાર્તાલાપ કરતી હતી, ત્યારે અનેક નોકર–ચાકરો ઘરમાં ફરતા જોઇને અને દરેક વાતમાં લક્ષ્મીદેવીની સલાહ લેતા જોઈને ભદ્રાનું ભોળું હૃદય તે શ્રીમંત શેઠાણીના વૈભવ તરફ સહેજે આકર્ષાયું.

લક્ષ્મીદેવી બોલી:—ભદ્રા બ્હેન, જુઓ તો ખરા, મારા ઘરનો વૈભવ. અમારી અહિંયાં અને દેશપરદેશમાં કેટલીયે દુકાનો ચાલે છે. અમારે ત્યાં નોકર ચાકરનો પાર નથી. ભલભલા વિદ્વાનો નોકરી ધંધા માટે અમારે ત્યાં આંટા ખાય છે, કેટલાયે માણસો અમોને માન આપે છે, જુઓ અમે કેવું સુખ ભોગવીએ છીએ! બ્હેન, તમારા ધણી પૈસાપાત્ર અને આબરૂદાર કહેવાય છે ખરા, પણ તે શા કામનું? છતે પૈસે કાંઈપણ ધંધો ન કરવો અને ઘેર બેસી રહેવું એ કેવું ખરાબ! મને તો લાગે છે કે તારા પતિ પણ જો અમારા જેવો ધંધો કરે તો લોકો તરફથી કેટલું બધું માન મળે અને ઈજ્જત આબરૂ પણ કેટલી વધે!

બસ થઇ રહ્યું. ભદ્રાના ભોળા હૃદયમાં લક્ષ્મીદેવીના વચનોની ચમત્કારિક અસર થઈ ગઈ. ભદ્રા ઘેર આવી અને અકળશા શેઠને ધમકાવીને કહ્યું: ત્હમે છતે પૈસે ઘેર બેસી રહો તે મને પાલવતું નથી. જુઓ, હિરાચંદ શેઠને કેટલો બધો સરસ વેપાર ચાલે છે! તમે પણ તેવો વેપાર કરો. નહિતો હું આ ઘરમાં ઘડીવાર પણ રહેવા ઇચ્છતી નથી.

અકળશાએ કહ્યું. ભોળી, રે ભોળી. ભદ્રા, પારકાની હવેલી જોઈ પોતાની ઝુંપડી પાડી નાખવા જેવી વાત કરે છે. વેપા–

રમાં અનેક જાતના પ્રપંચ, દગો, વિશ્વાસઘાત, અધર્મ, અનીતિ હોય, આપણી પાસે પ્રભુ કૃપાએ જરૂર જોગો પૈસો છે. વળી આપણે સુખ-ચેન અને આબરૂ ઈજ્જતથી રહી શકીયે છીએ, તો નાહક એવી ઉપાધિ શા માટે કરવી જોઇએ!

અકળશાનો ઉપદેશ ભદ્રાના અંતરમાં ઉતર્યો નહિ તે તો બસ એકજ હઠ પકડીને બેઠી અને રીસાઈ. અકળશાએ ધાર્યું કે સ્ત્રી હઠ અનિવાર્ય છે. એટલે તેણે ભદ્રાને કહ્યું. ભદ્રા, ભલે ત્હારી એવી ઈચ્છા છે તો કાલથી જ હું વેપારનો પ્રબંધ કરીશ.

ભદ્રા ખુશી થઈ. અકળશા શેઠ બજારમાં ફરવા નીકળ્યા. તેવામાં એક મ્હોટી પેઢીમાં નાનચંદ નામનો મુનિમ ગાદી તકીયા પર બેઠો હતો. આસપાસ કેટલાક નોકરો બેસીને તેની સલાહ લેતા હતા. અકળશાએ તેનું ભવ્ય લલાટ અને તેજસ્વી મુખારવિંદ જોઇને વિચાર કર્યો કે આ મુનિમ હોંશિયાર લાગે છે. એવો વિચાર કરી શેઠે નાનચંદને કહ્યું. મુનિમ! ત્હમારૂં જરૂરી કામ છે, માટે સાંજે ઘેર આવજો.

'બહુ સારૂં શેઠ.' એમ કહી મુનિમ પોતાનું કામ કરવા લાગ્યો. સાંજે તે અકળશા શેઠને ઘેર આવ્યો. અકળશાએ ત્હેને કહ્યું:-નાનચંદ, તું આટલો બધો હોંશિયાર છું, છતાં વેપાર કેમ કરતો નથી?

નાનચંદ બોલ્યો:—શેઠ, પૈસા હોય તો વેપાર કરીયે ને?

અકળશાહે કહ્યું:—પૈસા હું આપું છું. જા. આપણા બંનેના ભાગમાં બંદર પર આડતની દુકાન કર. મુનિમ આ સાંભળી ખુશી થયો અને ભાગમાં વેપાર કરવાનું કબુલ્યું.

અકબરશાહે તેને કહ્યું:—નાનચંદ, વેપારમાં એક શરત. તે એ કે હું તને પચાસ હજાર રૂપીયાની રકમ સોંપું છું. ત્હારે તેટલાથી વધારે કોઈ દિવસ વેપાર કરવો નહિ. કદાચ લાખ રૂપીઆ થાય, તો લાખની અંદર રહીનેજ તારે કામ કરવું. મુનિમે શરત સ્વીકારી.

* * * *

અકબરશા શેઠના નામથી બંદર પર દુકાન ખોલવામાં આવી. હજારો વેપારીઓ અકબરશાને ત્યાં આવી વેપાર કરવા લાગ્યા. જોત જોતામાં તેમની પેઢીમાં એક લાખનો નફો થયો. મુનિમે આવી શેઠને કહ્યું. શેઠ, છ મહિનાની ટુંક મુદતમાં આપની આબરૂને લીધે આપણને એક લાખનો નફો થયો છે. અકબરશાએ તેને શિખામણ આપતાં કહ્યું. નાનચંદ, ત્હને ધ્યાન બેસે તેવી રીતે વેપાર કરજે, પણ આપણી શરત મુજબ ગજા ઉપરાંત વેપાર ન કરતો.

નાનચંદ ધમધોકાર વેપાર ચલાવવા લાગ્યો. વર્ષ પૂરૂં થતાં તો પુણ્યના સંયોગે દુકાનમાં પાંચ લાખનો નફો થયો. દિવાળીએ સરવૈયું કાઢી અકબરશા શેઠને મુનિમે નફો બતાવ્યો.

ગમે તેવો ડાહ્યો માણસ હોય, પરંતુ જ્યાં પાપનો ઉદય હોય ત્યાં તેનું ડહાપણ ચાલ્યું જાય છે. મુનિમને પણ તે પ્રમાણે જ થયું.

એકવાર કચ્છ દેશથી લાખો વણઝારો કરીયાણાની સેંકડો પોઠો ભરીને ઘોઘા બંદરમાં આવ્યો. તેને પોતાનો સઘળો માલ જાવા બંદર મોકલવાનો હતો; તે હિરાચંદ શેઠને ત્યાં ઉતર્યો. હિરાચંદ શેઠની આડતમાં તેને પોતાના

માલનો પંદર લાખ રૂપિઆનો વીમો ઉતરાવવાનો હતો. તેથી હિરાચંદ શેઠનો મુનિમ નાનચંદ પાસે આવ્યો અને કહ્યું:—નાનચંદ શેઠ, અત્યારે બંદર ઉપર તમારી આબરૂ ઘણી સારી છે. મારા એક આડતીયાને પોતાનો માલ જાવા બંદર ચડાવવાનો છે અને તે માટે રૂપિઆ પંદર લાખનો વીમો લેવાનો છે. ત્હમને કમાણી ઘણી સારી થશે. માટે જો ઇચ્છા હોય તો કહો, નહિ તો હું બીજા વેપારીને ત્યાં જાઉં.

નાનચંદે વિચાર કર્યો કે અત્યારે અમારૂં પુણ્યબળ તેજ કરે છે. હરકોઇ વેપારમાં અમને નફો નફો ને નફોજ મળે છે. તો શા માટે આ આવેલો મોટો દાવ ગુમાવવો! વળી જો હું ના કહું તો શેઠની ઇજ્જતને હાનિ પહોંચે. એમ ધારી નાનચંદે તે લાખા વણજારાના માલનો ૧૫ લાખ રૂપિયાનો વીમો લઇ લીધો. વણઝારાના વહાણ દરિયામાર્ગે રવાના થયાં.

'મનુષ્ય ધારે છે કંઈ, અને ઈશ્વર કરે છે કંઈ.' નાનચંદ એમ ધારતો હતો કે વહાણો સહીસલામત પહોંચી જશે અને અમને એકજ વીમામાં રૂપિઆ ત્રણ લાખનો નફો થઇ જશે. પરંતુ જેવાજ લાખા વણઝારાના વહાણ મધ્ય દરિયામાં પહોંચ્યા, કે તરતજ એક પ્રચંડ વાવાઝોડું ઉપડયુ અને થોડીવારમાં ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડયો. પવનના ભયંકર તોફાનમાં વણઝારાના વહાણો સપડાયાં અને જોત જોતામાં તે સઘળા વહાણો સમુદ્રમાં ડુબી ગયાં. કેટલાક ખલાસીઓ તરીને કિનારે આવ્યા. તેમણે તારથી

ઘોઘા બંદરમાં લાખા વણઝારાને ખબર આપ્યા કે તમારાં સઘળાં વહાણો દરિયાના તોફાનમાં ડુબી ગયાં છે.

તાર લઈ હિરાચંદ શેઠ દોડતા જ અકળશાની પેઢી પર આવ્યા અને કહ્યું કે લાખા વણઝારાના વહાણો ડુબી ગયાં છે, માટે પંદર લાખ રૂપિયા લાવો. આ સાંભળતાંજ નાનચંદને એક મ્હોટો ધ્રાસકો પડ્યો અને મનમાં બોલી ઉઠયોઃ–હાય, કિસ્મત! મેં આ વાતની અકળશા શેઠને ખબર જ આપી નથી! અરે મારી શી દશા થશે! એવો વિચાર કરી નાનચંદ અકળશા શેઠ પાસે આવ્યો અને સઘળી વાત કરી. અકળશાહે ત્હેને કહ્યું. નાનચંદ, મેં ત્હને કહ્યું હતું કે ગજા ઉપરાંત વેપાર ન કરીશ. છતાં પણ તેં વેપાર કર્યો. અને મને ખબર પણ ન આપ્યા! ખેર. હિરાચંદ શેઠને ત્યાં કહી આવ, કે કાલ સવારમાં તમારા પંદર લાખ રૂપીઆ તમારે ત્યાં પહોંચતા કરીશું.

હવે પંદર લાખની ગંજાવર રકમ કયાંથી કાઢવી, તે માટે અકળશા શેઠ મુંઝાવા લાગ્યો અને સ્ત્રીની હઠને આધીન બનવાથી આ દશા થઈ તે માટે ખેદ પામ્યો. આબરૂદાર માણસ દેવું આપવા અશક્ત હોય ત્યારે દુનિયાને મ્હોં બતાવવું તેને મુશ્કેલ લાગે છે. અકળશા શેઠને પણ એમજ થયું. લેણદારને જવાબ આપવો, તે તેને માટે ભારે થઇ પડ્યું. આથી તેણે ત્યાંજ આત્મહત્યા કરવાનો નિશ્ચય કરી લીધો.

સાંજનો સમય હતો. અકળશા શેઠ બજારમાં આવ્યો અને ઈજારદારને ત્યાંથી અફીણ ખરીદ્યું, ઘેર આવી તેણે એક વાડકીમાં પાણી લઇ તેમાં અફીણ ભેળવ્યું, ઘુંટયું, અને બનેલાં ઝેરની પ્યાલી તેણે પોતાને મ્હોંએ ધરી.

તેવામાં તેની સ્ત્રી ભદ્રા એકદમ ત્યાં આગળ આવી પહોંચી. પોતાના પતિને ઝેર પીતો જોઇ તે બોલી ઉઠીઃ–સ્વામીનાથ, આ શું કરો છો!

અકળશાએ જવાબ આપ્યોઃ–ભદ્રા, ત્હારાં વિહ્‌વલ મનને શાંત કરવા મેં વેપાર કર્યો. તેમાં આજે પંદર લાખ રૂપીઆની નુકસાની આવી છે. ૫૦ હજારની પુંજીમાં પંદરલાખ ક્યાંથી કાઢવા, અને લેણદારને શો જવાબ આપવો ? તેથી મુંઝાઇને હું અત્યારે ઝેર પી મ્હારા જીવનનો નાશ કરૂં છું. જે મિલ્કત છે તેમાંથી તું તારો ગુજારો કરજે અને આપણા આ બાળકને ઉછેરજે. લે, હવે હું જાઉં છું. એમ કહી અકળશાએ તે પ્યાલી પોતાના મ્હોંએ માંડી.

પ્રાણનાથ, આમ શા માટે! ત્હમે મૃત્યુ પામો અને હું સુખ ભોગવું? તેમ કદી બનશેજ નહિ. હું પણ આપની સાથે ઝેર પી મ્હારા દેહનો અંત આણવા માગું છું. આ પુત્ર ત્હેના મોસાળમાં ઉછરશે. પણ મ્હારી આપને એક વિનંતિ છે. સાંભળશો?' 'બોલ, શી ત્હારી વિનંતિ છે?' અકળશાએ પૂછયું. પ્રાણનાથ! મ્હને એમ થાય છે કે દુનિયા પર જન્મ ધરીને આપણે કંઈ દાન પુણ્ય કરી શકયા નથી. માટે આપણી પાસે માલમિલ્કત, રાચરચીલા વગેરે જે કાંઈ છે તે સઘળાંનું આપણે દાન કરીયે, કેમકે હાથે તે સાથે. દાન ધર્મનો મહિમા અજબ છે. દાનના પ્રભાવે ધન્નો અને શાળીભદ્ર અગણિત રિદ્ધિને પામ્યા. જૈન સૂત્રોમાં દાન વડેજ જીવનનું શ્રેય મનાયું છે; તો આપણે જતાં જતાં પણ એટલું સત્કાર્ય શા માટે ન કરી લઈએ ? માટે મ્હારી એવી ઇચ્છા છે કે આપણે અત્યારે દાનશાળા માંડીયે

અને દરેક ગરીબ, ગરબા, લંગડાં, ભૂખ્યાં જે કોઇ આવે ત્હેમને આપણા હાથથી દાન આપીયે, અને પછી આપણે બંને જીવનનો અંત આણીએ. ભદ્રાએ અંતિમ સદ્‌બુદ્ધિ આવતાં કહ્યું.

અકળશા અને ભદ્રાએ હજારો લુલાં લંગડાં અશક્ત જનોને દાન દેવા માંડયું. અકળશાના આ દાનથી આખા શહેરમાં ચકલે ચકલે અને ખુણે ખાંચરે લોકો તેની પ્રશંસા કરતાં બોલવા લાગ્યાઃ–વાહ અકળશા શેઠ, વાહ અકળશા શેઠ, ધન્ય છે ત્હેમને, ખરેખર લક્ષ્મીનો સદુપયોગ તો અકળશા શેઠ જ કરી જાણે છે. બાકી બધા સ્વાર્થી અને પોતાના જ સુખ વૈભવમાં મશગુલ રહેલાં જણાય છે!

હવે અકળશા શેઠની આ કીર્તિ પેલા હમીરસિંહના કાને પહોંચી. હમીરસિંહ પોતાના ભાગે આવેલી રકમ કોઈ ઉદાર અને વિશ્વાસુ શેઠને ત્યાં મુકી પરદેશમાં ચાલ્યો જવાનો હતો. તેથી તે અકળશા શેઠ પાસે પોતાની સર્વ મિલ્કત લઇને આવ્યો અને કહ્યું. શેઠ, કર્મની ગતિ વિચિત્ર છે! મ્હારા ભાઈ માનસિંહે તેની સ્ત્રીના પ્રપંચી શબ્દો પર વિશ્વાસ મૂકી મ્હને દેશવટાનો હુકમ ફરમાવ્યો છે. મારી મિલ્કત હું જો ત્યાંજ મુકીને જાઉં તો તે મ્હારા ગયા બાદ સર્વ મિલ્કત જપ્ત કરે. તેથી કોઈ વિશ્વાસુ શેઠને ત્યાં તે રકમ મુકવાનો હું વિચાર કરતો હતો. મેં આપની નીતિ, પ્રમાણિકતા તથા કીર્તિ સાંભળી છે. આપજ વિશ્વાસુ છો તેથી મારી સર્વ મિલ્કત આપને ત્યાં હું મુકવા માગું છું. માટે કૃપા કરી જલ્દી સ્વીકારો; કેમકે સવાર પડવા આવી છે અને મહારાજા મ્હને દેખશે તો અનર્થ કરશે.

અકળશાએ કહ્યું, હમીરસિંહ, વાણીયાનો વિશ્વાસ કરવો રહેવા દો. કેમકે વ્યાપાર આદિ ધંધામાં નુકશાન જતાં તે મિલ્કત ગુમાવે અને પારકી થાપણ ઓળવવા લલચાય. માટે તમે તે રકમ મ્હારે ત્યાં નહિ મુકતાં બીજે કયાંઇ મુકો.

જવાબમાં હમીર બોલ્યોઃ—શેઠ, તમે ગમે તેટલું કહેશો પણ હું મારી રકમ તમારે ત્યાંજ મુકીશ, ઇચ્છામાં આવે તે રીતે તમે તેનો ઉપયોગ કરજો. ફાવે તો વાપરી નાખજો. હું જ્યારે પરદેશથી પાછો ફરૂં, ત્યારે જો તમારી પાસે રકમ હોય તોજ તમારે મને પાછી આપવી. નહિ તો લેવા દેવા નહિ. એ શરતે હું તમારે ત્યાં મ્હારી રકમ મુકવા માગું છું. બોલો શેઠ, હવે કંઇ કહેવું છે?

આથી અકળશા કંઈ બોલી શકયો નહિ. તેણે કહ્યું. ભલે, તમારો ખૂબ આગ્રહ છે તો મુકી જાવ; પરંતુ તમે જ્યાં હો ત્યાંથી મને અવાર નવાર ખબર મોકલાવજો. તમારા નિર્દોષપણાની ખાત્રી માટે હું રાજ્યમાં મારાથી બનતું કરીશ અને જ્યારે માનસિંહ આપને બોલાવવાનું કહેશે તે જ વખતે હું તમને જણાવીશ. હમીર તરતજ ઘોડેસ્વાર થઈ ઘોઘાનગરી છોડી પરદેશ ચાલ્યો ગયો.

સવાર થતાં અકળશાએ પંદર લાખ રૂપીઆની થેલીઓ હિરાચંદ શેઠને ત્યાં મોકલાવી દીધી. તેમાં એક થેલી ફાટેલી હતી. હિરાચંદ શેઠે જોયું તો તે સોના મહોરોથી ભરેલી જણાઈ; એટલે હિરાચંદ શેઠને અકળશાની અઢળક લક્ષ્મીનો ખ્યાલ આવી ગયો. તેવામાં એક બીજો તાર હિરાચંદ શેઠના હાથમાં આવી પડયો. તેમાં લખેલું કેઃ—

**લાખા વણજારાના બધા વહાણો સહીસલામત જાવા બંદર આવી પહોંચ્યાં છે.** તાર વાંચતાંજ શેઠે પંદરલાખ રૂપીઆ અકળશાને ત્યાં પાછા મોકલાવ્યા અને તાર વંચાવ્યો. અકળશાને આનંદ થયો. ભદ્રા પણ ખુશી થઈ. બંને આનંદપૂર્વક સમય વ્યતિત કરવા લાગ્યાં. ધીરે ધીરે અકળશા રાજ્ય દરબારમાં જવા લાગ્યો. થોડા વખતમાં અકળશા શેઠ અને માનસિંહને ખૂબ પ્રીતિ બંધાઈ ગઈ.

એકવાર કામલતા કોઈએક સુંદર પુરૂષ સાથે પોતાના અંતઃપુરમાં પ્રેમ સુખ ભોગવતી હતી, તેવામાં અચાનક માનસિંહ ત્યાં જઈ ચડયો. પાપ કદી છાનું રહી શકતું નથી, એ ન્યાયે કામલતાનું આ દુષ્ટ અને ભયંકર કૃત્ય જોઇ માનસિંહ ક્રોધાયમાન થયો. પોતાની સ્ત્રીની કુટિલ નીતિ જોઈ ત્હેને હમીરસિંહની નિર્દોષતાની ખાત્રી થઈ. આ વાત તેણે અકળશાહને કરી અકળશાએ સઘળી હકીકત કહીને તેના કહેવાથી હમીરસિંહને તાર કરી તેડાવ્યો.

માનસિંહને સંસાર પર તિરસ્કાર છુટયો અને હમીરસિંહને રાજ્યગાદી પર સ્થાપી દીક્ષા લઈ ચાલતો થયો. હમીરસિંહે કામલતાને માફી આપી. કામલતાને પણ પોતાના કાળાં કૃત્યોનો પસ્તાવો થયો. તે પણ દીક્ષા લઈ ચાલી નીકળી. અકળશા શેઠ અને ભદ્રા પણ દીક્ષિત થયાં અને ખુબ તપશ્ચર્યા કરવા લાગ્યાં. અંતિમ સમયે અનશન કરી સર્વે જણા આત્મ કલ્યાણ સાધી દેવલોકમાં ગયા. ત્યાંથી અવતરી તેઓ નિર્વાણ પદને પામશે.

**ધન્ય છે અકળશા જેવા સુદ્રઢ શ્રાવકને !**

# ૫—અષાડાભૂતિ

રાજગૃહિ નગરીના કોઈ એક ઉદ્યાનમાં એક વાર વૃદ્ધ જૈન મહાત્મા પધાર્યા. તેમની સાથે શિષ્ય પરિવાર હતો. તેમાં અષાડાભૂતિ નામના એક શિષ્ય હતા. અષાડાભૂતિ વૃદ્ધ ગુરૂની વૈયાવચ્ચ (સેવાભક્તિ) કરતા અને ઉગ્ર તપશ્ચર્યા પણ કરતા. તપશ્ચર્યાના પ્રભાવથી તેમને અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થઈ હતી.

અષાડાભૂતિ એકવાર રાજગૃહિ નગરીમાં ભિક્ષાર્થે નીકળ્યા. ફરતાં ફરતાં એક નટની વિશાળ ગગનચુંબી હવેલીમાં દાખલ થયા અને ધર્મ લાભ કહીને ઉભા રહ્યા. જૈનમુનિને દેખી તરતજ ઘરમાંથી બે અપ્સરા જેવી સુંદર કન્યાઓ બહાર નીકળી આવી અને મુનિને પ્રણામ કર્યા. મુનિ ભિક્ષાર્થે પધાર્યા છે, એમ જાણી તેમાંની એક કન્યા રસોઈગૃહમાં ગઈ અને એક મોદક (લાડુ) લાવી મુનિને વહોરાવ્યો. મોદક ઉત્તમ સુગંધીદાર અને સ્વાદિષ્ટ વસ્તુઓથી બનાવવામાં આવ્યો હતો; એટલે તેની સુગંધ ચોમેર પ્રસરી ગઈ. અષાડાભૂતિએ વિચાર્યું કે અહો ! આ મોદકમાં આટલી બધી સુગંધ છે, તો તેનો સ્વાદ કોણ જાણે કેવોય હશે ! ઉક્ત વિચાર કરી અષાડાભૂતિ પાત્રમાં લાડુ લઈ બહાર નીકળ્યા. પણ લાડુની સુગંધીથી અષાડાભૂતિનું મન લોભાયું. તેણે મન સાથે વિચાર કર્યો, અરે ! હું ખરેખર કમનસીબ

છું, કેમકે બાઇએ મને ફક્ત એકજ લાડુ વહોરાવ્યો છે અને તે તો મ્હારે મ્હારા ગુરૂને આપવો પડશે. માટે હવે હું ફરી તેને ત્યાં જાઉં અને બીજો લાડુ વહોરી લાવું. પણ આ વેશે ફરીથી વહોરવા જવાય નહિ, માટે હું વેશપલટો કરીને જઉં તો મ્હને બીજો લાડુ પ્રાપ્ત થશે. એમ વિચારી તે નટની વિશાળ હવેલીની પાછળના એક ભાગમાં ઉભા રહી અષાડાભૂતિએ પોતાની વિદ્યાના બળે વૃદ્ધ સાધુનું રૂપ બનાવ્યું અને પુનઃ તે ઘરમાં દાખલ થયા અને ધર્મલાભ કહી ઉભા રહ્યા. પેલી કન્યાઓએ વૃદ્ધ સાધુને ભિક્ષાર્થે આવેલા જોઈ વંદન કર્યું અને એક લાડુ લાવી પાત્રમાં વહોરાવ્યો. અષાડાભૂતિ તે લઇ બહાર નીકળ્યા. પુનઃ તેમને વિચાર ઉદ્ભવ્યો કે બીજો લાડુ પણ ઉપાધ્યાયને આપવો પડશે અને હું તો તેથી વંચિત જ રહીશ. એટલે ફરી અષાડાભૂતિએ રૂપ પલટો કર્યો; એક કાણા અને કોઢીયા સાધુનું રૂપ બનાવી ત્રીજી વાર પણ તેમણે તે જ ઘરમાં પ્રવેશ કર્યો અને એક વધુ મોદક વહોર્યો. ત્યાંથી બહાર નીકળી વળી તેમણે વિચાર કર્યો કે આ લાડુ પણ મ્હારા ઉપયોગમાં આવી શકશે નહિં. કેમકે મ્હારા વડિલ સાધુને એક લાડુ આપ્યા વિના કેમ ચાલે! એમ ધારી ફરી પાછું તેમણે એક નવ વરસના બાળ-સાધુનું રૂપ ધારણ કર્યું અને ચોથો લાડુ વહોર્યો. ત્યાંથી નીકળી તેઓ ઉપાશ્રયમાં આવ્યા.

હવે જ્યારે અષાડાભૂતિ આ નટની હવેલીની પાછળ ગુપ્તપણે ઉભા રહી વેશ બદલતા હતા તે સઘળું દ્રશ્ય તે મકાનનો માલીક મહર્દ્ધિક નામનો નટ ઝરૂખામાં બેસી જોઈ

રહ્યો હતો. તેણે મન સાથે વિચાર કર્યો. અહો ! એક સ્વાદેંદ્રિયની ખાતર આ મુનિ જુદા જુદા રૂપાંતર કરી મોદક વહોરી જાય છે! પણ તે આ જૈન મુનિની વિદ્યા–સાધનાથી આશ્ચર્ય પામ્યો અને 'તે પોતાની પાસે જ સદાય હોય તો કેવું સારૂં' એવો તેણે વિચાર કર્યો. તરત મહર્દ્ધિક નામનો નટ અષાઢાભૂતિ મુનિના ગયા પછી નીચે ઉતર્યો. અને લાડુ વહોરાવનાર પોતાની બે પુત્રીઓને કહેવા લાગ્યોઃ–પુત્રીઓ! તમે હમણાં કેટલા સાધુઓને લાડુ વહોરાવ્યા ?

બાળાઓએ કહ્યું : ચાર સાધુઓને, પિતાજી.

નટ બોલ્યો : તેઓ ચાર સાધુઓ ન હતા, પણ એક જ હતા.

પુત્રીઓ આશ્ચર્ય પામી બોલી ઉઠીઃ નહિ પિતાજી, ચાર જ સાધુ હતા. તે અમે બરાબર જોયું છે. કેમકે પહેલા આવ્યા તે યુવાન સાધુ હતા. બીજા આવ્યા તે વૃદ્ધ હતા. ત્રીજા એક આંખે કાણા અને કોઢીયા હતા અને ચોથા તો ન્હાના બાળક સાધુ હતા. એ રીતે અમે જુદા જુદા ચાર સાધુને લાડુ વહોરાવેલ છે, અને તમે એકજ કહો છો તે કેવી રીતે ?

મહર્દ્ધિક નટે કહ્યું : પુત્રીઓ ! તે સાધુ એકજ હતા અને બહુરૂપી વિદ્યાના જાણનાર હતા. આવા વિદ્યાવાળા સાધુ જો આપણી પાસે રહેતા હોય તો આપણને પુષ્કળ દ્રવ્યપ્રાપ્તિ થાય, માટે જો તે સાધુ ફરીથી અહિંયા વહોરવા માટે આવે તો તમે તેને હાવભાવ અને કટાક્ષથી વશ કરી લેજો અને કાયમ માટે તે આપણે ત્યાંજ રહે એવી યુક્તિ કરજો.

"બહુ સારૂં પિતાજી. તેમાં અમને કંઈ નહિ કહેવું પડે. અમે તેને જરૂર વશ કરશું. તે મુનિ અહિં આવ્યા વગર રહેશે નહિ. કેમકે સુગંધમય લાડુના સ્વાદમાં તેમનું મન લોભાયું છે."

નટની આ બે પુત્રીઓમાં એકનું નામ ભુવન સુંદરી અને બીજીનું નામ જયસુંદરી. હતું. બંને રૂપ રૂપનો અંબાર હતી. અને ગમે તેવા મજબુત મનના મનુષ્યને તે પોતાની મધુર વાણી, કટાક્ષ અને ચેષ્ટાઓથી વશ કરવા શક્તિમાન હતી. બંને બ્હેનો વાર્તા વિનોદ કરતી એક બીજાની મશ્કરીઓ કરવા લાગી. તેમાંની ભુવન સુંદરીએ જયસુંદરીને કહ્યુંઃ બ્હેન! ત્હારૂં રૂપ તો ખરેખર અપ્સરાથી પણ અધિક છે હો! ત્હારા રૂપમાં જરૂર પેલા મુનિ અંજાઇ જશે. ત્યારે જયસુંદરી બોલીઃ—અરે બ્હેન! મ્હારા વખાણ શું કરે છે! મ્હારા કરતાં ત્હારૂં રૂપ કયાં કમ છે! તું તો ત્રણે ભુવનમાં સુંદર અને અલૌકિક છે, ત્હારૂં આ મુખવદન તો જાણે સોળે કળાએ ખીલેલો પૂર્ણિમાનો ચંદ્ર! અને ત્હારા દાંત તો જાણે દાડમની કળીઓ ઉડીને મ્હોં પર ચોંટી ગઈ ન હોય તેવા છે! અને કાળા ભ્રમર જેવો ત્હારો સુંદર કેશ કલાપ જ મુનિને વશ કરવા માટે બસ છે. વધુ શું કહું બ્હેન! આ સાંભળી ભુવન સુંદરી બોલીઃ–અલી જયસુંદરી! ત્હારી જીભ તો બહુ ચબાવલી લાગે છે. પોતાનું રૂપ દેખીને મુનિપર આવી ખોટી કલ્પના કરવી તે શું વ્યાજબી છે?

જયસુંદરી—ગરજવાનને અક્કલ હોય ખરી બ્હેન?

આપણને તો સ્વાર્થ છે એટલે ગમે તેમ બોલીયે; પણ લાડુના સ્વાદમાં તો જરૂર મુનિ લોભાણા હશે, એટલે ફરી અહિં આવશે તો ખરાજ.

ભુવન સુંદરી—એ વાત ખરી બ્હેન. પણ જો મુનિ ફરી અહિં આવે, તો તું હાવભાવ, મધુર વાણી અને કટાક્ષથી એમને એવા તો ગાળી દેજે કે ફરીથી તે ઉપાશ્રયે જવાનું નામજ ન દે.

'એમાં તો કહેવું નહિ પડે બ્હેન!' જયસુંદરીએ જણાવ્યું.

અષાડાભૂતિએ ઉપાશ્રયમાં આવી લાવેલો આહાર ગુરૂને બતાવ્યો. યોગ્ય સમયે સઘળા મુનિઓ આહાર કરવા બેઠા. ઉત્તમ સુગંધી દ્રવ્યોથી બનેલો લાડુ અષાડાભૂતિ આસક્તિપૂર્વક જમતા જાય અને લાડુના વખાણ કરતા જાય. એ રીતે તેમણે આહારવિધિ પૂર્ણ કર્યો.

કહેવત છે કે 'આહાર તેવો ઓડકાર' જેવા પ્રકારનો આહાર કરવામાં આવે તેવાજ પ્રકારની બુદ્ધિ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે. વિકારી અને તામસી પ્રકારના આહારથી વિકારી અને તામસી પ્રકૃતિ ઉદ્દભવે છે, અને સાદા અને સાત્ત્વિક આહારથી સરળ અને સાત્વિક બુદ્ધિ ઉદ્દભવે છે. સદ્દોષયુક્ત આહારથી ગુરૂની બુદ્ધિમાં પણ વિપર્યાસ થયો. જમી રહ્યા બાદ તેમણે અષાડાભૂતિને કહ્યું: શિષ્ય, તું આવો સુંદર આહાર ક્યાંથી લાવ્યો?

'એક નટને ત્યાંથી.' અષાડાભૂતિએ કહ્યું.

'ત્યારે આવતી કાલે પણ તું તેને ત્યાંથીજ ભિક્ષા વ્હોરી લાવજે.' વૃદ્ધ ગુરૂએ ફરમાવ્યું.

"બહુ સારૂં." એમ કહી અષાડાભૂતિ સ્વકર્તવ્યમાં પ્રવૃત્ત થયા.

બીજો દિવસ થયો. ગૌચરી સમય થતાં ગુરૂએ અષાડાભૂતિને તેજ ઘેરથી વહોરી લાવવાનું યાદ કરાવ્યું. અષાડાભૂતિ ગૌચરી માટે પેલા નટના ઘર તરફ ચાલ્યા. વૃદ્ધ ગુરૂ તેજ સમયે સ્થંડિલ જવા નીકળ્યા. સ્થંડિલથી પાછા ફરતાં ગુરૂને વિચાર થયોઃ–ખરેખર, હું ગુરૂ થઇને ગુરૂત્વનું ભાન ભૂલી ગયો, મુનિધર્મને પણ ભૂલી ગયો! જૈન મતાનુસાર એક ઘેરથી આહાર લીધા બાદ ત્રણ દિવસ સુધી તેને ત્યાં જવું કલ્પે નહિ! છતાં મેં આજે પણ તેજ ઘરનો આહાર લાવવાનું શિષ્યને કહ્યું. અરે હું કેવો મૂર્ખ! હવે શું થાય? એમ પશ્ચાત્તાપ કરતા ગુરૂ ઉપાશ્રયમાં પહોંચ્યા અને અષાડાભૂતિની રાહ જોવા લાગ્યા.

(ગુરૂને સદ્‌બુદ્ધિ આવવાનું એકજ કારણ હતું; તે એ કે વિકારી સદોષ આહાર તેમના શરીરમાંથી સ્થંડિલ દ્વારા નિકળી ગયો હતો.)

હવે આ તરફ મુનિઓને ગૌચરી નીકળવાનો સમય થતાં જયસુંદરી અને ભુવનસુંદરી સ્નાન કરી, સુંદર વસ્ત્રાલંકારો પહેરી બણી ઠણીને તૈયાર થઈ, અષાડાભૂતિ આવવાની રાહ જોતી હિંડોળાખાટ પર બેઠી છે. મ્હોડામાં તાંબુલ (પાન) રહી ગયું છે. તેવામાંજ અષાડાભૂતિ અણગારે ધર્મલાભ કહી નટના ઘરમાં પ્રવેશ કર્યો. તરત રૂમઝુમ કરતી બંને સુંદરીઓ મુનિની સામે આવી બે હાથ જોડી બોલી–પધારો, અમારૂં આંગણું આજ આપે પાવન કર્યું.

અષાડાભૂતિ તો આજની આ બંને સૌંદર્યમુગ્ધાઓનાં મુખાંરવિંદ તરફ એકી ટશે જોઈજ રહ્યા. ગઈ કાલના વિકારી પદાર્થથી તેમનું મન વિકારવશ બની ગયું.

જયસુંદરી બોલીઃ—મ્હારાજ! આવી પરવશતા શા સારૂં ભોગવવી પડે છે? અમે તમારો સત્કાર કરીએ છીએ. આપ અહિંજ રહો, મનગમતા મોદક જમો, સુંદર વસ્ત્રાલંકાર પ્હેરો અને અમારી સાથે મન ગમતાં મોજશોખ કરો. અમે આપની સેવામાં રહેવા સદા તૈયાર છીએ. બોલો મ્હારાજ! શી ઇચ્છા છે?

આ સાંભળી મુનિનું હૃદય ગળી ગયું. તેઓ શાંત ઉભા રહ્યા.

ભુવનસુંદરી કટાક્ષ કરતાં બોલીઃ—વિચાર શા કરો છો મહારાજ! ફરી ફરી આવું સુખ નહિ મળે. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે, ત્યારે મ્હોં ધોવા જવું એ ઠીક નહિ, મહારાજ! આવો અહિંયાં અને બેસો અમારી સાથે આ પલંગપર. હું આપના માટે સુંદર મોદકનો થાળ લાવું છું. આપ સુખપૂર્વક જમી લ્યો અને પછી અમારા આ સુંદર દેહનો સ્પર્શ કરી માનવ જીવનની મોજ માણી લ્યો.

અષાડાભૂતિ સુંદરીઓના પ્રેમપાશમાં બંધાઈ ગયા, સાધુ ધર્મથી પતિત થયા અને સુંદરીઓ સાથે પલંગપર બેઠા. એક સ્ત્રી તેમના માટે મિષ્ટ ભોજનનો થાળ લઇ આવી. અષાડાભૂતિ આનંદ પૂર્વક જમી ઉઠ્યા અને હિંડોળા ખાટ પર બેઠા. તરતજ તેમને સાંભરી આવ્યું—અહા, મ્હારા ગુરૂ રાહ જોતા હશે! તેથી તે ઉભા થયા.

ભુવનસુંદરી અષાડાભૂતિનો હાથ પોતાના ગળા પર મૂકતાં બોલીઃ નાથ, કેમ ઉભા થયા ?

'સુંદરી, મ્હારા વૃદ્ધ ગુરૂ મ્હારી રાહ જોતા હશે!'

ભલે જુએ! અમારે તો આપને અહિંજ અમારા રંગ-ભુવનમાં રાખવા છે, કેમકે આપના વિના તો અમે ઝુરી ઝુરીને મરી જઈએ! ભુવન સુંદરીએ કૃત્રિમ પ્રેમ દર્શાવતાં કહ્યું.

મુનિ બોલ્યાઃ—પ્રિયે, તમે મને જવાની રજા આપો. હું મ્હારા ગુરૂને કહીને તરતજ તમારી પાસે આવી પહોંચીશ.

'સોગન આપો મ્હારાજ.'

અષાડાભુતિએ સોગન આપ્યા, અને ત્યાંથી નીકળી ઉપાશ્રયમાં ગુરૂ મહારાજ પાસે આવી પહોંચ્યા. ગુરૂ રાહ જોતાજ બેઠા હતા. સામેથી અષાડાભૂતિને આવતાં દેખી ગુરૂ મ્હારાજ બોલી ઉઠયાઃ–આટલું બધું મોડું શાથી થયું ? અષાડાભૂતિ.

અષાડાભૂતિએ જવાબ આપ્યોઃ–મહારાજ, આજે તો વાર થઇ છે, પણ હવેથી હું અહિં રહેવા માગતો નથી, એટલું જ નહિ પણ સાધુપણામાં રહેવાની મ્હારી હવે ઈચ્છા નથી. કેમકે મેં ન્હાની ઉંમરમાં જ દીક્ષા લીધી છે; પંચેંદ્રિયનું પૂરૂં સુખ મેં અનુભવ્યું નથી. એટલે મ્હારી ઇચ્છા સાધુપણું છોડી પુનઃ સંસારમાં પ્રવેશ કરવાની છે. આજે બે રૂપસુંદર સ્ત્રીઓ મ્હારા પર પ્રસન્ન થઈ છે અને મ્હારી સાથે પરણવા માગે છે; માટે ગુરૂ મહારાજ! લ્યો આ તમારો ઓઘો (રજોહરણ) અને મુહપત્તિ.

ગુરૂ સમજ્યા કે ભુંડી કરી. લાડુના સ્વાદને ખાતર મેં તેને ફરી ત્યાંજ મોકલ્યો અને આખરે આ દશા થઈ, પણ હજુયે તેનામાં સુસંસ્કાર રહેલા છે, કેમકે તે મને ધર્મ-ઉપકરણો પાછા આપવા આવ્યો છે. વળી તેને પૂર્વ કર્મનો ઉદય છે; એટલે ગમે તેટલો ધર્મ બોધ આપવામાં આવશે, તો પણ તે ગ્રહણ કરશે નહિ. તેથી વિચાર કરી ગુરૂ મ્હારાજે કહ્યું:—સાંભળ. અષાડાભૂતિ, મનુષ્યના અને દેવતાના કામ ભોગો આ જીવે અનંતવાર ભોગવ્યા, છતાં જીવની તૃપ્તિ નથી થઇ, તેથી આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરવું પડે છે. સંયમ એ જીવને શાશ્વત સુખકર્તા છે. માટે જો તું સમજે તો અનંત પુણ્ય કર્મો વડે પ્રાપ્ત થયેલ આ સંયમ માર્ગમાં સ્થિર રહી આત્મકલ્યાણ કર; તેમ છતાં જો સંસારમાં જવાની ત્હારી પ્રબળ વાંચ્છના હોય, તો તું દારૂ અને માંસ નહિ ખાવાની, અને બીજાને દારૂમાંસમાંથી દૂર રખાવવાની પ્રતિજ્ઞા લે, એટલું જો તું કરીશ તો મ્હારા આત્માને સંતોષ થશે.

'બહુ સારૂ ગુરૂદેવ' એમ કહી અષાડાભૂતિએ ત્યાં પ્રતિજ્ઞા લીધી અને ઉપાશ્રયમાંથી ત્વરાએ બહાર નીકળી નટ-કન્યાઓના આવાસમાં આવી પહોંચ્યો. સુંદરીઓએ ઉભા થઈ તેનું સ્વાગત કર્યું અને અષાડાભૂતિનો પ્રેમથી હાથ પકડી તેને શયનગૃહમાં લઈ ગઈ. અષાડાભૂતિને પોતાની સાથે પ્રેમ કરવાનું સુંદરીઓએ આહ્વાન કર્યું, ત્યારે તે બોલ્યો:—સુંદરીઓ, એકજ શરતે હું તમારો પ્રેમ સ્વીકારૂં અને તમારા ઘરમાં રહું.

'શી શરત છે મ્હારાજ!' સુંદરીઓએ કહ્યું.

જુઓ, મ્હારે દારૂ અને માંસ પર તિરસ્કાર છે, માટે તમારે કોઈ દિવસ દારૂ અને માંસનું સેવન કરવું નહિ, અને જે દિવસે તમે દારૂ અને માંસનું ભક્ષણ કરશો, તે જ દિવસે હું તમને છોડીને ચાલ્યો જઇશ.

'કબુલ છે મહારાજ.' બંનેએ જણાવ્યું.

અષાડાભૂતિ આ બંને કન્યાઓને પરણ્યો અને પ્રેમ સુખ ભોગવવા લાગ્યો. મહર્દ્ધિક નામનો નટ નટકળા કરી પૈસા ઉપાર્જન કરતો. નટકળા શીખવાનું મહર્દ્ધિકે તથા બંને સ્ત્રીઓએ અષાડાભૂતિને કહ્યું. અષાડાભૂતિએ નટકળા શીખવા માંડી અને થોડાજ વખતમાં તે નટકળામાં સર્વ રીતે પ્રવિણ બન્યો. વખત જતાં નટ વિદ્યામાં અષાડાભૂતિ એટલો બધો નામાંકિત થઈ ગયો કે દેશ દેશાવરમાં ત્હેની કળાના વખાણ થવા લાગ્યાં.

એકવાર દેશાવરથી ફરતો ફરતો એક નટ રાજગૃહ નગરમાં આવ્યો. તેણે રાજમહાલયમાં જઇ રાજાને કહ્યું કે તમારા શહેરમાં નટ વિદ્યામાં કુશળ કોઈ નટ હોય તો મારી સાથે રમવા માટે લાવો. કેમકે હું દરેકને નટ કળામાં જીતીને આવ્યો છું. અને જો તમારે ત્યાં મ્હને જીતે એવો કોઇજ નટ ન હોય તો વિજય ચિન્હ તરીકે મને ઇનામ આપો.

રાજાએ વિચાર કર્યો કે અષાડાનટ નામાંકિત ગણાય છે, તો તેને આ નટની સામે જીતવા માટે મોકલું, એમ ધારી રાજાએ અષાડાનટને બોલાવ્યો અને આ નવા નટ સામે નટ-

વિદ્યામાં જીતવાનું કહ્યું. અષાડાનટે કબુલ કર્યું. રાજમંદિરના એક વિશાળ ચોકમાં બંને નટે રમવા અને પોતપોતાની નટકળા બતાવવાનું નક્કી કર્યું. બંને નટ મળ્યા. એક બીજાને એવી શરત થઈ કે જે કોઈ નટકળામાં હારે, તેણે પોતાની સર્વ સમૃદ્ધિ છોડીને ચાલ્યા જવું. બંને નટો પોતાની નવી નવી કળાઓ એક પછી એક બતાવવા લાગ્યા. અષાડા નટની અદ્ભુત કળા પાસે નવા નટનું કંઈ ચાલ્યું નહિ. શારીરિક પ્રયોગોમાં પણ આ નવા નટનો પરાજય થયો. ત્યારે તેણે અષાડાનટને વિદ્યાબળથી વાદવિવાદ કરવાનું કહ્યું. અષાડાનટે તે કબુલ કર્યું. રાજગૃહી નગરના અધિપતિ અને પ્રજાગણની પુષ્કળ મેદની બંને નટોની વિદ્યા કળા નીરખતી હતી. રૂપાંતર બનાવવાની વિદ્યામાં નવો નટ પ્રવિણ હતો. તેણે પોતાની વિદ્યાના બળે સભામાં પુષ્કળ વીંછીનો વરસાદ વરસાવ્યો. ત્યારે અષાડાનટે ત્યાં આગળ સર્પોને હાજર કર્યા. એટલે સાપને જોઈને વીંછીઓ પલાયન થઈ ગયા. ફરી નટે વિદ્યાના પ્રભાવથી સંખ્યાબંધ ઉંદરો એકઠા કર્યા. ત્યારે અષાડાનટે વિદ્યાના મંત્રથી નોળીયા ઉત્પન્ન કર્યા. પેલા નટે વાઘ અને દીપડા બોલાવ્યા, એટલે અષાડાભૂતિએ સિંહને બોલાવ્યા. આમ અરસપરસના વાદવિવાદમાં અષાડાનટ વિજય પામ્યો. મહારાજા અને પ્રજાજનોએ તેની ખૂબ પ્રશંસા કરી અને ઈનામો આપ્યાં. પેલો નટ શરત મુજબ પોતાની સર્વ સમૃદ્ધિ છોડી ચાલ્યો ગયો.

અષાડાનટ વિજય પામી પોતાના ઘર તરફ જવા નીકળ્યો. ઘર આગળ તેની બે નટ-સ્ત્રીઓએ વિચાર કર્યો કે આજે અષાડાનટ રાજસભામાં વાદવિવાદ કરવા ગયા છે. અને તેમને

આવતાં ખૂબ મોડું થશે. આપણે ઘણા દહાડાથી મદિરા અને માંસ ખાધું નથી. માટે આજ તો આપણે તે ખાઈએ, અને ઘણા દહાડાની ઇચ્છા તૃપ્ત કરીએ. બંને સ્ત્રીઓ સંમત થઈ. તેમણે અષાડાનટની ગેરહાજરીમાં ખૂબ દારૂ પીધો અને માંસનું ભક્ષણ કર્યું. મદિરા પાનની અસરથી બંને સ્ત્રીઓ બેભાન બનીને આડી ઉભી એક બીજી ઉપર પડી તેવામાં અષાડાનટ ઘેર આવ્યો. બંને સ્ત્રીઓને બેભાન જેવી સ્થિતિમાં જોઈ તે વિસ્મય પામ્યો અને તેમની નજીકમાં આવીને ઉભો રહ્યો. તરતજ તેણે જાણ્યું કે આજે આ સ્ત્રીઓએ દારૂ પીધો છે, હવે મારે અહિં રહેવું ઉચિત નથી. થોડી વારે પેલી સ્ત્રીઓ કેફ ઉતરી જવાથી સચેત થઇ, અને જોયું તો અષાડાનટ પાસેજ ઉભેલો હતો. તે, બંને સ્ત્રીઓને સંબોધીને બોલ્યોઃ-સુંદરીઓ, બસ હું હવે જઉં છું. કેમકે તમે મારી શરતનો ભંગ કરી આજે મદિરાપાન કર્યું છે.

બંને સ્ત્રીઓ ગભરાઇને બોલી ઉઠીઃ–સ્વામીનાથ, માફ કરો, અમારી ભૂલ થઈ. અમે ફરી આવું કામ નહિ કરીએ.

અષાડા નટે ત્હેમનું કહેવું ગણકાર્યું નહિ. તે ત્યાંથી ચાલી નીકળ્યો અને સીધો રાજસભામાં આવ્યો. ત્યાં તેણે મહારાજા તથા પ્રજાજનોને પોતાનો ખેલ જોવાનું આમંત્રણ આપ્યું. જોત જોતામાં પ્રખ્યાત નટ અષાડાભૂતિનો ખેલ જોવા સારૂ પુષ્કળ માણસ ભેગું થઈ ગયું. અષાડાનટે અદ્‌ભુત નાટય પ્રયોગો શરૂ કર્યાં. તેમણે ભરત ચક્રવર્તીનો પાઠ લીધો. એક અરિસાભૂવન બનાવી તેમાં આભૂષણો સહિત બેઠા અને

ભરત ચક્રવર્તીની જેમ તે પોતાના રૂપની સુંદરતા અરિસામાં જોવા લાગ્યા. જેમ ભરત ચક્રવર્તીને શરીરની શોભા નિહાળતાં એકજ વીંટીના અભાવે આત્મભાવ પ્રગટયો હતો, તેમ અષાડાભૂતિને પણ તે જ ક્ષણે આત્મભાવ પ્રદીપ્ત થયો. એક પછી એક તેમણે સર્વ અલંકારો ઉતારી નાખ્યા અને વૈરાગ્ય-ભાવમાં ચડયા. આત્માની અપૂર્વ દશાને ભાવતાં અષાડાભૂતિ ક્ષપક શ્રેણિમાં પ્રવેશ્યા અને ત્યાંજ તેમને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. દેવતાઓએ અંતરિક્ષમાંથી અષાડાભૂતિને મુનિવેશ અર્પણ કર્યો. એકઠી મળેલી માનવ મેદની સમક્ષ અષાડાભૂતિ અણગારે ધર્મ ઉપદેશ આપવો શરૂ કર્યો. ત્યાંજ તેમણે ૫૦૦ રાજપુત્રોને પ્રતિબોધ પમાડયા અને દીક્ષા આપી.

અષાડાભૂતિને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયાની વાત જ્યારે તેમના વૃદ્ધગુરૂએ જાણી, ત્યારે તેમના આનંદનો પાર રહ્યો નહિ. તે મનોગત બોલી ઉઠયાઃ–શાબાશ, અષાડાભૂતિ, ખરેખર ત્હને ધન્યવાદ ઘટે છે. કેમકે સંસ્કારી જીવો ઉદય કર્મને આધીન બની પતિતાવસ્થામાં પ્રવેશ કરે છે, પરંતુ જ્યારે તે ઉદયકર્મનું ફળ પરિપૂર્ણ ભોગવાઈ રહે છે ત્યારે સંસ્કારી અને હળુકર્મી જીવો મૂળ સ્વરૂપમાં આવી આત્માનો પુનરુદ્ધાર કરે છે અને શાશ્વત સિદ્ધગતિમાં વાસ કરે છે.

ધન્ય છે અષાડાભૂતિની અવિચળ ટેકને ! ત્હેમને આપણા અનેકાનેક વંદન હોજો. ! !

# ૬—ઉત્તમકુમાર

વારાણુસી નામની ભવ્ય અને મનોહર નગરી હતી. ત્યાં મકરધ્વજ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને લક્ષ્મીવતી નામે રાણી હતી. રાજારાણી બંને ધર્મિષ્ઠ, ન્યાયી અને પરોપકારી હતાં. તેથી પ્રજાવર્ગની તેમના પર અતુલ પ્રીતિ હતી.રાજા પણ પ્રજાને સુખી જોવા હંમેશ ઉત્સુક રહેતો અને પ્રજાનું પુત્રવત્ પાલન કરતો. અદ્યાપિ રાજાને કંઈ સંતાન ન હતું; પરંતુ પુણ્યકર્મના યોગે સમય જતાં રાણીને ગર્ભ રહ્યો. રાણી પ્રફુલ્લિત મને ગર્ભનું રક્ષણ કરવા લાગી. યોગ્ય સમયે રાણી લક્ષ્મીવતીએ એક મહાન તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. નામ પાડ્યું ઉત્તમકુમાર.

નામ તેવાજ તેનામાં ગુણો હતા. બુદ્ધિમાં, રૂપમાં, ગુણમાં, ઉત્તમકુમાર ઉત્તમ નીવડયો. બાલ્યાવસ્થા પસાર કરી તે કૌમાર્યાવસ્થા પામ્યો. વયના વધવા સાથે તેનામાં ગુણ, બળ, બુદ્ધિ, કળા આદિનો વિકાસ થયો અને સર્વ કળામાં કુશળ બન્યો. રાજારાણી બંને ઉત્તમકુમારની બુદ્ધિ, તીવ્ર-સ્મરણ શક્તિ અને પરાક્રમ જોઈ પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યા. અનુક્રમે કુમાર સોળ વરસની ઉંમરે પહોંચ્યો.

એકવાર ઉત્તમકુમાર પોતાના રાજભુવનમાં વિચારમગ્ન બેઠો હતો અને સમીપમાં વહેતી ગંગા નદીના તીર તરફ

નિહાળી રહ્યો હતો, તેવામાં મધુર કંઠથી કોઈના ગાવાનો અવાજ તેણે સાંભળ્યો. ગાનાર દરેક કડીઓ ઉલટાવીને ગાતો હતો. કુમાર આ સંગીત ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યોઃ—

બાળપણમાં પુત્ર જે, નિજ તાતનું ધન ખાય છે,
ત્હેને કશી હરકત નહિ, એ જગતનો વ્યવહાર છે,
પણ સોળ વર્ષ વીત્યા પછી ઉદ્યમ જરી જે નવ કરે,
ધિક્કાર છે તે પુત્રને, નિજ તાતની આશા ધરે.
વિદેશમાં વિચર્યા વિના, અનુભવ ખરો મળતો નથી,
નિજ બુદ્ધિ ને ચાતુર્યનો, પડઘો અરે પડતો નથી,
યદિ ભાગ્યને અવલોકવા, ઈચ્છા હૃદયમાં જો કરો,
તો ધર્મ, નીતિને ગ્રહી, પરદેશને પંથે પડો.

ઉપરનું સંગીત ઉત્તમકુમારના હૃદયને વજ્રબાણ જેવું લાગવા માંડયું. ગાયનમાંનો ઉપદેશ તેની રગેરગમાં વ્યાપી ગયો. ગાનારને તે પુનઃપુનઃ ધન્યવાદ આપવા લાગ્યો. તે સાથે પોતે ઉમર લાયક થયો છે, એટલે ભાગ્યબળની પરીક્ષા કરવા જવાનો તેણે મન સાથે દ્રઢ નિશ્ચય કરી લીધો. ઉત્તમકુમાર તરતજ ઉભો થયો. તેણે શયનગૃહમાં આવી કપડાં પહેર્યાં. તેણે વિચાર્યું કે પિતાશ્રી મને પરદેશ જવાની રજા સ્વમુખે કદી આપશે નહિ; અને મ્હારે જવાનો નિશ્ચય ચોક્કસ છે. તો રજા લીધા વગર પણ મ્હારે જવું જોઈએ. એવો વિચાર કરી રાજકુમાર ઉત્તમકુમાર વહેલી સવારે અશ્વપર બેસી વારાણસી નગરીની બહાર નીકળી ગયો. ગામ, નગર, પુર, પાટણ આદિ જોતો, અનેક પહાડ પર્વત વટાવતો રાજ-

કુમાર કેટલાએક દિવસો બાદ ભરૂચ બંદર પર આવી પહોંચ્યો. અહિંયા કુબેરદત્ત નામનો એક ધનાઢ્ય વેપારી હતો. તે પોતાના વહાણ ભરીને પરદેશ જવાની તૈયારી કરતો હતો. તેવામાં તેણે આ રાજકુમારને જોયો અને પૂછ્યું:—ભાઈ, ત્હમે કોણ છો ? અને બંદર પર શા સારૂ આવ્યા છો ?

ઉત્તમકુમારે કહ્યું:—શેઠ, હું એક રાજકુમાર છું અને દેશ પરદેશ જોવા નીકળ્યો છું.

આ સાંભળી કુબેરદત્તે કહ્યું:—રાજકુમાર, જો તમારી એવીજ ઈચ્છા હોય, તો ચાલો મારી સાથે અને બેસી જાવ આ વહાણમાં.

‘દરદીને ભાવતું હતું ને વૈદે બતાવ્યું’ તે મુજબ ઉત્તમકુમાર કુબેરદત્તના વહાણમાં બેસી ગયો. વહાણ સમુદ્ર માર્ગે ચાલવા લાગ્યાં. મધદરિયે વહાણ પહોંચ્યાં હશે, તેવામાં એકાએક ઘોર અવાજ થયો. લોકો સૌ સ્તબ્ધ બની જોવા લાગ્યા. તેવામાં એક રાક્ષસ ‘ખાઉં, ખાઉં’ કરતો સમુદ્રમાંથી બહાર નીકળી આવ્યો. રાક્ષસનું ભયંકર સ્વરૂપ જોઈ બધા માણસો ભયથી ધ્રુજવા લાગ્યાં. કુબેરદત્ત ઉત્તમકુમાર પાસે આવી કહેવા લાગ્યો:—હે શુરવીર પુરૂષ, આપ ક્ષત્રિય છો અને પરાક્રમી છો; તો કૃપા કરી અમને આ રાક્ષસના પંજામાંથી બચાવો. તરતજ ઉત્તમકુમાર બહાદુરી પૂર્વક તે રાક્ષસના સામે ધસી આવ્યો અને મ્યાનમાંથી તરવાર ખેંચી કાઢીને રાક્ષસ સામે લડવા લાગ્યો. થોડાજ વખતમાં વીર ઉત્તમકુમારે રાક્ષસને હંફાવ્યો અને જીવ લઈને નસાડી મુક્યો. કુબેરદત્ત અને તમામ માણસોએ વીરપુરૂષ ઉત્તમકુમારે પોતાને

મોતમાંથી ઉગાર્યો તે બદલ તેનો ઉપકાર માનવા લાગ્યા. નાવિકોએ વહાણો આગળ ચલાવ્યાં. આગળ ચાલતાં સઘળાં માણસોને તરસ લાગી. સમુદ્રનું પાણી ખારૂં તેથી પી શકાય નહિ, એટલે એક વૃદ્ધ અને અનુભવી ખલાસીએ કહ્યું કે અહીંથી થોડેક દૂર એક મીઠાં પાણીનો કુવો આવે છે. આપણને ત્યાંથી પાણી મળી શકશે, એટલે વહાણો તે મીઠા કુવા પાસે પહોંચ્યા. વહાણમાં ઉભા રહીને સઘળાઓએ જળપાત્ર(ઘડાંઓ) કુવામાં નાખ્યાં; પરંતુ તે કુવાને ઢાંકણ હતું, તેથી પાણી લઈ શકાયું નહિ, એટલે સઘળાઓએ મળીને ઉત્તમકુમારને કહ્યું. વીરપુરૂષ ! આ કામ આપનાથીજ પાર પડી શકે તેમ છે. મહેરબાની કરી તમે કુવામાં ઉતરો, અને આડે રહેલું કંઇક અટકણ જણાય છે તે તમે ખસેડી નાખો તો અમે પાણી ભરી શકીએ અને અમારો પ્રાણ બચાવીએ. વીર ઉત્તમકુમારે કબુલ કર્યું અને તે કુવામાં દાખલ થયો. કુવામાં રહેલું ઢાંકણ તેણે દૂર કર્યું, એટલે ખલાસીઓએ દોરડાં ખેંચી પાણી ઉપર આણ્યું અને સઘળાઓએ પોતાની તૃષા છીપાવી.

હવે ઉત્તમકુમાર કુવાની બહાર નીકળતો હતો, તેવામાં કુવાની ભીંતે તેણે એક દ્વાર જોયું. એટલે તે શું છે તે જાણવા ખાતર ઉત્તમકુમારે દ્વાર ખોલી અંદર પ્રવેશ કર્યો. તરતજ એક વૃદ્ધ ડોશી તેની નજરે પડી. ઉત્તમકુમારે તેને કહ્યું. માજી, ત્હમે કોણ છો ?

ઉત્તમકુમારનું દિવ્ય તેજસ્વી સ્વરૂપ જોઈને આ વૃદ્ધાને તેની દયા આવી. વળી ત્હેને એવો વિચાર થયો કે આ સુંદર પુરૂષની સાથે જો મદાલસાનું લગ્ન થાય તો, મદાલસા

સુખ પામે અને તેના પિતાના બંદીખાનામાંથી છૂટે. એવો વિચાર કરી તે ડોશી બોલી:—ગુણવાન પુરૂષ, ત્હારી સુંદર મુખાકૃતિ પરથી એમ જણાય છે કે તું રાજકુમાર હોવો જોઈએ.

ઉત્તમ કુમાર બોલ્યો:—માજી, હું વારાણસી નગરીનો રાજકુમાર છું અને દેશ પરદેશ જોવા સારૂ નીકળ્યો છું. કુબેરદત્ત નામના એક શેઠના વહાણમાં બેસી હું મુસાફરી કરતો હતો, તેવામાં વહાણમાંના માણસોને તરસ લાગવાથો આ મીઠા કુવામાંથી પાણી કાઢવા માટે હું કુવામાં ઉતરેલો; અને અચાનક આ ભેદી દ્વાર જોવાથી મ્હને જાણવાની જિજ્ઞાસા થઈ, તેથી મેં તે ઉઘાડી અંદર પ્રવેશ કર્યો. ડોશીમા મને જણાવી શકશો કે આ ભેદી દ્વાર શેનું છે?

ડોશીએ કહ્યું :—કુમાર, આ દ્વારની ઘટના અજબ છે. જો સાંભળ. અહિંયા લંકા નામની નગરી છે. તે નગરીનો રાજા ભ્રમરકેતુ નામનો એક રાક્ષસ છે, તેને મદાલસા નામે એક સુંદર પુત્રી છે. એકવાર નિમિત્તિયાએ ભ્રમરકેતુ રાક્ષસને કહેલું કે આ તારી પુત્રીનો વર મૃત્યુલોકનો માનવ રાજકુમાર થશે, ત્યારે ભ્રમરકેતુ ભવાં ચડાવીને બોલ્યો, શું ખેચર જાતિના પુરૂષો ખુટી ગયા, કે મારી પુત્રીનો વર ભૂચર મનુષ્ય થશે? હું કદી પણ તેમ નહિ થવા દઉં. એમ નિશ્ચય કરી ભ્રમરકેતુ રાક્ષસે આ સમુદ્ર બેટ પર ભવ્ય મહેલ બાંધ્યો અને તેનું દ્વાર આ સમુદ્રના કુવામાં ઉતાર્યું. તેની પુત્રી મદાલસાને આ બાજુના બંગલામાં રાખવામાં

આવી છે, અને કોઈ પણ મનુષ્ય આ રસ્તેથી પસાર થાય કે તરત ભ્રમરકેતુ સમુદ્રની બહાર નીકળે છે અને તે મનુષ્યને મારી નાખે છે. મહાનુભાવ, ત્હમે પરાક્રમી અને બહાદુર જણાઓ છો, તેથીજ અહિં આવવાની હિંમત કરી શકયા છો. મ્હને તમારા પર કુદરતી પ્રેમ આવે છે. તો ચાલો, હું રાક્ષસ પુત્રી મદાલસાનો મેળાપ કરાવું અને બની શકે તો તેનો લગ્નસંબંધ તમારી જોડે થાય તે માટે પ્રયત્ન કરૂં. ડોશીના આ વાકયથી નવિન દ્રશ્ય જોવા સારૂં વીર ઉત્તમકુમાર ડોશીની સાથે ચાલ્યો. તે બંનેએ મદાલસાના મહેલમાં પ્રવેશ કર્યો. આ દિવ્ય આકૃતિવાળા રાજકુમારને જોતાંજ મદાલસાનો પ્રેમ ત્હેના પર જાગૃત થયો. પૂર્વકાળના જાણે બંને સ્નેહિ ન હોય, તેમ ઉત્તમકુમારને પણ મદાલસા તરફ પ્રેમાકર્ષણ થયું. વૃદ્ધાની સંમતિથી બંનેએ ત્યાં ગાંધર્વ લગ્ન કર્યું. પછી ત્રણે જણા તે રાક્ષસનો મહેલ છોડી પસાર થઈ ગયા અને કુબેરદત્તના વહાણમાં ચડી બેઠા. લોકોએ જાણ્યું કે વીર ઉત્તમકુમાર પોતાની બહાદુરીથી રાક્ષસ પુત્રી પરણી લાવ્યો છે, ત્યારે તેમના આનંદનો પાર રહ્યો નહિ. સૌ કોઈ વીર ઉત્તમકુમારની વીરતાના વખાણ કરવા લાગ્યા.

વહાણના માલીક કુબેરદત્તે જ્યારે મદાલસાનું સુંદર રૂપ જોયું ત્યારે તે મોહાંધ બન્યો. તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ, અને હરકોઈ રીતે સ્વરૂપવાન મદાલસા સાથે સ્નેહ બાંધી તેની સાથે લગ્ન કરવાનું તેણે ઈચ્છયું. તે વારંવાર ઉત્તમકુમાર પાસે આવવા લાગ્યો અને વિકારી દ્રષ્ટિથી મદાલસા સામે જોવા લાગ્યો. દુષ્ટ કુબેરદત્તની દુષ્ટતાની મદાલસાને

ખાત્રી થઇ, તેથી તેણે ઉત્તમકુમારને કહ્યું. સ્વામીનાથ, જે કુબેરદત્ત ઉપર ત્હમે વિશ્વાસ રાખો છો, તે કુબેરદત્ત મને દુષ્ટ લાગે છે, માટે તેનાથી તમે સાવધ રહેજો. ઉત્તમકુમારને મદાલસાના શબ્દો પર વિશ્વાસ ન બેઠો, ઉલટું તેણે કહ્યું કે કુબેરદત્ત તો બહુ સારો માણસ છે.

કુબેરદત્ત મદાલસાને જલ્દી મેળવવાના સ્વપ્ના સેવવા લાગ્યો. તેણે વિચાર કર્યો કે જ્યાંસુધી ઉત્તમકુમારનો કાંટો દૂર કરવામાં નહિં આવે, ત્યાંસુધી મદાલસા હું મેળવી શકીશ નહિ. એમ ધારી કુબેરદત્તે ઉત્તમકુમારને પોતાની પાસે બોલાવ્યો અને વાતવાતમાં ઉત્તમકુમારની નજર ચૂકવી દુષ્ટ કુબેરદત્તે તેને ધક્કો મારી સમુદ્રમાં હડસેલી દીધો.

અહાહા ! દુષ્ટ મનુષ્યો પોતાનો હવસ પોષવા, અગર સ્વાર્થ સાધવા શા શા અનર્થો નથી કરતા ! રાક્ષસના મૃત્યુ પંજામાંથી બચાવનાર અને પાણી લાવી આપીને જીવ બચાવનાર વીર ઉત્તમકુમારના ઉપકારનો બદલો દુષ્ટ મનુષ્યો કઈ રીતે આપે છે !

ઉત્તમકુમાર સમુદ્રના અનંત જળમાં પડયો, અને પંચ પરમેષ્ઠિનું સ્મરણ કરવા લાગ્યો. તેવામાં એક મગરમચ્છ તરતો તરતો ત્યાં આગળ આવ્યો અને વીર ઉત્તમકુમારને ગળી ગયો. પણ જ્યાં પુણ્ય પ્રબળ હોય, ત્યાં કોઈ તેનું અહિત કરવા શક્તિમાન નથી. રામ રાખે તેને કોણ ચાખે એ ન્યાયે જ્યારે ઉત્તમકુમાર મગરમચ્છના ઉદરમાં ગયો, તે વખતે કેટલાક માછીમારો સમુદ્ર તીરે જાળ નાખવા આવ્યા. તેમાં આ

મ્હોટો મચ્છ સપડાયો. માછીમારો તેને ઘેર લઈ ગયા અને પેટ ચીરીને જોતાં તેમાંથી ઉત્તમકુમાર જીવતો બહાર નીકળ્યો ! જો કે તે બેશુદ્ધ હતો, પરંતુ માછીમારોએ યોગ્ય ઉપચાર કરી તેને શુદ્ધિમાં આણ્યો. ઉત્તમકુમારનું રૂપ અને તેજસ્વી લલાટ જોઇ તે રાજકુમાર હોય તેવું તેમણે અનુમાન કર્યું. ઉત્તમકુમારે પોતાને મુસાફર રાજકુમાર તરીકે ઓળખાવ્યો અને તે માછીમારોને ત્યાંજ દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

હવે આ તરફ કુબેરદત્તે ઉત્તમકુમારને હડસેલી સમુદ્રમાં ફેંકી દીધો, તેવોજ તે કુબેરદત્ત બુમ પાડી ઉઠયો:-અરે, કોઈ આવો ! બિચારો ઉત્તમકુમાર શરત ચુકથી સમુદ્રમાં પડી ગયો.આ સાંભળી ઘણા માણસો દોડી આવ્યા. મદાલસાએ જ્યારે આ વાત જાણી, ત્યારે એના દુઃખનો પાર રહ્યો નહિ. તે શોકથી કલ્પાંત કરવા લાગી. આખરે સઘળાઓએ તેને સાન્ત્વન આપ્યું. કુબેરદત્તે મદાલસાને શોક નહિ કરવા કહ્યું, પરંતુ મદાલસાને કુબેરદત્તના મીઠા અને કપટી શબ્દો પરથી ખાત્રી થઈ ગઈ કે વીર ઉત્તમકુમારને જરૂર આ પાપી કુબેરદત્તે જ ફેંકી દીધેલ હશે; પરંતુ હવે શું થાય, તેથી મદાલસા મન વાળીને, ઉત્તમકુમારનું સ્મરણ કરતી વખત વ્યતીત કરવા લાગી. બે ચાર દિવસ બાદ દુષ્ટ કુબેરદત્ત મદાલસા પાસે આવ્યો અને કહ્યું. હે સુરૂપે મદાલસા ! હજુપણ ત્હમે ચિંતાતુર બની ઉત્તમકુમારનું રટણ શા માટે કરો છો ? તે તો હવે મૃત્યુ પામ્યો છે, માટે તેની આશા છોડી દ્યો; કેમકે ચિંતાથી આ તમારૂં સુકોમળ શરીર કરમાઇ જશે.

વળી હું તમને તેના કરતાં અધિક રીતે ચાહું છું. મ્હારી લક્ષ્મી તમારે આધીન છે અને હું પણ તમારે આધીન છું. માટે ખુશીથી તમે મારી સાથે લગ્ન કરો. આપણે આનંદથી રહીશું.

કુબેરદત્તના આ શબ્દો સાંભળતાં મદાલસા ક્રોધપૂર્વક બોલી ઉઠીઃ—કુબેરદત્ત, તમે એમ ન સમજતા કે હું તમારે આધીન થઇશ. હું એક વીર રાક્ષસની વીર પુત્રી છું અને વીર કુમારની પત્ની છું. તમારી આશા ફળીભુત થાય એ સ્વપ્ને પણ ન માનતા. સમજ્યા?

મદાલસાનું ક્રોધમિશ્રિત સંભાષણ સાંભળી કુબેરદત્ત ગુસ્સાપૂર્વક બોલી ઉઠયોઃ—ઉદ્ધત છોકરી, મ્હારૂં કહ્યું માનશે તો સારૂં છે. તું સુખી થઈશ, નહિ તો હું બળાત્કારે પણ ત્હારી સાથે લગ્ન કર્યો વગર રહેનાર નથી. જો અહિંયા કોઇ ત્હારૂં છે? બોલ, શો જવાબ આપે છે? હજુ હું તને વિચાર કરવાની થોડીક તક આપું છું.

કુબેરદત્તના દમદાટીભર્યા શબ્દો પર મદાલસાએ વિચાર કર્યો કે આ દુષ્ટ કુબેરદત્ત મ્હારા પર બળાત્કાર કરી મ્હારૂં શિયળ ખંડિત કરશે. માટે કાંઈક યુક્તિપૂર્વક તેને સાન્ત્વન આપું તો સારૂં; એવો વિચાર કરી મદાલસા બોલી :—શેઠજી, તમારૂં કહેવું સત્ય છે. ઉત્તમકુમાર ગયા તો કંઈ ફીકર નથી. કેમકે તમે પણ તેમના કરતાં રૂપમાં જાવ તેવા નથી. ઉત્તમ કુમાર તો નિર્ધન હતા, જ્યારે તમારી પાસે કરોડો રૂપિયાની મિલ્કત છે. ભલે શેઠ, તમારી ઇચ્છાને હું આધીન છું. પણ ઉત્તમકુમારની આપણે ફક્ત દશ દિવસ રાહ જોવી જોઇએ;

કેમકે પાછળથી કોઈ માણુસ આપણા સામે આંગળી ચીંધે નહિ, માટે કૃપા કરી એટલો વખત શાંતિ રાખો. ત્યારબાદ આપણે કોઇ રાજાની સમક્ષ રજા લઇને લગ્નથી જોડાઇશું.

મદાલસાના મધુર શબ્દો પર કુબેરદત્ત આનંદ પામ્યો, અને સમજ્યો કે ખરેખર, દામ કરે કામ, ચમત્કાર વગર નમસ્કાર નહિ, હવે મદાલસા દશ દિવસ પછી મ્હારી થશે, વળી ઉત્તમકુમાર ફરી કયાં આવવાનો છે ? એમ ધારી તેણે મદાલસાનું કહેવું માન્ય કર્યું.

દસ દિવસ થઈ ગયાં, કુબેરદત્તના વહાણો મોટપલ્લી નામના બંદર પર આવી પહોંચ્યા. શરત મુજબ કુબેરદત્ત અને મદાલસા ત્યાંના રાજા નરવર્મા પાસે ગયાં. કુબેરદત્તે નરવર્માને કહ્યું-મહારાજા, હું ભરૂચ બંદરનો ધનાઢ્ય વેપારી છું, વેપાર અર્થે દેશ પરદેશ ફરતાં મ્હને આ સ્રીરત્નની પ્રાપ્તિ થઈ છે. તે સ્રી મ્હારી સાથે લગ્ન કરવા ઇચ્છે છે, તો આપ અનુમતિ આપો; એટલે અમે લગ્નથી જોડાઇએ.

કુબેરદત્તનું આ પ્રમાણે કથન સાંભળી નરવર્મા રાજાએ મદાલસા તરફ દ્રષ્ટિ કરીને કહ્યું. બ્હેન, આ કુબેરદત્ત કહે છે તે સત્ય છે? ત્હમે તેમની સાથે લગ્નથી જોડાવા માગો છો ? આ સાંભળી મદાલસાએ વિચાર કર્યો કે રાજાની દ્રષ્ટિ નિર્વિકારી દેખાય છે, વળી પોતાને બ્હેન તરીકે સંબોધે છે; માટે સત્ય હકીકત કહેવામાં આવશે, તો જરૂર લાભ થશે, એમ ધારી મદાલસા બે હાથ જોડી રાજા પ્રત્યે બોલી-મહારાજા, કુબેરદત્તે આપની પાસે જે વાત કરી તે તદ્દન ખોટી

છે. હું એક રાક્ષસની પુત્રી છું અને વારાણસી નગરીના રાજકુમાર ઉત્તમકુમારને પરણી છું. અમે બંને આ શેઠના વહાણમાં મુસાફરી કરતાં હતાં, તેવામાં મ્હારા પર કુદૃષ્ટિને લીધે કુબેરદત્તે મ્હારા પતિને સમુદ્રમાં ફેંકી દીધા, અને મ્હારા પર બળાત્કાર કરી મ્હારી સાથે પરણવા માગતા; પરંતુ મેં યુક્તિ કરી દસ દિવસની મુદત માગેલી, તે આજે પૂરી થઈ છે. મહારાજા, હું આ દુષ્ટ કુબેરદત્ત સાથે લગ્ન કરવા ઇચ્છતી નથી.

આ સાંભળતાં જ રાજાને આખા શરીરે ક્રોધ વ્યાપી ગયો. તરત જ તેણે માણસો મોકલી કુબેરદત્તના સઘળાં વહાણો અને માલ મિલકત જપ્ત કરાવ્યાં અને કુબેરદત્તને કેદખાનામાં પૂરી દીધો.

નરવર્મા રાજાને ત્રિલોચના નામે એક પુત્રી હતી. રાજાએ મદાલસાને ત્રિલોચનાના સહવાસમાં સોંપી. મદાલસા ત્રિલોચનાને ધર્મનો ઉપદેશ આપી સારી સારી વાતો કહી, દાખલા દલીલોથી તેનું મન રંજન કરતી. ત્રિલોચના મદાલસાના સહવાસથી ખૂબ આનંદ પામી. બંને જણીઓ સંપથી રહી આનંદથી દિવસો વિતાવવા લાગી.

એકવાર ત્રિલોચના પોતાની સખીઓ સાથે બાગમાં રમતી હતી, તેવામાં એક ભયંકર સર્પ ત્યાં આગળ આવ્યો અને ત્રિલોચનાને દંશ દીધો. સર્પના કરડવાથી ત્રિલોચના એકદમ ભયંકર ચીસ પાડી મુર્છાગત બની ગઈ. સઘળી સખીઓ એકાએક ગભરાઈ ગઈ અને એકદમ રાજ મહેલમાં

દોડી જઈ ત્રિલોચનાને સર્પ કરડ્યાની વાત તેમણે મહારાજાને કરી. મહારાજા આ વાત સાંભળી શોકાતુર થયા અને બગીચામાં આવ્યા. મંત્રીઓ અને પ્રજાજનો પણ બગીચામાં દોડી આવ્યા. ત્રિલોચના બેભાન અવસ્થામાં પડી હતી. એક પાલખીમાં નાખી ત્રિલોચનાને રાજમહેલમાં ઉપાડી લાવવામાં આવી. પ્રખ્યાત વૈદ હકીમોને ત્રિલોચનાનું ઝેર ઉતારવા બોલાવવામાં આવ્યા; પરંતુ તેમાંના કોઈપણ તેનું ઝેર ઉતારી શકયા નહિ. રાજા નરવર્મા નિરાશ થયો. ત્યારે એક નિમિત્તિયાએ કહ્યું:–મહારાજા! ગારૂડી વિદ્યાનો જાણનાર કોઈ પુરૂષ હોય તો આ કુમારીનું ઝેર ઉતારી શકશે. એટલે રાજાએ શહેરમાં ઢંઢેરો પીટાવ્યો કે કોઈપણ મનુષ્ય કુમારી ત્રિલોચનાનું ઝેર ઉતારશે તેને રાજા પોતાની પુત્રી ત્રિલોચના પરણાવશે. આ ઢંઢેરો માછીમારને ત્યાં રહેલા ઉત્તમકુમારે સાંભળ્યો એટલે તે રાજદરબારમાં આવ્યો. મહારાજાએ તેનો સત્કાર કરી ત્રિલોચના પાસે બેસાડ્યો. ઉત્તમકુમારે નવકારમંત્ર ગણી રાક્ષસને ત્યાંથી મદાલસા દ્વારા મળેલાં મણિરત્નના પ્રભાવે સર્પનું ઝેર ઉતાર્યું. તરતજ ત્રિલોચના જાગૃત થઈ, અને આળસ મરડી ઉભી થઈ. તેણે પ્રથમ ઉત્તમકુમારને નમન કર્યું, પછી પોતાના પિતાને અને પ્રજાજનોને વંદન કર્યું. મહારાજાએ ધામધૂમપૂર્વક ત્રિલોચનાનું લગ્ન ઉત્તમકુમાર સાથે કર્યું. ઉત્તમકુમાર એક અલાયદા ભવ્ય મહેલમાં ત્રિલોચના સાથે સુખ ભોગવવા લાગ્યો.

હવે પેલો કુબેરદત્ત કેદખાનામાં પૂરાયેલો તેને રાજાએ પોતાની પુત્રી સજીવન થઈ તેની ખુશાલીમાં છુટો કર્યો. કુબેરદત્ત

શહેરની શોભા અવલોકવા થોડોક વખત ત્યાં રહ્યો. તેવામાં આ ઉત્તમકુમાર તેના જોવામાં આવ્યો. તરતજ તે ચમક્યો અને બોલી ઉઠયો–અહા, આ ઉત્તમકુમાર અહિં ક્યાંથી? મેં તેને સમુદ્રમાં ફેંકી દીધો, તોય તે જીવતો બહાર નીકળ્યો! વધુ તપાસ કરતાં તેને જણાયું કે તે મહા-રાજા નરવર્માનો જમાઈ થયો છે, ત્યારે તેનામાં એકદમ ઈર્ષાગ્નિ વ્યાપી ગયો અને કોઈ રીતે તેનું વેર વાળવાનો તેણે નિશ્ચય કર્યો.

કુબેરદત્ત ફરતો ફરતો શહેર બહારના એક બગીચામાં આવ્યો. ત્યાં એક માલણ ફૂલો ચુંટતી હતી. કુબેરદત્ત તે માલણ પાસે ગયો અને કહ્યું:–બ્હેન, તું કોણ છું? અને શું કામ કરે છે? માલણે કહ્યું:–હું માળણ છું અને નાગરીક જનોને ફૂલ આપવાનું કામ કરૂં છું.

કુબેરદત્ત–તું કોઈ દહાડો રાજાના મંત્રીને ત્યાં ફૂલ આપવા જાય છે?

માલણ–હા. ઘણી વખત હું રાજમંદિરમાં, રાજાના મંત્રીને ત્યાં અને મોટા મોટા ધનિકોને ત્યાં ફૂલ આપવા જાઉં છું.

કુબેરદત્ત–તું રાજાના જમાઈને ઓળખે છે?

માલણ–હા. તેમના લગ્ન ત્રિલોચના સાથે હમણાજ થયા છે. હું તેમને ત્યાં ઘણીવાર ફૂલ આપવા જાઉં છું.

કુબેરદત્ત—બાઈ, જો સાંભળ. તે રાજાનો જમાઈ ઉત્તમ-કુમાર મારો દુશ્મન છે. હું જે કામ કરવા ધારૂં છું તે તારી

મારફત થશે એવી મને સંપૂર્ણ ખાત્રી છે. લે, આ સુવર્ણનો હાર. મ્હારૂં કામ કરી શકશે ?

સુવર્ણ દેખી કોનું મન ન ચળે ? માલણ તો હારને દેખી ખુશખુશ થઈ ગઈ અને બોલી–શેઠ સાહેબ, તમારૂં કામ ગમે તેવું અઘરૂં હશે, તથાપિ હું પ્રાણાંતે પણ બજાવીશ. બોલો શેઠ, આપની શી ઈચ્છા છે ?

કુબેરદત્તે કહ્યું. મ્હારી એવી ઈચ્છા છે કે મ્હારા દુશ્મન ઉત્તમકુમારને કોઈપણ યુક્તિથી તારે મારી નાખવો. બોલ, કઈ યુક્તિવડે તું તેને પ્રાણરહિત કરીશ ?

જવાબમાં માલણ બોલીઃ શેઠ, અત્યારેજ હું ઉત્તમકુમારને મ્હેલે જઈશ. ત્રિલોચના રોજ સવારમાં તેની બ્હેનપણીને ત્યાં બેસવા જાય છે. વળી ત્યાં જઈને ફૂલનો એક ગુચ્છ હું ઉત્તમકુમારના હાથમાં આપીશ. તે ગુચ્છમાં હું એક ઝેરી સૂક્ષ્મ સર્પ મૂકીશ. જેવોજ તે રાજકુમાર ફૂલનો ગુચ્છ હાથમાં લેશે, કે તરતજ પેલો સાપ તેને દંશ દેશે, પરિણામે તમારો વેરી ઉત્તમકુમાર પ્રાણ રહિત બનશે.

ઓહોહો ! ઘણીજ સરસ યુક્તિ, એમ કહી કુબેરદત્તે માલણના હાથમાં એક સુવર્ણ મુદ્રિકા આપતાં કહ્યું. બાઈ, સત્વર જા અને કાર્ય સિદ્ધ કરી મને ખબર આપ.

માલણ ફૂલનો ગુચ્છ છાબડીમાં ઘાલી રાજમંદિરમાં ગઈ અને ઉત્તમકુમારના મ્હેલમાં આવી. ઉત્તમકુમાર વસ્ત્રાલંકાર પહેરી બહાર જવાની તૈયારી કરતો હતો, તેવામાંજ માલણે તેના હાથમાં પુષ્પનો ગુચ્છ આપ્યો. ઉત્તમકુમાર તે

ગુચ્છની સુંદરતા જોતો હતો, તેવામાં તેમાં રહેલો સૂક્ષ્મ સર્પ એકદમ બહાર નીકળી કુમારના હાથ પર ડંશ્યો. કુમાર કારમી ચીસ નાખી મુર્છાગત બની ગયો.

હવે તે જ ગામમાં એક અનંગસેના નામે વેશ્યા રહેતી હતી. તેણે પોતાની કળા અને ચેષ્ટાથી મોટા મોટા ધનિકો અને અમલદારોને વશ કર્યા હતા. એકવાર રાજસભામાં તેણે ઉત્તમકુમારનું રૂપ દેખી તેને વશ કરવાનો નિશ્ચય કર્યો, તેથી તે અવારનવાર રાજ્યમંદિરમાં આવતી, અને ઉત્તમકુમારને એકાંતમાં મળવાની તક શોધતી. માળણના ગયા પછી તે ઉત્તમકુમારના મહેલ આગળથી નીકળી, તે વખતે કોઈજ પહેરેગીર ત્યાં જોવામાં આવ્યો નહિ, તે તકનો લાભ લઈ અનંગસેના ઉત્તમકુમારના રાજમહેલમાં પેઠી. ઉપર જઈ તપાસ કરે છે, ત્યાં તો તેણે તેજસ્વી ઉત્તમકુમારને મૃતવત્ અવસ્થામાં જોયો. તે ચમકી અને બારીકાઈથી નિરીક્ષણ કરતાં તેને જણાયું કે ઉત્તમકુમારને સર્પ કરડયો લાગે છે. એટલે અનંગસેના વેશ્યાએ પોતાની પાસેથી એક મણિ કાઢયો. તેનો સ્પર્શ કરતાં આ દિવ્ય કુમાર જાગૃત થઈ બેઠો થયો. તેણે પ્રસન્ન થઈ વેશ્યાને વચન માગવાનું કહ્યું. વેશ્યાએ કહ્યું:—દિવ્યકુમાર, હું તમારાં રૂપ પર મોહ પામી છું, માટે મારી સાથે લગ્ન કરો અને સદાય મારી સાથે રહેો. કુમાર આ સાંભળી સ્તબ્ધ બન્યો. વેશ્યા બોલી:—કુમાર, ક્ષત્રિયોનું એકજ વચન હોય. મેં તમને જીવતદાન આપ્યું, તેના બદલામાં મારી આટલી માગણી તમારે સ્વીકારવી જોઈએ. કર્મને વશ બની કુમારે તેની માગણી સ્વીકારી; એટલે વેશ્યાએ તરત

ઉત્તમકુમારને ગળે એક દોરો બાંધ્યો, તેના પ્રભાવે ઉત્તમકુમાર મનુષ્ય મટી પોપટ થઇ ગયો. પોપટને પોતાના વસ્ત્રના છેડામાં સંતાડી, અનંગસેના રાજમહેલમાંથી નીકળી પોતાને ઘેર આવી પહોંચી. જમાઇને પોતાને ત્યાં રાખ્યાની મહારાજાને ખબર પડે તો મહારાજા વેશ્યાની દુર્દશા કરે, તેથી વેશ્યા દિવસે ઉત્તમકુમારને પોપટ બનાવી આખો દિવસ પાંજરામાં પૂરી રાખે, અને રાત્રિ થતાં પેલો દોરો છોડી તેને રાજકુમાર બનાવે અને તેની સાથે પ્રેમપૂર્વક રાત્રિ પસાર કરે. આમ કેટલાક દિવસ સુધી ચાલ્યું.

આ તરફ કુમાર એકાએક ગૂમ થયો હોવાથી રાજાને તેની ખૂબ ચિંતા થઈ. તેણે તમામ ઠેકાણે માણસો મોકલી તપાસ કરાવી; પરંતુ ક્યાંઇ કુમારનો પત્તો લાગ્યો નહિ. એટલે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ રાજાના જમાઈ ઉત્તમકુમારની શોધ લાવી આપશે, તેને રાજા પોતાનું આખું રાજ્ય આપી દેશે. તેમજ તે જ ગામના એક નગરશેઠ, પોતાની પુત્રી સહસ્રકળા માટે વરની તપાસ કરે છે તે શેઠ પણ સ્વેચ્છાએ પોતાની કન્યા તેને પરણાવશે.

હવે વેશ્યાને ત્યાં પાંજરામાં પૂરાયેલો પોપટરૂપે ઉત્તમકુમાર, એકવાર પાંજરૂં ઉઘાડું રહી જવાથી ઉડ્યો અને ફરવા લાગ્યો. તેવામાં રાજા તરફથી ઉપર મુજબ ઢંઢેરો ફેરવાતો સાંભળી પોપટ તે માણસો પાસે આવ્યો અને આકાશમાં રહ્યો રહ્યો બોલ્યો:—તમારા રાજાને જઇને કહો કે હું રાજાના જમાઈની શોધ કરી આપીશ. પોપટનું આવું સંભાષણ સાંભળી તે માણસોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ

પરસ્પર બોલવા લાગ્યાઃ—અહા ! આ કઈ જાતનો પોપટ કે મનુષ્યની ભાષા બોલે છે, અને કહે છે કે હું રાજાના જમાઈની ખબર આપું. રાજાના માણસો આ કૌતુક જોઈને એકદમ ત્યાંથી દોડી જઈ રાજમંદિરમાં આવ્યા અને દિવ્ય પોપટની વાત કરી. રાજાએ તે પોપટને રાજમંદિરમાં લાવવાનું કહ્યું. પોપટ રાજમંદિરમાં આવ્યો. રાજા, પ્રધાનમંત્રીઓ, નોકર ચાકરો, પ્રજાજનો સૌ રાજસભામાં એકત્ર મળ્યાં છે. સર્વ મેદની સમક્ષ પોપટે, વારાણસી નગરીમાંથી ઉત્તમકુમાર દેશાટન માટે નીકળ્યો ત્યાંથી શરૂઆત કરીને અનંગસેના વેશ્યા ઉત્તમકુમારને પોતાને ઘેર લઈ ગઈ ત્યાં સુધીનું સવિસ્તર વર્ણન કરીને કહ્યુંઃ—મહારાજા ! ઉત્તમકુમાર, વેશ્યાને ત્યાં ખુશીમાં છે. હ્યો બસ મહારાજા, આપો મને તમારૂં રાજ્ય અને પરણાવો તે શેઠની કન્યા.

આ સાંભળી મહારાજા બોલ્યાઃ—શુકરાજ ! ત્હમે કહો છો તે સત્ય છે કે કેમ, તેની અમારે ખાત્રી કરવી જોઈએ. જવાબમાં શુકરાજ બોલ્યો, મહારાજા, મ્હારો વિશ્વાસ ન હોય તો કંઈ નહિ, હ્યો હું રજા લઉં છું. એમ કહી પોપટ ઉડવા લાગ્યો, તરત મદાલસા ઉભી થઈ અને બોલીઃ—શુકરાજ, કૃપા કરી ન જશો, અમને પૂરી ખાત્રી આપતા જાવ. મદાલસાના કહેવાથી શુકરાજ ઉભો રહ્યો અને બોલ્યોઃ—મહારાજા, હું કહું છું તે સાચું ન લાગતું હોય તો વેશ્યાને ત્યાં તપાસ કરાવો. તરતજ રાજા નરવર્મીએ વેશ્યાને ત્યાં માણસો દોડાવ્યા. તેઓએ વેશ્યાના આખા ઘરની જડતી લીધી, પણ ઉત્તમકુમારની ભાળ મળી નહિ. માણસો નિરાશ થઈ પાછા આવ્યા અને કહ્યુંઃ

મહારાજા, તેને ત્યાં તો કોઇ નથી. મહારાજાએ શુકરાજ સામે જોઈને કહ્યું: કેમ શુકરાજ, આપનું વચન અસત્ય હોય તેમ લાગે છે.

તરતજ શુકરાજે કહ્યું: મહારાજા, ઉત્તમકુમાર હું પોતેજ છું. વેશ્યાએ મને મંત્રપ્રયોગ કરી પોપટ બનાવી દીધો છે. આ મારા કંઠે બાંધેલો દોરો તોડી નાખો એટલે આપોઆપ જણાઇ આવશે. તરતજ રાજા ઉભો થયો અને તેના કંઠે બાંધેલો કાળો દોરો તેણે તોડી નાખ્યો. તરતજ પોપટ ઉત્તમકુમાર રૂપે થઈ ગયો. સઘળાં લોકો આશ્ચર્યચકિત થઇ ગયા. ઉત્તમકુમારે કુબેરદત્ત, માળણ અને અનંગસેના વેશ્યાને માફી આપી. અને ઉત્તમકુમાર ત્રિલોચના, મદાલસા, સહસ્રકળા અને અનંગસેના એ ચાર સ્ત્રીઓને પરણ્યો અને સુખ ભોગવવા લાગ્યો. મહારાજા નરવર્મા પોતાનું રાજ્ય ઉત્તમકુમારને સોંપી આત્મકલ્યાણ કરવા દીક્ષા લઈ જંગલમાં ચાલ્યા ગયા. પછી ઉત્તમકુમાર પોતાની સ્ત્રીઓ સાથે વારાણસી નગરીમાં આવી માતાપિતાને મળ્યો. મહારાજા મકરધ્વજ વારાણસીનું રાજ્ય ઉત્તમકુમારને સોંપી તપ કરવા જંગલમાં ચાલ્યા ગયા. પોતાના પરાક્રમ વડે ઉત્તમકુમારે પોતાના રાજ્યની હદ ખૂબ વિસ્તારી. સત્ય, ન્યાય અને નીતિપૂર્વક રાજ્ય ચલાવી તે પ્રજાપાલક તરીકે પંકાયો.

એક વાર એક જૈન મહાત્મા વારાણસીમાં પધાર્યા. ઉત્તમકુમાર પોતાની સ્ત્રીઓ સાથે વંદન કરવા ગયો. મુનિએ ધર્મબોધ આપતાં કહ્યું:—હે ભવ્ય જીવ! પૂર્વના અશુભ કર્મ વડે જીવને સંસારમાં ભમવું પડે છે. મહાન પુણ્યકર્મ વડે

પ્રાપ્ત થયેલો આ મનુષ્ય ભવ, ઉત્તમ કુળમાં અવતાર, જૈનધર્મ અને મુનિ મહાત્માનો સત્સંગ અનંતકાળે પણ મળવો દુર્લભ છે. માટે આવેલી તકનો સદુપયોગ કર અને આ મુંઝાઈ પડેલી દુનીયાનાં દુઃખાગારમાંથી છુટી આત્મકલ્યાણ સાધી લે, એજ મારો ત્હને અંતિમ ઉપદેશ છે.

મુનિનો ઉપદેશ ઉત્તમકુમારના હૃદયમાં સોંસરો ઉતરી ગયો. તરતજ તેણે સંસારને અસાર જાણી તેનો ત્યાગ કર્યો અને આત્મકલ્યાણને પંથે વળ્યો. ખૂબ તપશ્ચર્યાઓ કરી, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પંચ મહાવ્રતનું એકાગ્ર રીતે પાલન કરી ઉત્તમકુમાર દેવલોકમાં ગયો, ત્યાંથી મહાવિદેહમાં જન્મ ધરી તેજ ભવમાં ઉત્તમકુમાર સર્વ કર્મથી રહિત બની શાશ્વત સિદ્ધગતિને પ્રાપ્ત કરશે. ધન્ય છે, ઉત્તમકુમાર જેવા ધીર, વીર મહાશયને ! સૌ તેમની માફક સત્ય અને નીતિથી વર્તી આત્મકલ્યાણ સાધવાનો પ્રયત્ન કરે એજ અંતિમ ઇચ્છા.

શાંતિઃ શાંતિઃ શાંતિઃ